


પેજ-08
ગ્લેમરસ 'પૂ' થી સીરિયસ 'ડિટેક્ટિવ' સુધી...

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
મેસી અને મિયામી સાન ડિએગો સામે રહી ગઈ છે બે બેથી ડ્રો....




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 36.00 | 27.00 |
| વડોદરા | 34.00 | 27.00 |
| સુરત | 32.00 | 27.00 |

પેજ 5




TATA.CARS દ્વારા ટાટા સિયેરા લીજેન્ડ સિરીઝ લોન્ચ....


22 SEPTEMBER-2026 TUESDAY


ઇટાલીની તમામ સ્કૂલોમાં બુરખા હિજાબ પર પ્રતિબંધ મુકાશે : મેલોની



પેજ 10

.....સુવિચાર.....

'લોકોની ટીકાથી તમારો માર્ગ ન બદલતા કારણ કે,સફળતા શરમ થી નહીં સાહસથી જ મળશે!'


વર્ષ-15 I અંક-308 I વિક્રમ સંવત-2082 I ભાદરવા સુદ - 11 I પાના-12 I કિંમત 3/- I અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# ભાગલપુરમાં મોટી દુર્ઘટના : ગંગા નદીમાં ડૂબી જતાં 6 બાળકોના કમકમાટીભર્યા મોત

(એજન્સી) બિહાર | તા. 21

બિહારના ભાગલપુરમાં કરમા-ધરમા પૂજા નિમિત્તે ગંગા નદીમાં સ્નાન કરવા ગયેલા 6 બાળકોના ડૂબી જવાથી કરુણ મોત થયા છે. સુલતાનગંજ નગર પરિષદના વિષ્ણુ ટોલાના આ બાળકો નારાયણપુર દિયારા ખાતે ઊંડા પાણીમાં ઉતરી ગયા હતા. 12 વર્ષીય પૂજા, જ્યોતિ, મિન્કી, રાહુલ, આયુષ અને વિકાસના નિધનથી સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. બિહારના ભાગલપુરથી એક હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. અહીં ગંગા નદીમાં ડૂબી જવાથી 6 બાળકોના મોત થયા છે. તમામ બાળકો કરમા-ધરમા પૂજા માટે સ્નાન કરવા નારાયણપુર દિયારા ગયા હતા. સુલતાનગંજ નગર પરિષદ વિસ્તારના વોર્ડ નંબર 27 સ્થિત વિષ્ણુ ટોલાના છ બાળકો કરમા-ધરમા પૂજા નિમિત્તે સ્નાન કરી રહ્યા હતા, આ દરમિયાન તમામ બાળકો ઊંડા પાણીમાં ઉતરી ગયા અને ડૂબી ગયા. આ અકસ્માતમાં છ બાળકોના મોત થયા છે.



### બાળકોના મૃત્યુ બાદ સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું

મૃતક બાળકોની ઓળખ પૂજા, જ્યોતિ, મિંકી, રાહુલ, આયુષ અને વિકાસ તરીકે કરવામાં આવી છે. તેઓ સુલતાનગંજ મ્યુનિસિપલ કાઉન્સિલના વોર્ડ નંબર ૨૭માં આવેલા વિષ્ણુ ટોલાના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. આ દુર્ઘટનાના સમાચાર મળતાં જ બાળકોના પરિવારોમાં અફરાતફરી અને શોકનું વાતાવરણ સર્જાયું હતું. છ બાળકોના મૃત્યુને પગલે સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, બાળકો પૂજા સાથે નહાવા માટે પૂરના પાણીમાં ગયા હતા.

## રાજસ્થાન ચૂંટણી : પાલિકા, પરિષદ, નિગમોમાં ભાજપની જીત

(એજન્સી) રાજસ્થાન | તા. 21

રાજસ્થાન શહેરી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપે ભવ્ય વિજય મેળવ્યો છે. 309માંથી 301 સંસ્થાઓના જાહેર થયેલા પરિણામોમાં ભાજપે 199 બોર્ડ બનાવ્યા છે, જ્યારે કોંગ્રેસને 94 મળ્યા છે. 7 નગર નિગમોના મેયર પદમાંથી ભાજપે 6 જીત્યા છે. જયપુર, જોધપુર અને કોટાના પરિણામો 25 સપ્ટેમ્બરે આવશે. રાજસ્થાનમાં શહેરી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું ચિત્ર હવે સ્પષ્ટ થઈ ગયું છે. રાજ્યની 309 સ્થાનિક સંસ્થાઓમાંથી 301ના પરિણામો જાહેર થઈ ચૂક્યા છે, જેમાં ભારતીય જનતા પાર્ટી(BJP)એ જબરદસ્ત સરસાઈ મેળવીને 199 સંસ્થાઓમાં પોતાનું બોર્ડ બનાવ્યું છે. જ્યારે કોંગ્રેસે 94 સંસ્થાઓમાં બોર્ડ બનાવ્યા છે. બંને પક્ષો વચ્ચે 105 સંસ્થાઓનું મોટું અંતર જોવા મળ્યું છે અને હવે માત્ર 8 સંસ્થાઓના પરિણામો બાકી છે.

## 2000 વર્ષ જૂનો લોખંડનો વિશાળ ખજાનો



## ઓસ્ટ્રિયાની ડેન્યુબ નદીમાંથી યુરોપનો પ્રાચીન ખજાનો મળ્યો

(એજન્સી) ઓસ્ટ્રિયા | તા. 21

ઓસ્ટ્રિયાની ડેન્યુબ નદીમાંથી યુરોપનો સૌથી મોટો પ્રાગૈતિહાસિક લોખંડનો ખજાનો મળી આવ્યો છે. ૨૦૧૯માં, કાંકરી કાઢવાનું કામ કરતા મજૂરોને લોખંડના ૫૦૦થી વધુ સળિયા મળી આવ્યા હતા.

સંશોધન સૂચવે છે કે આ ખજાનો ૨,૨૦૦ વર્ષ જૂનો છે. આશરે એક ટન વજન ધરાવતું આ લોખંડ ૫૦૦ તલવારો બનાવવા માટે પૂરતું હતું. પુરાતત્વવિદો આને લોહ યુગની એક દુર્લભ શોધ માને છે. ૨૦૧૯માં ઓસ્ટ્રિયાની ડેન્યુબ નદીમાં કાંકરી કાઢવાની કામગીરી ચાલી રહી હતી ત્યારે મજૂરોને પાણીની અંદર એક વિશાળ અને અસામાન્ય ખજાનો મળી આવ્યો. નદીના તળિયેથી અણીદાર લોખંડના સેંકડો સળિયા બહાર કાઢવામાં આવ્યા હતા.

### આ કોઈ સામાન્ય લોખંડ નહોતું

સંશોધનમાં પુષ્ટિ થઈ છે કે આ ખજાનો લગભગ ૨,૨૦૦ વર્ષ જૂનો છે. તેને યુરોપમાં લોહ યુગની લોખંડ સંબંધિત સૌથી મહત્વપૂર્ણ શોધ માનવામાં આવે છે. આ ખજાનો એટલો વિશાળ હતો કે તેનાથી આખી સેનાને શસ્ત્રોથી સજ્જ કરી શકાય તેમ હતું. આ દુર્લભ શોધે પ્રાચીન યુરોપમાં વેપાર અને શસ્ત્ર નિર્માણના ઇતિહાસ પર પ્રકાશ પાડ્યો છે. ઇન્સબ્રુક યુનિવર્સિટીના પુરાતત્વવિદ પીટર ટ્રેબશેએ ફ્રેન્ચ સંશોધક મેરિયન બેરેન્જર સાથે મળીને આ પ્રોજેક્ટ પર કામ કર્યું અને ખજાનાની તપાસ કરી.

## Quick Read

### સોનિયા ગાંધીને મોટો ઝટકો, મતદાર યાદી મામલે જૂનો આદેશ રદ

નવી દિલ્હી | સોનિયા ગાંધીનું નામ વોટર લિસ્ટમાં સામેલ કરવા સંબંધિત મામલામાં દિલ્હીની અદાલતે મેજિસ્ટ્રેટના જૂના આદેશને રદ કરી દીધો છે. દાન કરનાર વિકાસ ત્રિપાઠીનો આક્ષેપ છે કે, સોનિયા ગાંધીનું નામ 1980ની મતદાર યાદીમાં ઉમેરવામાં આવ્યું હતું, જ્યારે તેમણે ભારતીય નાગરિકતા 1983માં મેળવી હતી. તેમણે કથિત બોગસ દસ્તાવેજોના ઉપયોગનો આક્ષેપ કરીને FIR નોંધવાની માંગ કરી હતી. મેજિસ્ટ્રેટે અગાઉ આ માંગ ફગાવી દીધી હતી. હવે સ્પેશિયલ જજ વિશાલ ગોગનેએ કેસ ફરીથી ACJM કોર્ટમાં મોકલી આપ્યો છે. ત્યાં 29 સપ્ટેમ્બરે નવેસરથી સુનાવણી થશે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીને વોટર લિસ્ટમાં નામ ઉમેરવાના કેસમાં કોર્ટ તરફથી મોટો આંચકો લાગ્યો છે. દિલ્હીની એક અદાલતે મેજિસ્ટ્રેટના તે આદેશને રદ કરી દીધો છે, જેમાં મામલાની તપાસ માટે FIR નોંધવાનો આદેશ આપવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો.

### વિવેક તિવારી હત્યાકાંડને લઈને ચુકાદો, પોલીસ કોન્સ્ટેબલ પ્રશાંત ચૌધરીને 10 વર્ષની સજા

લખનૌ | લખનૌના ચર્ચિત વિવેક તિવારી હત્યા કેસમાં મુખ્ય આરોપી અને પોલીસ કોન્સ્ટેબલ પ્રશાંત ચૌધરીને જિલ્લા ન્યાયાધીશે દસ વર્ષની જેલની સજા સંભળાવી છે. લખનૌના ચર્ચિત વિવેક તિવારી હત્યા કેસમાં મુખ્ય આરોપી અને પોલીસ કોન્સ્ટેબલ પ્રશાંત ચૌધરીને જિલ્લા ન્યાયાધીશે દસ વર્ષની જેલની સજા સંભળાવી છે. કોર્ટે આરોપીને 'હત્યા ન ગણાય તેવી ગુનાહિત હત્યા' માટે દોષિત ઠેરવ્યો હતો. કોન્સ્ટેબલ પ્રશાંત પહેલેથી જ આઠ વર્ષથી જેલમાં છે. કોર્ટે 17 સપ્ટેમ્બરના રોજ આરોપીને દોષિત ઠેરવ્યો હતો. આ કેસના અન્ય આરોપી કોન્સ્ટેબલ સંદીપ કુમારને કોર્ટે નિર્દોષ જાહેર કર્યા હતા. 29 સપ્ટેમ્બર 2018ની મોડી રાત્રે, એપલના મેનેજર વિવેક તિવારી લખનૌના ગોમતી નગર એક્સ્ટેંશન વિસ્તારમાં તેમની મહિલા સહકર્મી સના ખાન સાથે કારમાં પરત ફરી રહ્યા હતા.

### ODISHA માં ડીપ ડિપ્રેશનને લઈ તંત્ર ખડેપગે... ભારે વરસાદને પગલે માછીમારોને દરિયામાં ન જવા સૂચના

ઓડિશા | ઓડિશામાં વહીવટીતંત્ર હવામાનને લઈને એલર્ટ મોડ પર આવી ગયું છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર, સમુદ્રમાં ચક્રવાતને બદલે 'ડીપ ડિપ્રેશન' સર્જાઈ રહ્યું છે. ઓડિશામાં વહીવટીતંત્ર હવામાનને લઈને એલર્ટ મોડ પર આવી ગયું છે. રાજ્યના મુખ્ય સચિવ અનુ ગર્ગે જણાવ્યું હતું કે, ભારતીય હવામાન વિભાગ અનુસાર, સમુદ્રમાં ચક્રવાતને બદલે 'ડીપ ડિપ્રેશન' સર્જાઈ રહ્યું છે. આ સિસ્ટમને કારણે રાજ્યના 11 જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદ થવાની સંભાવના છે. મુખ્ય સચિવે જણાવ્યું હતું કે આ હવામાન પ્રણાલીની અસર લગભગ બે દિવસ સુધી રહેવાની શક્યતા છે. આને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે અસરગ્રસ્ત જિલ્લાઓના વહીવટીતંત્રને સંપૂર્ણ સતર્ક રહેવાની સૂચના આપી છે.

### ટ્રેન 9 કલાક મોડી પડી એટલે મુસાફરે કર્યો કેસ, હવે રેલવે ચૂકવશે 35000 રૂપિયા વળતર

ઝારખંડ | ટ્રેનની ટિકિટ લઈને મુસાફરી શરૂ કરનાર મુસાફર માટે વિલંબનો અર્થ માત્ર થોડી મિનિટો કે કલાકોની રાહ જોવી જ નથી હોતો. ઘણીવાર તેના કારણે આગળનું આખું આયોજન ખોરવાઈ જાય છે, જરૂરી કામો ચૂકી જવાય છે, અને કલાકો સુધી સ્ટેશન કે ટ્રેનમાં જ સમય વિતાવવો પડે છે. જો આવો વિલંબ ખૂબ લાંબો હોય અને રેલવે તેનું નક્કર કારણ પણ ન આપી શકે, તો શું મુસાફર વળતરની માંગ કરી શકે છે? ઝારખંડના એક કેસમાં કન્ઝ્યુમર કમિશનના ચુકાદાએ આ સવાલને ફરી ચર્ચામાં લાવી દીધો છે. આ મામલો 23 સપ્ટેમ્બર 2024નો છે. સંજય કુમારે ટાટાનગરથી સંબલપુર જવા માટે '12871 ઇસ્પાત એક્સપ્રેસ'માં બે સ્લીપર ટિકિટ બુક કરાવી હતી. ટ્રેનને સવારે 10:18 વાગ્યે ટાટાનગરથી રવાના થવાનું હતું અને તે જ દિવસે સાંજે 3:50 વાગ્યે સંબલપુર પહોંચવાનું હતું. પરંતુ ટ્રેન નિયત સમયે ગંતવ્ય સ્થાને પહોંચી ન હતી.




# ગોંડલની જનતાએ 30 વર્ષના દબાણ અને ગુંડાગર્દીમાંથી મુક્તિ મેળવવા સત્તા પરિવર્તન કરવું પડશે: જીગીશા પટેલ

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ તથા ખેડૂત નેતા જીગીશા પટેલે એક વીડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, ગોંડલ તાલુકામાં ગુંડા તત્ત્વોની અધ્યક્ષતામાં ભાદરકાંઠાના ખેડૂતો માટે એક મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટિંગનો હેતુ એવો હતો કે ભાદર ડેમમાંથી સિંચાઈનું પાણી વાપરવાની ના પાડી દેવાઈ હતી, એટલે જ આ મીટિંગ રખાઈ હતી. મીટિંગમાં એવું કહેવામાં આવ્યું કે "અમે કહીશું એટલે હવે સિંચાઈનું પાણી આપી દેવામાં આવશે અને સરકારી મંડળીઓના ટ્રાન્સફોર્મર પણ અમે કહીશું એટલે નહીં ઉતારે." પણ મારે તમને એ સમજાવવું છે કે PGVCL અને સિંચાઈ ખાતું કોણ ચલાવે છે? સરકાર. અને સરકાર કોની છે? ભારતીય જનતા પાર્ટીની. ખેડૂતોને સિંચાઈનું પાણી ન લેવાનું ફરમાન કોણ કરે છે? સરકાર. ખેડૂતો પર દબાણ ઊભું કોણ કરે છે? સરકાર. દબાણ ઊભું કરીને મીટિંગનું આયોજન પણ સરકાર જ કરે છે, જેથી વોટ મેળવી શકાય.



સરકારી ખાતાઓ પણ સરકાર કહે તેમ જ કરે છે. પહેલાં ખેડૂતોને હેરાન કરવા પાણી બંધ કરાવ્યું અને પછી પોતે જ આવીને પાણી આપવાની વાતો કરે છે. મીટિંગમાં તમે વાત કરી કે સુલતાનપુરની ભૂલ થઈ ગઈ. કઈ રીતે ભૂલ થઈ? તો, સુલતાનપુરની તાલુકા પંચાયતની સીટમાં ભાજપની જગ્યાએ આમ આદમી પાર્ટીને જીતાડી. તમે ત્યાં એવી વાત કરી કે "તમે લોકો મને ઓળખો છો ને?" હા ગોંડલની જનતા તમને ખૂબ સારી રીતે ઓળખે છે. તમે કેવા કાંડ અને ભ્રષ્ટાચાર કર્યા છે, રોડ-રસ્તાના પૈસા ખાઈ ગયા છો, કેટલાય બે નંબરના ધંધાઓને પ્રોત્સાહન આપો છો અને જે હત્યાઓ થઈ છે, તેના આરોપી પણ તમે જ છો. ગોંડલની જનતા આ બધું જ ખૂબ સારી રીતે જાણે છે તમને. વધુમાં આમ આદમી પાર્ટીના ખેડૂત નેતા જીગીશા પટેલે જણાવ્યું હતું કે, બીજી વાત મારે એ કરવી છે કે આ મીટિંગમાં મત માંગવાની વાત કોણે કરી? તમે કહ્યું કે "સિંચાઈનું પાણી ન વાપરવાનું જે ફરમાન છે તે અમે રદ કરાવી દેશું, બદલામાં તમે અમને મત આપો." તો તમે ખેડૂતોના પ્રશ્નો ઉકેલવા ગયા હતા કે મત માંગવા? પાણી બંધ કરનાર અને ટીસી ઉતારવાની વાતો કરનાર ખાતાઓ ભાજપ સરકારના જ છે. ખેડૂતો મૂર્ખ નથી, તેઓ બધું સમજે છે. મને ગામેગામથી ખેડૂતોએ ફોન કરીને કહ્યું છે કે દરેક વખતે ચૂંટણી વખતે એમને ધમકી આપવામાં આવે છે કે જો મત નહીં મળે તો કનેક્શન કાપી નાખીશું. આ ઉપરાંત, "ગોરધનભાઈ ઝડફિયા મારા ખૂબ સારા મિત્ર હતા. હું ઘણીવાર તેમની પાસેથી માર્ગદર્શન લેતા અને સરકારના કામો માટે ફોન કરતો." જો તમે ગોરધનભાઈ ઝડફિયા પાસેથી માર્ગદર્શન લેતા હોવ તો આ વખતે તમારા એ ખૂબ સારા મિત્ર ગોરધનભાઈ ઝડફિયા માટે ગોંડલમાંથી ભારતીય જનતા પાર્ટીની વિધાનસભાની ટિકિટ લઈ આવો. પણ આ તમારાથી થશે નહીં, કારણ કે તમે સત્તાના લાલચુ છો અને સત્તા તમારા હાથમાંથી છૂટી ન જાય તેનો તમને ડર છે.

## ચાલુ વરસાદમાં સિમેન્ટનો રોડ બનાવવાની ઉતાવળ બાદ 'આપ' નેતા ધાર્મિક માથુકિયાએ ઉઘડો લીધો

અમદાવાદ | આમ આદમી પાર્ટીના વિદ્યાર્થી પાંખ ASAP ના ગુજરાત પ્રદેશ પ્રમુખ ધાર્મિક માથુકિયાએ એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ધોરાજીમાં તંત્રને જૂતાનો હાર પહેરાવવામાં આવે, એવું કામ એ લોકોએ કર્યું છે. અમને સમજાયું નહીં કે ધોરાજીના તંત્રને ચાલુ વરસાદમાં સિમેન્ટનો રોડ બનાવવાની શું ઉતાવળ હતી? જ્યાં પાણી ભરાયેલું છે એવી જગ્યા ઉપર તંત્રએ રોડ બનાવવાનું કામ ચાલુ રાખ્યું હતું. તો આટલી ઉતાવળ શા માટે હતી અને બીજો સવાલ એ પણ પેદા થાય છે કે ત્યાં કોઈ સુપરવાઈઝર હતું કે નહીં? અને જો સુપરવાઈઝર હાજર હતા તો તેમને ખ્યાલ ન હતો કે ચાલુ વરસાદમાં રોડ ન બનાવાય?વધુ આમ આદમી પાર્ટીના નેતા ધાર્મિક માથુકિયાએ જણાવ્યું હતું કે, આ તમામ ગંભીર બાબતો સવાલ ઉભા કરે છે કે જે લોકો દ્વારા ભૂલ થઈ છે અથવા તો જે લોકો દ્વારા જાણી જોઈને ચાલુ વરસાદમાં રોડ બનાવવાનું કામ કરવામાં આવી રહ્યું છે એ તમામ લોકો સામે ગંભીર પગલાં લેવા જોઈએ. કારણ કે ભવિષ્યમાં આ રોડ મુદ્દે ખૂબ મોટા પ્રશ્નો ઉભા થઈ શકે એમ છે, રોડની ગુણવત્તા પણ ઘટી શકે છે, રોડની હાલત ખરાબ થઈ શકે છે અને સિમેન્ટ ફાટી પણ શકે છે. આવી સમસ્યાઓ લાંબા સમય બાદ ન આવે એ માટે આ ગંભીર મુદ્દા પર તાત્કાલિક ધોરણે પગલાં લેવામાં આવે એવી અમારી માંગ છે અને જે પણ ગુનેગાર લોકો છે એ લોકોને પણ તાત્કાલિક સજા થાય એવી પણ અમારી માંગ છે.



## વૉર્ડ નંબર ૧૦ ના સેક્ટર ૬, ૭, ૮, ૧ રાંદેસણ,કોબા અને રાયસણમાં ભાજપના મેયર હોવા છતાં કોઈ વિકાસના કામો થયા જ નથી : ડો.હાર્દિક તલાટી

અમદાવાદ | આમ આદમી પાર્ટી ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વોર્ડ નંબર ૧૦ ના ઉમેદવાર ડૉ. હાર્દિક તલાટીએ જણાવ્યું હતું કે, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (GMC)ની ચૂંટણી ખૂબ જ નજીકના સમયમાં આવી રહી છે. ત્યારે આજે ભાજપ દ્વારા સેન્સ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે, જેમાં વોર્ડ નંબર ૯, ૧૦ અને ૧૧ ના સંભવિત ઉમેદવારો સેન્સ આપવા આવ્યા હતા. તે સમયે એક જાણીતી ન્યૂઝ ચેનલ દ્વારા ઉમેદવારોને પૂછવામાં આવ્યું કે 'તમે ચૂંટાઈને આવીને શું કામ કરશો?' ત્યારે તેમણે કીધું કે 'અમે આવીને રોડ-રસ્તા સાફ કરશું, સ્ટ્રીટ લાઈટો સરખી કરશું અને લોકોને પાણીની વ્યવસ્થા પૂરી પાડશું.' આ સાંભળીને સવાલ થાય છે કે જે ઉમેદવારો અગાઉ કોર્પોરેટર તરીકે કામ કરી ચૂક્યા છે, તેમણે અત્યાર સુધી કોઈ કામ કર્યું જ નથી અને છતાં આજે ફરીથી દાવેદારી કરવા આવ્યા છે.વોર્ડ નંબર ૧૦ એટલે કે સેક્ટર ૬, ૭, ૮, ૧ રાંદેસણ,કોબા અને રાયસણ અને રાયસણ વિસ્તારોમાં ભાજપના મેયર હોવા છતાં કોઈ કામ થયા નથી. પોતાના જ સંભવિત ઉમેદવાર આ વાત જાણીતી ન્યૂઝ ચેનલ સમક્ષ સ્વીકારી રહ્યા છે. હું ગાંધીનગરની જનતાને જણાવવા માંગુ છું કે, ગયા વખતે આમ આદમી પાર્ટીને તમે રેકોર્ડબ્રેક મત આપીને બીજા નંબરની પાર્ટી બનાવી હતી. આ વખતે હું જનતાને અપીલ કરું છું કે યાદ રાખજો, ભાજપના આ લોકોએ કોઈ કામ કર્યા નથી. જનતાએ આ વખતે પોતાનું મંતવ્ય અને મન બનાવી લીધું છે, તેથી આમ આદમી પાર્ટીને જંગી બહુમતીથી જીતાડીને આ વખતે ગાંધીનગરમાં આમ આદમી પાર્ટીનો મેયર બનાવીએ.

## કચરો વીણવા આવી કર્મચારીઓને માર મારવાનો આરોપ, સખત પગલા લેવા માગ

# પીરાણા ડમ્પીંગ સાઈટ પર બાંગ્લાદેશીઓની અવરજવર, MLAની કમિશનરને રજૂઆત...

અમદાવાદ | એક વર્ષ પહેલા અમદાવાદ પોલીસે અલગ અલગ વિસ્તારોમાંથી બાંગ્લાદેશીઓને પકડવાની કામગીરી કરી હતી. જોકે દાણીલીમડામાં આવેલી પીરાણા ડમ્પીંગ સાઈટ પર કેટલાક બાંગ્લાદેશીઓ આવતાં હોવાનું સામે આવ્યું છે. કચરો વિણવા માટે આવનાર બાંગ્લાદેશીઓ મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓ પર પણ હુમલા કરતાં હોવાનો ગંભીર આરોપ એલિસબ્રિજ વિધાનસભાના ભાજપના ધારાસભ્ય અમિત શાહે કર્યો છે. પીરાણાના ડુંગર પર કચરો વીણવા માટે આવા અસામાજિક તત્વો ન પ્રવેશે તેના માટે મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરી છે.

ભાજપના ધારાસભ્ય અમિત શાહે દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, પીરાણા ડમ્પીંગ સાઈટ પર કચરો વીણવા માટે કેટલાક બાંગ્લાદેશીઓ આવે છે અને કોર્પોરેશનના કર્મચારીને માર મારે છે એક કર્મચારી મારી ઓફિસે રજૂઆત કરવા માટે આવ્યો હતો. જે બાદ મેં સંકલન સમિતિમાં આ બાબતે કમિશનરને રજૂઆત કરી ત્યારે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તરફથી પીરાણા ડમ્પીંગ સાઈટ પર અમે કોઈપણ વ્યક્તિને જવા નથી દેતા એવો જવાબ મળ્યો હતો. જોકે ડમ્પિંગ સાઈટ ઉપર લોકો કચરો વીણવા જાય છે તેના વીડિયો મ્યુનિસિપલ કમિશનર અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના ડાયરેક્ટરને મેં મોકલી આપ્યા હતા.

'જો કોઈપણ વ્યક્તિને પીરાણા ડમ્પીંગ સાઈડ ઉપર પ્રવેશ આપવામાં નથી આવતો તો કેવી રીતે સાઈટ ઉપર આ લોકો જાય છે. મોટાભાગના કચરો વીણવા વાળા બાંગ્લાદેશીઓ છે અને આસપાસમાં ત્યાં ગેરકાયદેસર રહે છે. કોર્પોરેશનના કર્મચારીઓને આ રીતે માર માર અને દાદાગીરી કરે તે ચલાવી લેવાય નહીં તેથી આ મામલે મ્યુનિસિપલ કમિશનરને લેખિતમાં રજૂઆત કરી અને મૌખિક પણ જાણકારી છે.'

શહેરની સૌથી મોટી ડમ્પિંગ સાઈટ નારોલ-નરોડા હાઈવે નજીક પીરાણા પાસે આવેલી છે. ડમ્પિંગ સાઈટ પર મ્યુનિસિપલ કોર્પોરેશનનું કચરાનું વાહન કચરો ઠાલવવા માટે વાહન આવે તે સાથે જ મોટી સંખ્યામાં કચરો વિણનાર લોકો એકઠા થઈ જાય છે. કચરો ઠલવતાં વાહનને તેઓ જોખમી રીતે ઘેરી લે છે. વાહનમાંથી કચરો ઠલવાય કે તરત જ તેઓ પડાપડી કરે છે. ઉંચાઈથી પડી જવાની પણ શક્યતા હોય છે. જે લોકો કચરો વીણવા માટે આવે છે તેઓ બાંગ્લાદેશી હોવાની શક્યતા છે.



### 'બાંગ્લાદેશીઓ કચરો વીણવા આવીને દાદાગીરી કરે છે'

પીરાણા ડમ્પીંગ સાઈટના મોટર મજૂર કાદરી આબિદ અલીએ દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, મારી ઉપર કચરો વીણવા આવનારા લોકોએ હુમલો કર્યો હતો. બાંગ્લાદેશીઓ દિવસ રાત કચરો વીણવા માટે ડમ્પીંગ સાઈટ ઉપર આવી જાય છે અને દાદાગીરી કરતા હોય છે. મેં જ્યારે આ બાબતે તેમને રોક્યા ત્યારે તેઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. પીરાણા ડમ્પ સાઈટની પાછળ બોમ્બે હોટલ અને આગળ બંને તરફથી આવે છે અને મોટાભાગના કચરો વીણનારા બાંગ્લાદેશીઓ જ છે. કેટલાક લોકો દાણીલીમડા આસપાસ વટવા અને ગણેશનગર વિસ્તારમાં રહેતા હોય છે.

## મુખ્યમંત્રીના ઘાટલોડિયા વિસ્તારમાં રોડની ખરાબ હાલત મુદ્દે આમ આદમી પાર્ટીએ અનોખી રીતે વિરોધ દર્શાવ્યો

અમદાવાદ |આમ આદમી પાર્ટીના ગાંધીનગર લોકસભા સંગઠન મંત્રી ભૌમિક પાઠક, થલતેજ વોર્ડ પ્રમુખ અનમોલ મહેતા અને ગોતા વોર્ડ સંગઠન મંત્રી રામ પાલ દ્વારા અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારના ગોતામાં ખરાબ રસ્તાઓનો અનોખી રીતે દીવો પ્રગટાવીને વિરોધ કરવામાં આવ્યો હતો અને આ દરમિયાન આમ આદમી પાર્ટીના નેતા ભૌમિક પાઠકે ઘાટલોડિયાના ખરાબ રસ્તાઓ બતાવતા જણાવ્યું હતું કે, કહેવામાં આવી રહ્યું છે કે આપણે આઝાદીના અમૃત કાળમાં જીવી રહ્યા છીએ અને આપણે ઘાટલોડિયા વિધાનસભાના વોર્ડ નંબર ૧ માં જોઈ રહ્યા છીએ કે અમૃત કાળમાં આપણને કેવા રસ્તા મળી રહ્યા છે. અહીંયાના રોડ મગરની પીઠ જેવા થઈ ગયા છે. અહીંયા સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે કે જનતાને જે વ્યવસ્થા અને સુવિધા આપવામાં આવી રહી છે તેમાં સદંતર ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. આજે રોડ હોય, સ્વાસ્થ્ય સુવિધાઓ હોય કે બીજી કોઈ પણ સુવિધાઓ હોય એમાં ભ્રષ્ટાચાર ઘુસી ગયો છે. અહીંયા બાજુમાં સ્મશાન છે એટલે જાણે કે એવું લાગી રહ્યું છે કે સરકારે વ્યવસ્થા કરી હોય કે આ ખાડામાં કોઈ પડી જાય અને મરી જાય તો સીધા તમારે સ્મશાનમાં પહોંચી જવાનું અને ભગવાનની પ્રાપ્તિ થઈ જશે.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ભૌમિક પાઠકે જણાવ્યું હતું કે, આશ્ચર્યની વાત એ છે કે આ વિસ્તાર ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો છે અને એમના વિસ્તારમાં એકદમ તૂટી ગયેલો રોડ આપણને હાલ જોવા મળી રહ્યો છે. તો આજે અમે આમ આદમી પાર્ટીના ઘાટલોડિયા વિધાનસભાના કાર્યકર્તાઓ આ રોડ પાસે આવ્યા છીએ અને અમે પ્રજાના પ્રશ્નો ઉઠાવી રહ્યા છીએ. અહીંયા અમે દીવા પ્રગટાવી રહ્યા છીએ કારણકે અમે અંધકારથી પ્રકાશ તરફ લોકોને લઈ જવા માંગીએ છીએ અને અમે સરકારને પણ કહેવા માંગે છે કે અમે નિરાશાથી આશા તરફ જવા માંગીએ છીએ. ગુજરાતમાં 'દીવા તળે અંધારું' જેવી સ્થિતિ છે તો હવે તમારે પ્રજાના પ્રશ્નોને સાંભળવા પડશે અને પ્રજાની સમસ્યાઓનું સમાધાન લાવવું પડશે. ગોતા વોર્ડના જેટલા સત્તાધીશો છે અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ છે એમને અમે મેસેજ આપવા માંગીએ છીએ કે તાત્કાલિક ધોરણે આ રોડનું કામ શરૂ થવું જોઈએ.

## News Brief

### દરેક વોર્ડમાં ફૂટપાથ રિપેરિંગનો વાર્ષિક ખર્ચ 8 લાખ થયો...

અમદાવાદ | કર્ણાવતી ક્લબ પાસે 3 મહિના પહેલાં બનાવેલો ફૂટપાથ તૂટી જતાં ફરી બનાવવો પડ્યો છે. શહેરમાં વારંવાર તૂટતા ફૂટપાથ માટે તેની નીચે બેઝ યોગ્ય તૈયાર ન હોવાનું કારણ છે ત્યારે હવે મ્યુનિ.એ નવા બનનારા ફૂટપાથની નીચે આરસીસી પાથરી તે બાદ તેની પર પેવર બ્લોક લગાવવા સૂચન કર્યું છે.

શહેરમાં મોટા ભાગના વોર્ડમાં પ્રતિવર્ષ માત્ર પેવર બ્લોક રિપેર કરવા પાછળ જ 7થી 8 લાખ ખર્ચાય છે. તમામ ફૂટપાથ પર પેવર બ્લોક લગાવાય છે તેમજ કેટલીક સોસાયટીઓમાં પણ ધારાસભ્ય અને કોર્પોરેટરના બજેટમાંથી પેવર બ્લોક લગાવાય છે, પરંતુ મોટા ભાગના ફૂટપાથ અને પેવર બ્લોક થોડા સમય પછી ઊબડખાબડ થઈ જાય છે.

શહેરમાં છેલ્લાં ત્રણ વર્ષમાં રોડ નેટવર્ક પાછળનું બજેટ બમણાથી પણ વધી ગયું છે. આમ છતાં શહેરના રસ્તાઓ અને ફૂટપાથની સ્થિતિમાં કોઈ સુધારો જોવા મળ્યો નથી. વર્ષ 2023-24માં રોડ પાછળ રૂ.788.25 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો, જે વર્ષ 2025-26માં વધીને રૂ.1607.75 કરોડ સુધી પહોંચી ગયો છે. ફૂટપાથના કામમાં ગેરંટી પીરિયડ નક્કી ન થતાં વર્ષમાં 2 વાર રિપેર કરવો પડે છે રોડના કામોમાં ડિફેક્ટ લાયબિલિટી (ગેરંટી પીરિયડ) ગણવામાં આવે છે, પરંતુ ફૂટપાથનાં કામોમાં આવી કોઈ લાયબિલિટી નક્કી કરાતી નથી. પરિણામે શહેરમાં મોટા ભાગના સ્થળે વર્ષમાં એકથી બે વખત ફૂટપાથનું રિપેરિંગ કરવું પડે છે. કેટલીક જગ્યાએ તો VVIP અવરજવરના કારણે એક વર્ષમાં અનેક વખત ફૂટપાથ સરખો કરવો પડે છે. મારા ધ્યાન પર આવ્યું હતું કે, વારંવાર અનેક જગ્યાએ ફૂટપાથ તૂટે છે. તે કેમ તૂટે છે તેનાં કારણો જાણ્યા બાદ અધિકારીઓને સૂચના આપી ફૂટપાથ બનાવવાની નવી પદ્ધતિ અપનાવવા સૂચન કર્યું છે. તેમાં જો તેઓ સિમેન્ટ-કોંક્રીટનો ઉપયોગ કરે તો ફૂટપાથ તૂટવાની શક્યતા ઘણી ઓછી થઈ જાય તેમ છે.

### ગાંધીનગર મનપા ચૂંટણી, ભાજપમાં ઉમેદવારોની પસંદગી માટે મંથન

ગાંધીનગર | ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થઈ જતાં પાટનગરમાં રાજકીય ધમધમાટ ચરમસીમાએ પહોંચ્યો છે. આજથી ઉમેદવારી પત્રો ભરવાની સત્તાવાર પ્રક્રિયાનો પ્રારંભ થયો છે, જેની સાથે જ વિજયી બનવા ઉત્સુક દાવેદારોમાં ભારે દોડધામ જોવા મળી રહી છે. ચૂંટણીનું સત્તાવાર જાહેરનામું પ્રસિદ્ધ થતાંની સાથે જ શહેરભરમાં ચૂંટણીનો શંખનાદ આજે વાગવાની તૈયારીઓમાં છે. ત્યારે આજે ભાજપમાં ઉમેદવારોની પસંદગી માટે મંથન શરૂ કરાયું છે. ચૂંટણીજંગમાં યોગ્ય અને સક્ષમ ઉમેદવારોની પસંદગી માટે ભાજપ દ્વારા આજથી જ વ્યાપક સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ માટે પ્રદેશ ભાજપ દ્વારા પૂર્વ મંત્રી પૂર્ણેશ મોદી, પૂર્વ ધારાભભ્ય દુષ્યંત પટેલ અને ભાજપ આગેવાન શબ્દશરણ બ્રહ્મભટ્ટની નિરીક્ષક તરીકે વિશેષ નિમણૂક કરવામાં આવી છે. સ્થાનિક સ્તરે ગાંધીનગરના સેક્ટર-28 જીઆઈડીસી, સેક્ટર-16 સ્થિત બ્રહ્મભવન તેમજ રાયસણના આર. કે. પટેલ ફાર્મ ખાતે જુદા જુદા વોર્ડના દાવેદારોને સાંભળવામાં આવી રહ્યા છે. નિરીક્ષકો દ્વારા તૈયાર કરાયેલી યાદી પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડને મોકલાશે. જ્યાં આખરી મંથન બાદ મહાનગરપાલિકાના કુલ 44 ઉમેદવારોની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. તંત્ર દ્વારા તમામ 11 વોર્ડ માટે ચૂંટણી પ્રક્રિયા સુચારુ રીતે પાર પડે તે માટે 5 રિટર્નિંગ ઓફિસરોની નિમણૂક કરી દેવામાં આવી છે. ફોર્મ વિતરણ અને સ્વીકારવાની વ્યવસ્થા હેઠળ વોર્ડ-1થી 4ના ફોર્મ જિલ્લા પંચાયત કચેરી ખાતે અને વોર્ડ-5થી 11ના ફોર્મ કલેક્ટર કચેરી ખાતે સ્વીકારવામાં આવશે.

### ગર્લ્સ હોસ્ટેલમાં સાથે રહેતી બે યુવતીઓની તકરારની અદાવતમાં હુમલો કરવામાં આવ્યો

ગાંધીનગર | ગર્લ્સ હોસ્ટેલમાં સાથે રહેતી બે યુવતીઓ વચ્ચે અગાઉ થયેલી બોલાચાલી અને ઝઘડાની અદાવતના સમાધાન અર્થે ગાંધીનગરના અડાલજ ખાતે આવેલા લાસ્ટ સ્ટેશન કાફે એન્ડ ટી બાર પાસે બોલાવીને કેટલાક શખસોએ લોખંડની પાઈપ અને લાકડાના ધોકા વડે યુવકો પર હુમલો કર્યો હતો.આ લોહિયાળ હુમલામાં એક યુવકના માથાના 5 ટાંકા આવ્યા છે, જ્યારે અન્ય મિત્રોને પણ શારીરિક ઈજાઓ પહોંચી છે. આ અંગે અડાલજ પોલીસ મથકે ચાર શખસો સામે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદના કેશવનગર વિસ્તારમાં રહેતા અને ગાંધીરોડ ખાતે ઈલેક્ટ્રિકનો વેપાર કરતા રોહિતભાઈ જગદીશભાઈ પટેલના મિત્ર મુકેશ ચૌધરીની ધર્મની બહેન જાનવી અને તેની ભૂતપૂર્વ રૂમ પાર્ટનર વૃતિ વચ્ચે ગાંધીનગરના સેક્ટર-16 ખાતે બોલાચાલી થઈ હતી. જાનવીને વૃતિ જેમ ફાવે તેમ બોલતી હોવાથી આ બાબતે વૃતિની માતા તનુજાબેનને ફોન કરીને સમજાવવા રજૂઆત કરવામાં આવી હતી.

આ બાબતની અદાવત રાખીને સુરેશ ચૌધરી નામના શખસે મુકેશના મોબાઈલ પર ફોન કરીને ગાળો આપી હતી. ત્યારબાદ સુરેશના મિત્ર શાંતી ચૌધરીએ વોટ્સએપ કોલ કરીને આપણે કોઈ મોટી બબાલ નથી સાથે બેસીને ચા-પાણી કરી સમાધાન કરી લઈએ તેમ કહી અડાલજ બાલાપીર સર્કલ પાસે આવેલા લાસ્ટ સ્ટેશન કાફે એન્ડ ટી બારનું લોકેશન મોકલ્યું હતું. આથી રોહિત પટેલ તેમના મિત્ર મનોજ ચૌધરી, મુકેશ ચૌધરી અને અન્ય મિત્રો સાથે વાહનો લઈને બતાવેલા લોકેશન પર પહોંચ્યા હતા. ત્યારે 19 સપ્ટેમ્બરની રાત્રે દોઢ વાગ્યે કાફે બહાર ટોળું ભેગું થયેલું હતું. તે વખતે ટોળામાંથી એક શખસે આવીને તમારામાંથી મુકેશ ચૌધરી કોણ છે તેમ પૂછ્યું હતું.

## મણિનગર રેલવે ક્રોસિંગ પાસેથી નકલી ડેપ્યુટી મામલતદાર ઝડપાયો

અમદાવાદ | અમદાવાદ શહેરમાં સરકારી અધિકારીઓના નામે રોફ જમાવતા અને નકલી ઓળખ આપતા ગુનેગારો સામે ક્રાઈમ બ્રાન્ચે લાલ આંખ કરી છે. મણીનગર રેલ્વે ક્રોસિંગ પાસે ડેપ્યુટી મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ તરીકેની ખોટી ઓળખ આપીને ફરતા શખસને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. આરોપી પાસેથી મોડાસાના નાયબ મામલતદાર તરીકેનું બનાવટી સરકારી આઈડી કાર્ડ પણ મળી આવ્યું છે. અગાઉ પણ PSI બનીને રોફ જમાવતો હતો. તેમજ આરોપી સામે અગાઉ 7 જેટલા ગુના નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે.

શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમ મણિનગર જયહિંદ ચાર રસ્તા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ રમેશકુમારને બાતમી મળી હતી કે, ભૂતકાળમાં નકલી PSI બનીને ગુના આચરનાર ઘોડાસરના કિરીટકુમાર અમીન પોતાને ડેપ્યુટી મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ તરીકે ઓળખાવીને મણીનગર દક્ષિણી રેલ્વે ક્રોસિંગ નજીક ફરી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે ક્રોસિંગ પાસેથી કિરીટકુમારને ઝડપી પાડ્યો હતો.

પોલીસે પ્રાથમિક પૂછપરછમાં જ તેણે પોતે મોડાસા ખાતે નાયબ મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ તરીકે ફરજ બજાવતો હોવાનો દાવો કર્યો હતો. શંકા જતાં ક્રાઈમ બ્રાન્ચે તેની અંગઝડતી લેતાં તેની પાસેથી ગર્વમેન્ટ ઓફ ગુજરાત રેવન્યુ ડિપાર્ટમેન્ટ લખેલું એક લેમિનેશન કરેલું આઈડી કાર્ડ મળી આવ્યું હતું. જેમાં તેનું નામ કિરીટકુમાર બી અમીન દર્શાવવામાં આવ્યુ હતું. તપાસમાં આ આઈડી કાર્ડ સંપૂર્ણપણે ખોટું અને બનાવટી હોવાનું સામે આવ્યું હતું.

## ખેડૂતોના હક અને જમીન પરના અધિકારો છીનવી લેતી નીતિઓ જોતાં સવાલ થાય કે આ સરકાર છે કે સર્કસ? : ગોપાલ ઈટાલિયા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ સરકારની વ્યવસ્થા પર આકરા પ્રહાર કરતા સવાલ કર્યો હતો કે આ સરકાર છે કે સર્કસ? ગઈકાલે જ મારા ધ્યાનમાં એક ગંભીર વિષય આવ્યો છે કે જો આપણે આપણા પોતાના બાપ-દાદાની વારસાગત માલિકીના ખેતરમાં ખેતીવાડીનું વીજળી કનેક્શન કે મીટર લેવું હોય અને કોઈ સંજોગોમાં બાજુના ખેતરવાળો માણસ વાંધો ઉઠાવે, તો વીજ કંપનીઓ (DGVCL, MGVCL, PGVCL) આપણને ના પાડી દે છે કે બાજુવાળાએ લિખિતમાં વાંધો આપ્યો છે એટલે મીટર નહીં મળે. તેવી જ રીતે આપણા બાપ-દાદાની વારસાગત જમીનની માપણી કરાવવાની હોય, તો સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ લેન્ડ રેકોર્ડ્સ કે ઈન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકોર્ડ્સના સર્વેયરો પણ એવું જ કહે છે કે બાજુવાળાની સંતોષકારક સંમતિ લઈને આવો. ખેતર આપણું, માલિકી આપણી અને કબજો આપણો હોવા છતાં



બાજુવાળો સંમતિ ન આપે તો માપણી થતી નથી કે મીટર મળતું નથી.'આપ' ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, આપણા બાપ-દાદાની માલિકીની જમીનમાં વારસાઈ એન્ટ્રીઓ પડાવવા, ખાતેદારોના ભાગ પાડવા કે જમીન વેચવા જઈએ ત્યારે પણ જો કોઈ વાંધો આપે તો મામલતદાર ના મંજૂર કરી દે છે. આટલું જ નહીં, પણ જો વીજ કંપનીઓને તમારા જ ખેતરમાં વીજળીનો થાંભલો નાખવો હોય તો તમારી પોતાની પણ સંમતિ લેવામાં આવતી નથી. ખેડૂત ના પાડે તો પણ પોલીસ ઓન-પેમેન્ટ મોકલીને, દંડા પછાડીને, 'સરકારી ફરજમાં રુકાવટ'ના કેસ કરવાની ધમકીઓ આપીને જબરદસ્તી અને ગુંડાગીરીથી થાંભલા નાખી દેવામાં આવે છે. ખેડૂતને પોતાના જ ખેતરમાં પાણી કે મીટર જોઈતું હોય તો બાજુવાળાની મંજૂરી જોઈએ, પણ વીજ કંપનીએ થાંભલો નાખવો હોય તો ખેડૂતની અસંમતિ હોવા છતાં થાંભલો નખાઈ જાય છે. આ અંધેરી નગરી અને ગંડુ રાજા જેવી વ્યવસ્થા પર જરા વિચારવાની જરૂર છે.

## ગુજરાત સરકાર શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મયોગીઓને આપશે 'અટલ સુશાસન પુરસ્કાર

**ઈ-ઓક્શન સૂચના**

"પૂરના પાણીથી અસરગ્રસ્ત Polyester Tex Yarn અને Polyester POY Yarn"-વાસ્તવિક અંદાજિત ચોખ્ખો જથ્થો 1,93,367 કિગ્રા સુધી મર્યાદિત, પ્રતિકિલોગ્રામ ધોરણે નિકાલ માટે. રસ ધરાવતા ખરીદદારોને "પૂરના પાણીથી અસરગ્રસ્ત Polyester Tex Yarn - 1,34,061 કિગ્રા અને Polyester POY Yarn - 59,306 કિગ્રા" ના નિકાલ માટે યોજાનાર ઈ-ઓક્શન માં ભાગ લેવા આમંત્રિત કરવામાં આવે છે, જેનો વાસ્તવિક અંદાજિત ચોખ્ખો જથ્થો 1,93,367 કિગ્રા સુધી મર્યાદિત રહેશે અને પ્રતિકિલો ગ્રામ ધોરણે તેનો નિકાલ કરવામાં આવશે. ઉપરોક્ત Salvage Material "As Is Where Is", "Whatever There Is" અને "No Complaint" ના ધોરણે વેચવામાં આવશે અને આ સામગ્રી M/s Jiwarajka Textile Industries માલિકીની છે. ઉપરોક્ત સામગ્રીનું નિરીક્ષણ Survey No. 172/1/2, 173/1 & 172/4, Mori Faliya, Kanadi Fatak, Naroli, Silvassa, Dadra and Nagar Haveli, Pin - 396235 ખાતે 22/09/2026 થી 26/09/2026 દરમિયાન માત્ર કામકાજના દિવસોમાં સવારે 10:00 વાગ્યાથી સાંજે 05:00 વાગ્યા સુધી કરી શકાશે. નિરીક્ષણ માટે કૃપા કરીને શ્રી Pradeep, Mob.: 9374316001 નો સંપર્ક કરવો. ઈ-ઓક્શન 28/09/2026 ના રોજ www.b2bsalvage.com પર યોજાશે. ઈ-ઓક્શન નિયમો અને શરતો ધરાવતું Participation Form મેળવવા માટે કૃપા કરીને શ્રી Hemant Birla સંપર્ક કરવો. Participation Form તથા EMD રકમ જમા કરવાની છેલ્લી તારીખ 26/09/2026ના રોજ સાંજે 04:00 વાગ્યા સુધી રહેશે

**ઓક્શનિયર્સ B2B Salvage Auctioneers India LLP રજિસ્ટર્ડ ઓફિસ: 121, Lavkush Colony, Manglia, Indore, Madhya Pradesh - 453771. સંપર્ક નં.: +91 9754706071**

ગાંધીનગર | રાજ્યના વહીવટી તંત્રમાં અધિકારીઓ દ્વારા કરવામાં આવતી ઉત્કૃષ્ટ કામગીરીને પ્રોત્સાહન આપવા માટે સતત પ્રયત્નશીલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે વધુ એક મહત્વનો નિર્ણય લીધો છે. આ નિર્ણય મુજબ રાજ્ય સરકારે 'અટલ સુશાસન પુરસ્કાર' યોજના અમલમાં મૂકવાની જાહેરાત કરી છે. આ યોજના હેઠળ નાગરિકલક્ષી વહીવટ, ઉત્કૃષ્ટ કામગીરી અને સુશાસનના સિદ્ધાંતોને મજબૂત બનાવવામાં નોંધપાત્ર યોગદાન આપનારા અધિકારીઓને દર વર્ષે પુરસ્કાર અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવશે. મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ કાર્યરત સામાન્ય વહિવટ વિભાગ (જીએડી)ના ઠરાવ મુજબ અટલ સુશાસન પુરસ્કાર યોજના ચાલુ વર્ષ 2025-26ના નાણાકીય વર્ષથી લાગુ કરવામાં આવેલ છે અને આગામી વર્ષોમાં પણ ચાલુ રાખવામાં આવશે. યોજનામાં કામગીરીના મૂલ્યાંકન માટેનો સમયગાળો દર વર્ષે 1 એપ્રિલથી 31 માર્ચ સુધીનો નિર્ધારિત કરવામાં આવ્યો છે. અટલ સુશાસન પુરસ્કાર યોજના 25 ડિસેમ્બર, 2024થી શરૂ થયેલી શ્રી અટલ બિહારી વાજપેયીની 100મી જન્મજયંતી વર્ષની ઉજવણી દરમિયાન રાજ્યમાં સુશાસનને પ્રોત્સાહન આપવા હાથ ધરાયેલી પહેલોના અનુસંધાનમાં અમલમાં મૂકવામાં આવી છે. આ રીતે 'અટલ સુશાસન પુરસ્કાર' યોજના હેઠળ 7 વિભાગોના 7 મહત્વના અધિકારી સંવર્ગને આવરી લઈને દર વર્ષે તેમની શ્રેષ્ઠ કામગીરીની ઓળખ, મૂલ્યાંકન અને સન્માનની સુવ્યવસ્થિત પ્રક્રિયા અમલમાં આવશે. 'અટલ સુશાસન પુરસ્કાર' યોજના હેઠળ રાજ્યના કુલ 7 વિભાગોને આવરી લેવામાં આવ્યા છે. આ વિભાગોમાં જિલ્લા અને તાલુકા કક્ષાએ લોકો સાથે સીધા સંકળાયેલા અધિકારીઓની કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવશે. આ 7 વિભાગોમાં - 1. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ : આ વિભાગમાંથી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી (CDHO), વર્ગ-1ને પુરસ્કાર માટે પાત્ર ગણવામાં આવ્યા છે. 2. શિક્ષણ વિભાગ : શિક્ષણ ક્ષેત્રમાં જિલ્લા શિક્ષણાધિકારી (DEO) / જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (DPEO), વર્ગ-1ને પુરસ્કાર માટે આવરી લેવામાં આવ્યા છે. 3. માર્ગ અને મકાન વિભાગ : જિલ્લા સ્તરે વિકાસલક્ષી માળખાકીય કામગીરી સાથે સંકળાયેલા કાર્યપાલક ઈજનેર (Executive Engineer), વર્ગ-1ને પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા છે. 4. અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ : આ વિભાગમાં જિલ્લા પુરવઠા અધિકારી (DSO), વર્ગ-1ની કામગીરીનું મૂલ્યાંકન થશે. 5. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ : આ વિભાગમાંથી જિલ્લા રમતગમત અધિકારી (DSO), વર્ગ-2ને પુરસ્કાર માટે પાત્ર ગણવામાં આવ્યા છે. 6. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ : આ વિભાગમાં તાલુકા કક્ષાએ મહત્વની જવાબદારી સંભાળતા તાલુકા વિકાસ અધિકારી (TDO), વર્ગ-2નો સમાવેશ કરવામાં આવ્યો છે. 7. મહેસૂલ વિભાગ : મહેસૂલ વહીવટમાં મહત્વની ભૂમિકા ધરાવતા મામલતદાર, વર્ગ-2ને પણ આ યોજના હેઠળ પુરસ્કાર આપવામાં આવશે.

## અમદાવાદના સીજી રોડ પર વિસ્તારમાં મેગા ચેકિંગ ડ્રાઈવ

અમદાવાદ | અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં રાત્રિના સમયે બેફામ વાહન હંકારતા અને ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરતા ચાલકો સામે નવરંગપુરા પોલીસ અને 'શી' ટીમ દ્વારા સીજી રોડ તથા મ્યુનિસિપલ માર્કેટ વિસ્તારમાં મેગા ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે. મહિલાઓની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે રાત્રે 10 થી 1 વાગ્યા દરમિયાન સળંગ બે રાત્રિમાં માત્ર 6 કલાકના ચેકિંગમાં પોલીસે કુલ 106 વાહનો ડિટેઈન કર્યા છે.સિટી ગાઈડ મેળવો

આ ખાસ ડ્રાઈવ દરમિયાન નંબર પ્લેટ વગરના 21 વાહનો ઉપરાંત લાયસન્સ કે યોગ્ય દસ્તાવેજ ન ધરાવતા તેમજ મોડિફાઈડ અને ફેન્સી નંબર પ્લેટવાળા વાહનો જપ્ત કરવામાં આવ્યા છે.

જપ્ત કરાયેલા વાહનોમાં 26 એક્સેસ, 25 બર્ગમેન, 19 એક્ટિવા, 6 બુલેટ, 3 જ્યુપિટર અને 6 ફોર-વહીલરનો સમાવેશ થાય છે. પોલીસની આ અચાનક કાર્યવાહીથી ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## રેલવે લાઇનને નુકસાન પહોંચાડનાર છ ઝડપાયા

# વડોદરામાં માલગાડી ઉથલાવવાનું મોટું કાવતરું ઝડપાયું

(એજન્સી) રાજપીપળા I તા. 21

સોમવારના રોજ ગુજરાતના ઔદ્યોગિક નગર વડોદરામાંથી એક અત્યંત ચોંકાવનારી અને ગંભીર ઘટના સામે આવી છે, જ્યાં રેલવે તંત્ર અને સુરક્ષા એજન્સીઓએ સમયસર સતર્કતા દાખવીને નવી ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર લાઇન પરથી પેંડરોલ ક્લીપો અને મેટલ લાઇનરની ચોરી કરી માલગાડીને ઉથલાવવાનું એક મોટું ષડયંત્ર નિષ્ફળ બનાવ્યું છે અને ચાર ચોરો તથા બે ભંગારના વેપારીઓ સહિત કુલ છ આરોપીઓની ધરપકડ કરી લીધી છે.



પ્રાપ્ત માહિતી અનુસાર, માલસામાનની હેરફેર માટે ખાસ તૈયાર કરવામાં આવેલી આ નવી રેલવે લાઇન પર સુરક્ષા અને સલામતીના ભાગરૂપે કર્મચારીઓ દ્વારા નિયમિતપણે ચકાસણી કરવામાં આવતી હોય છે. તાજેતરમાં જ્યારે સ્ટાફ ન્યુ મકરપુરાથી ન્યુ વાસદ સુધીના રેલવે રૂટ પર પેટ્રોલિંગ કરી રહ્યો હતો, ત્યારે તેમની નજરે ચઢ્યું કે લાઇનની પકડ મજબૂત બનાવતી પેંડરોલ ક્લીપો અને મેટલ લાઇનરો મોટી સંખ્યામાં ગાયબ છે. આ બાબત સામાન્ય ચોરી ન હોઈ પરંતુ ટ્રેનને ગંભીર જોખમમાં મૂકવાનું કુટિલ કાવતરું હોવાનું જણાતા કર્મચારીઓએ તુરંત જ ઉચ્ચ અધિકારીઓને જાણ કરી હતી, જેના પગલે રેલવે સુરક્ષા દળ અને સ્થાનિક પોલીસ હરકતમાં આવી ગઈ હતી.

આ ગંભીર ઘટનાને પગલે પોલીસ અને સુરક્ષા દળોએ તાત્કાલિક સંયુક્ત ટીમો બનાવીને ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. સઘન તપાસના અંતે સુરક્ષા કર્મીઓએ સૌપ્રથમ ચાર મુખ્ય આરોપીઓને દબોચી લીધા હતા. પૂછપરછ દરમિયાન આ શખ્સોએ રેલવે પટરીમાંથી લોખંડની આ મહત્વપૂર્ણ સામગ્રી ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી અને તે સામાન કારેલીબાગ વિસ્તારના ભંગારના વેપારીઓને વેચી દીધો હોવાનું જણાવ્યું હતું. પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને કારેલીબાગમાં ભંગારની ફેરી કરતા બે વેપારીઓને પણ ઝડપી લીધા હતા. આ તમામ આરોપીઓ પાસેથી કુલ ૧૯૫૬ પેંડરોલ ક્લીપો, ૪૯૬ મેટલ લાઇનરો તેમજ ગુનામાં વપરાયેલા વાહનો મળી કુલ રૂપિયા ૨.૯૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

આશ્ચર્યજનક બાબત તો એ છે કે રેલવે લાઇનને નુકસાન પહોંચાડીને માલગાડી ઉથલાવવાનો પ્લાન બનાવનાર આ ચારેય શખ્સો બહારના કોઈ તત્વો ન હતા, પરંતુ તેઓ રેલવેમાં જ કોન્ટ્રાક્ટ પર નોકરી કરતા હતા. તેઓ વરસાદી ઋતુ દરમિયાન પેટ્રોલમેન તરીકે ફરજ બજાવતા હોવાથી રેલવે લાઇનના ખૂણે-ખૂણેથી વાકેફ હતા. પોતાની આ જ જાણકારીનો દુરુપયોગ કરીને તેમણે રેલવેની સંપત્તિ ચોરી કરી નાણાં કમાવવાનો શોર્ટકટ અપનાવ્યો હતો, જેના કારણે રેલવે તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ હતી. સમયસર મળેલી બાતમી અને પોલીસની સક્રિયતાના કારણે એક મોટી હોનારત ટળી ગઈ છે. જો આ ષડયંત્ર સમયસર પકડાયું ન હોત તો માલગાડીના પાટા પરથી ઉતરી જવાની મોટી દુર્ઘટના સર્જાઈ શકી હોત. પ્રશાસન દ્વારા હાલ આ તમામ આરોપીઓની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે અને કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## સંખેડાના મુખ્ય ગેટ અને ચોકડી પર રખડતી ગાયો વાહનચાલકો માટે મોટી સમસ્યા




રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

સંખેડાના મુખ્ય ગેટ અને ચોકડી પર રખડતી ગાયો વાહનચાલકો માટે મોટી સમસ્યા બની છે. આ રખડતા ઢોરના કારણે દરરોજ ટ્રાફિકમાં અડચણ ઉભી થાય છે અને અકસ્માતનો ભય રહે છે.સ્થાનિક લોકોનું કહેવું છે કે સંખેડા ચોકડી પર રખડતી ગાયો રસ્તા વચ્ચે બેસી રહે છે. જેના કારણે વાહન વ્યવહાર જોખમી બન્યો છે.થોડા દિવસ પહેલા સંખેડામાં એક હડકાયેલી ગાયે પાંચથી છ લોકોને ઈજા પહોંચાડી હતી. આ ઘટના છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.ગ્રામજનો માંગ કરી રહ્યા છે કે તંત્ર રખડતા ઢોરના માલિકો સામે કાયદાકીય પગલાં ભરે. પંચાયત આવા ઢોરને પકડીને ડબ્બામાં પૂરે અને દંડ વસૂલ કરે.જો આમ થશે તો ટ્રાફિકની સમસ્યા ઓછી થશે અને લોકોને ઈજા થતી અટકાવી શકાશે. લોકોની માંગ છે કે રખડતી ગાયોના માલિકોને તાત્કાલિક સૂચના આપી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે.

## ગરૂડેશ્વરમાં રાજ્યપાલની રાત્રિસભા, વ્યસન મુક્તિ અને શિક્ષણનો સંદેશ

(એજન્સી) રાજપીપળા I તા. 21

ગુજરાત રાજ્યના નર્મદા જિલ્લાની બે દિવસીય પ્રભાવશાળી મુલાકાતે પધારેલા માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પોતાના પ્રવાસના પ્રથમ દિવસે ગ્રામીણ વિકાસ અને લોકકલ્યાણના ઉદ્દેશથી ગરૂડેશ્વર તાલુકાના નવા ભીલવશી ગામની પ્રાથમિક શાળાના વિશાળ પટાંગણમાં એક ભવ્ય અને પ્રેરણાદાયી રાત્રિસભાનું સફળ આયોજન કર્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા ગ્રામજનો સાથે ખુલ્લા મનથી આત્મીય સંવાદ સાધવામાં આવ્યો હતો.



આ વિશેષ રાત્રિસભાને સંબોધતા રાજ્યપાલશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આપણા બાળકોના ઉજ્જવળ ભવિષ્ય અને ભાવિ પેઢીના સાચા ઘડતર માટે ગુણવત્તાસભર શિક્ષણ અત્યંત આવશ્યક છે. તાજેતરમાં જ રાજપીપળા ખાતે આવેલા બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીના પ્રથમ દીક્ષાંત સમારોહનો ઉલ્લેખ કરતા તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો કે આજે આપણા આદિવાસી દીકરા અને દીકરીઓ ઉચ્ચ શિક્ષણ મેળવીને દેશભરમાં ગૌરવ વધારી રહ્યા છે. દરેક વાલીએ એ વાતની ખાસ કાળજી રાખવી પડશે કે ગામનું કોઈપણ બાળક શાળાએ જવાનું ચૂકી ન જાય અને અધવચ્ચે અભ્યાસ છોડે નહીં.

આજના ભાગદોડ ભરેલા યુવા જીવનમાં સ્વાસ્થ્યની જાળવણી વિશે ચિંતા વ્યક્ત કરતા રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત તમામ વડીલો અને યુવાનોને તમાકુ, દારૂ અને ગુટકા જેવા હાનિકારક વ્યસનોથી કાયમ માટે દૂર રહેવા ગંભીર સલાહ આપી હતી.



## રાજ્યપાલશ્રીએ ભીલવશી ગામે પરિવાર સાથે માણ્યું સાદું ભોજન

(એજન્સી) રાજપીપળા I તા. 21

ગુજરાત રાજ્યના નર્મદા જિલ્લાની પ્રેરણાદાયી મુલાકાતે પધારેલા માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ રવિવારના રોજ ગરૂડેશ્વર તાલુકાના અંતરિયાળ ભીલવશી ગામની અંદર આવેલી વસાહતમાં પહોંચીને આદિજાતિ પરિવારના શ્રી અશ્વિનભાઈ ગોવિંદભાઈ તડવીના નિવાસસ્થાને અચાનક પધારીને સૌને અદભુત આશ્ચર્ય અને ખુશીની ભેટ આપી હતી, જ્યાં તેમણે પરિવારના તમામ સભ્યો સાથે સહજતાપૂર્વક બેસીને તેમની દૈનિક જીવનશૈલી, રોજગારના સાધનો તેમજ પારિવારિક સ્થિતિ વિશે ઊંડાણપૂર્વક જાણકારી મેળવી હતી અને સ્થાનિક પરંપરા મુજબ તૈયાર થયેલા સાદા ભોજનનો પણ ખૂબ જ આનંદપૂર્વક આસ્વાદ માણ્યો હતો.

આ વિશેષ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીએ અશ્વિનભાઈ તડવીના ઘરમાં ઉપસ્થિત તમામ પરિવારજનો સાથે અત્યંત હળવાશભર્યા માહોલમાં લાંબી ચર્ચા કરી હતી. આ મુલાકાત વેળાએ અશ્વિનભાઈના માતૃશ્રી ધનીબેન ગોવિંદભાઈ તડવી, ધર્મપત્ની શ્રીમતી નયનાબેન તડવી, યુવાન પુત્ર શ્રી દિગ્વિજય તડવી તેમજ પુત્રવધૂ શ્રીમતી કરિશ્માબેન તડવી સહિતના તમામ સભ્યો ખૂબ જ ઉત્સાહ સાથે ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલશ્રીએ આ પરિવારની મુલાકાત લઈને ગ્રામ્ય જીવનની વાસ્તવિકતાઓ ખૂબ જ નજીકથી અનુભવી હતી અને તેમની સાથે હૃદયસ્પર્શી સંવાદ સાધ્યો હતો.

## ગરૂડેશ્વર ગામે રાજ્યપાલનું વૃક્ષારોપણ, સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ

(એજન્સી) રાજપીપળા I તા. 21


નર્મદા જિલ્લાની બે દિવસીય મહત્વપૂર્ણ મુલાકાતે પધારેલા ગુજરાતના માનનીય રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ રવિવારના રોજ ગરૂડેશ્વર તાલુકાના અંતરિયાળ ભીલવશી ગામે ઉત્સાહપેર પહોંચીને ગ્રામજનોની ઉપસ્થિતિમાં ભવ્ય વૃક્ષારોપણ કર્યું હતું તથા સ્વચ્છતા અભિયાનમાં સક્રિયપણે જોડાઈને સૌને એક ઉત્તમ અને પ્રેરણાદાયી સંદેશો પૂરો પાડ્યો હતો. આ વિશેષ અવસરે રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત ગ્રામજનો સાથે હૃદયસ્પર્શી સંવાદ સાધતા જણાવ્યું હતું કે આજના સમયમાં મોટા શહેરોની અંદર વાયુ પ્રદૂષણનું પ્રમાણ ચિંતાજનક રીતે ખૂબ જ ઊંચું જોવા મળી રહ્યું છે, જ્યારે આપણા ગામડાઓમાં હજુ પણ વૃક્ષો અને કુદરતી પ્રકૃતિના અદ્ભુત સાનિધ્યના કારણે લોકોને શુદ્ધ અને પ્રાણવાયુથી ભરપૂર હવા મળી રહે છે. શુદ્ધ હવા એ જ આપણું સાચું જીવન છે અને તેને બચાવવી તથા જાળવી રાખવી એ આપણા સૌની પવિત્ર નૈતિક જવાબદારી છે. વૃક્ષો ક્યારેય પોતાની પાસે હવા શ્વાસમાં રોકી રાખતા નથી, પરંતુ આખા વાતાવરણને શુદ્ધ ઓક્સિજન આપીને સમગ્ર સૃષ્ટિનું ભલું કરે છે. તેથી પ્રત્યેક નાગરિકે ફરજિયાતપણે વૃક્ષો વાવીને પર્યાવરણના સંરક્ષણમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપવું જોઈએ. વૃક્ષારોપણના આ પુણ્યકાર્ય અને સુંદર આયોજન માટે ગ્રામજનોને હાર્દિક અભિનંદન પાઠવતા રાજ્યપાલશ્રીએ સ્થાનિક વહીવટીતંત્ર તેમજ વન વિભાગની ઉત્કૃષ્ટ કામગીરીની પણ મુક્તકંઠે પ્રશંસા કરી હતી અને આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ગામના દરેક પરિવારને દર વર્ષે ઓછામાં ઓછું એક નવું વૃક્ષ રોપીને તેનું જતન કરવાનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો.



## મહીસાગર જિલ્લા પોલીસ વડા શ્રી સફિન હસનની આગેવાનીમાં સાતકુંડા ખાતે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત મહા સ્વચ્છતા અભિયાન

જગદીશ ત્રિવેદી | મહીસાગર

સમગ્ર રાજ્યમાં એક માસ સુધી ચાલનાર રાજ્યવ્યાપી 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત મહીસાગર જિલ્લા પોલીસ દ્વારા પર્યાવરણ જતન અને સ્વચ્છતા માટે મહીસાગર જિલ્લાના પ્રખ્યાત પ્રવાસન સ્થળ સાતકુંડા, ગોધર ખાતે પોલીસ વિભાગ દ્વારા સ્વચ્છતા સેવા પહેલ હેઠળ શ્રમદાન અને સ્વચ્છતા અભિયાન યોજાયો.મહીસાગર જિલ્લા પોલીસ વડા શ્રી સફિન હસનની ઉપસ્થિતિમાં સ્વચ્છતા સેવા કાર્યક્રમમાં જિલ્લા નાયબ પોલીસ અધિક્ષકશ્રી જે. જી. ચાવડા તેમજ જિલ્લા નાયબ પોલીસ અધિક્ષકશ્રી જી. એલ. ચૌધરી સહિત જિલ્લાના તમામ પોલીસ અધિકારીઓ તથા મોટી સંખ્યામાં પોલીસકર્મીઓ સહિત ત્યાંના સ્થાનિક ગ્રામજનો અને યુવાનો પણ ઉત્સાહભેર મોટી સંખ્યામાં આ સ્વચ્છતા યજ્ઞમાં જોડાયા હતા, જેણે લોકભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું અને સૌના સહયોગથી આ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.આ પ્રસંગે મહીસાગર પોલીસ દ્વારા નાગરિકોને પણ એક સકારાત્મક સંદેશ આપવામાં આવ્યો છે કે: 'આવો, આપણે સૌ પણ આપણા આસપાસના પરિસરને સ્વચ્છ રાખી 'સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત'ના સ્વપ્નને સાકાર કરવામાં સહભાગી બનીએ.'



## ગરૂડેશ્વર પ્રવાસના વિશેષ અહેવાલ

# ભીલવશી ગામે પરોઢિયે કુદરતી વાતાવરણમાં વિશેષ યોગ સત્ર યોજાયું



(એજન્સી) રાજપીપળા I તા. 21

ગુજરાત રાજ્યના નર્મદા જિલ્લાની બે દિવસીય મહત્વપૂર્ણ મુલાકાતે પધારેલા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગરૂડેશ્વર તાલુકાના અંતરિયાળ ગણાતા ભીલવશી ગામની પ્રાથમિક શાળા ખાતે રાત્રિ રોકાણ કર્યું હતું. ત્યારબાદ રવિવારની સવારે શાળાના નાના બાળકો અને સ્થાનિક યુવાનો સાથે મળીને ખુલ્લા આકાશ નીચે કુદરતી વાતાવરણના સાનિધ્યમાં ઉત્સાહભેર યોગ અને પ્રાણાયામ કર્યા હતા, જેણે ગ્રામીણ વિસ્તારના નાગરિકોમાં સ્વાસ્થ્ય પ્રત્યે એક નવી જ જાગૃતિ ફેલાવી દીધી છે.



જિલ્લા પંચાયત હસ્તક સંચાલિત આ પ્રાથમિક શાળાના વિશાળ મેદાન પર પરોઢિયે યોજાયેલા આકર્ષક યોગ સત્ર દરમિયાન રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને વિવિધ આસનો શીખવ્યા હતા. તેમણે સહજ અને સરલ ભાષામાં સમજાવ્યું હતું કે નિયમિત રીતે યોગાભ્યાસ કરવાથી માનવ શરીર હંમેશાં તંદુરસ્ત અને નિરોગી રહે છે, મન સંપૂર્ણપણે એકાગ્ર બને છે તેમજ દૈનિક જીવનમાં સકારાત્મક ઉર્જાનો અદભુત સંચાર થાય છે. શરીરના આંતરિક અંગો સુધી લોહીનો યોગ્ય સંચાર વધવાથી અનેક ગંભીર બીમારીઓથી છુટકારો મેળવી શકાય છે.

વ્યસ્ત જીવનશૈલીના આ યુગમાં સ્વાસ્થ્ય જાળવવું એ સૌથી મોટો પડકાર છે ત્યારે યોગ અને પ્રાણાયામ દ્વારા શરીર, મન અને આત્મા વચ્ચે સુંદર સંતુલન સ્થાપિત થઈ શકે છે તેમ તેમણે ઉમેર્યું હતું. શ્વસનતંત્રને વધુ મજબૂત બનાવવા માટે વિવિધ શ્વાસની ક્રિયાઓ, સારી ઊંઘ મેળવવા માટેના ઉપાયો તેમજ માનસિક તણાવમાંથી સંપૂર્ણ મુક્તિ મેળવવા માટે સવાશન જેવા મહત્વપૂર્ણ આસનોનો અભ્યાસ કેવી રીતે કરવો તેની વિસ્તૃત માહીતી પ્રત્યક્ષ પ્રયોગ દ્વારા પૂરી પાડી હતી.

યોગ સત્રની પૂર્ણાહુતિ બાદ રાજ્યપાલશ્રીએ શાળાના ભૂલકાંઓ સાથે અત્યંત હૂંફાળો અને પ્રેરણાદાયી સંવાદ યોજ્યો હતો. બાળકોને માર્ગદર્શન આપતા તેમણે ભારપૂર્વક જણાવ્યું કે જીવનમાં જો ક્યારેય કોઈ પણ ક્ષેત્રે સફળતાના શિખરો સર કરવા હોય તો સતત સખત મહેનત અને કંઈક નવું શીખવાની ખુમારી હોવી અનિવાર્ય છે. આપણા માતા-પિતા આપણા ઉજ્જવળ અને ભવ્ય ભવિષ્ય માટે અથાક પરિશ્રમ કરતા હોય છે, તેથી તેમનો આદર કરવો અને તેમની દરેક વાતનું પાલન કરવું એ આપણું નૈતિક કર્તવ્ય છે.

## પ્રાકૃતિક કૃષિ અપનાવો અને જમીન બચાવો, ગાય આધારિત ખેતીથી સમૃદ્ધ બનો કિસાન

# દેવવ્રતજીએ ગરૂડેશ્વરમાં કરી પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત

(એજન્સી) રાજપીપળા I તા. 21

ગુજરાત રાજ્યના નર્મદા જિલ્લાની બે દિવસીય પ્રવાસના બીજા દિવસે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગરૂડેશ્વર તાલુકાના ભીલવશી ગામના પ્રગતિશીલ ખેડૂત રાજેશભાઈ તડવીના પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની પ્રેરણાદાયી મુલાકાત લીધી હતી અને ત્યાં ખેડૂતો સાથે વિસ્તૃત સંવાદ સાધ્યો હતો.





રાજ્યપાલશ્રીએ ફાર્મની મુલાકાત દરમિયાન ત્યાં ઉગાડવામાં આવેલા વિવિધ પાકોનું ખૂબ જ ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું અને પાકોની ઉત્તમ ગુણવત્તા જોઈને ખુબ જ સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે ખેડૂતોને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે રાસાયણિક ખાતરો અને કીટનાશકોના અત્યંત વધુ પડતા ઉપયોગથી જમીનમાં રહેલા તમામ ઉપયોગી અળસિયા અને સૂક્ષ્મ જીવાણુઓ સંપૂર્ણપણે નષ્ટ પામે છે, જેના કારણે આજે ખેડૂતોએ મજબૂર થઈને બહારથી નાઇટ્રોજન, પોટાશ અને ફોસ્ફરસ જેવા હાનિકારક તત્ત્વો ઉમેરવા પડે છે. રાસાયણિક ખેતીના કારણે જમીન બિનઉપયોગી અને કઠણ બની ગઈ છે, જ્યારે પ્રાકૃતિક ખેતી અપનાવવાથી જમીન ફળદ્રુપ બને છે અને તેમાં કુદરતી જળ સંચયન થવાથી વરસાદી પાણી સીધું જમીનમાં ઊતરે છે. જો આપણે હજુ પણ રાસાયણિક ખેતી ચાલુ રાખીશું તો આવનારી પેઢીઓ માટે ફળદ્રુપ જમીન કે પીવાનું શુદ્ધ પાણી પણ બચશે નહીં.

આ પ્રવાસ દરમિયાન રાજ્યપાલશ્રીએ ભીલવશી ગામના મુકેશભાઈ તડવીના ઘરે પહોંચીને સ્વયં પોતાના હાથે ગાય દોહી હતી અને ઉપસ્થિત તમામ ખેડૂતોને દેશી ગાયનું પાલન કરવા પર વિશેષ ભાર મૂકવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે પ્રાકૃતિક ખેતીમાં ઉત્પાદન ખર્ચ ઘટીને બિલકુલ શૂન્ય થઈ જાય છે અને પાણીની પણ મોટા પ્રમાણમાં બચત થાય છે. ગુજરાતના અનેક ખેડૂતો પંચસ્તરીય મૉડેલ અપનાવીને અત્યંત ઓછી મજૂરી અને ઓછા ખર્ચે વાર્ષિક લાખો રૂપિયાની શાનદાર કમાણી કરી રહ્યા છે. આ સંદર્ભમાં તેમણે કચ્છના પ્રગતિશીલ ખેડૂતો રતિલાલભાઈ અને હરિશભાઈ ઠક્કરના ઉત્તમ ઉદાહરણો પણ આપ્યા હતા.

## કંપનીના કર્મચારી સામે ગુ નો

# વડોદરામાં કંપનીના કર્મચારીએ આચરી 37.16 લાખની છેતરપિંડી

(એજન્સી) વડોદરા I તા. 21

સોમવારના રોજ ગુજરાતના જાણીતા ઔદ્યોગિક નગર વડોદરામાંથી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં અકોટા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલી એક એન્જિનિયરિંગ કંપનીના જ કર્મચારી અને અન્ય એક કંપનીના માલિકે મળીને કુલ ૩૭.૧૬ લાખ રૂપિયાની મસમોટી રકમની ઠગાઈ અને વિશ્વાસઘાત આચર્યો હોવાનું સપાટી પર આવ્યું છે, જેના પગલે સ્થાનિક પોલીસ મથકે સત્તાવાર ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ઝડપથી ગતિમાન કરવામાં આવ્યા છે.

વડોદરા શહેરના વાસણારોડ પર આવેલા લવકુશ બંગ્લોઝ વિસ્તારમાં રહેતા મનનભાઈ કશ્યપભાઈ દાવડા તથા તેમના અન્ય ભાગીદારો શુકાન એન્જિનિયરિંગ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીનું સંચાલન સંભાળે છે. નવેમ્બર - ૨૦૨૫ ના સમયગાળા દરમિયાન મુંબઈ ખાતે રહેતા પ્રશાંત જનાર્દનભાઈ જામની નામના શખ્સે આ કંપનીનો સંપર્ક સાધ્યો હતો અને દાવો કર્યો હતો કે તેની અગાઉની એપકો નામની કંપની ફડચામાં જતી રહી છે, જેથી તેને પોતાની કંપનીમાં નોકરી પર રાખવામાં આવે અથવા તો તેની કંપની ખરીદી લેવામાં આવે. કંપનીના સંચાલકોએ તેના પર ભરોસો મૂકીને તેને દર મહિનાના પચાસ હજાર રૂપિયાના પગાર પર નોકરી પર રાખ્યો હતો. શરૂઆતના દિવસોમાં આ કર્મચારીએ કંપનીને કેટલાક સારા ઓર્ડર અપાવીને આર્થિક નફો પણ કરાવી આપ્યો હતો, જેના કારણે તેનો વિશ્વાસ વધુ મજબૂત બન્યો હતો.

સમય વીતવા સાથે આરોપી પ્રશાંતે કંપનીના ડાયરેક્ટર મનનભાઈ પાસે અંગત કામસર લોનની માંગણી કરી હતી, જેના ભાગરૂપે તેને તબક્કાવાર કુલ બાર લાખ અઠ્યોત્તેર હજાર રૂપિયા આપવામાં આવ્યા હતા. આટલું જ નહીં, આરોપીએ પોતાની ચતુર ચાલ ચાલતા રોટોર્ક વાલ્વ ઓટોમેશન નામની અન્ય એક કંપનીના માલિક પ્રવીણકુમારનો પરિચય કરાવ્યો હતો.

## તંત્રની કામગીરી પર સવાલો

# સંખેડા તાલુકાના ટીંબા ગામમાં નવી બનાવેલી પાણીની ટાંકીમાં સતત લીકેજની સમસ્યા



રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

સંખેડા તાલુકાના ટીંબા ગામમાં નવી બનાવેલી પાણીની ટાંકીમાં સતત લીકેજની સમસ્યા જોવા મળી રહી છે. આના કારણે તંત્રની કામગીરી પર સવાલો ઉભા થયા છે.ગામ લોકોના કહેવા મુજબ, આ ટાંકી બની ત્યારથી જ તેમાં લીકેજ છે. ટાંકીમાં પાણી ભરતા જ તે બહાર નીકળવાનું શરૂ થઈ જાય છે, જેના કારણે રોજ હજારો લીટર પાણીનો બગાડ થાય છે.ગામ લોકોનો આરોપ છે કે કોન્ટ્રાક્ટર દ્વારા ઘણી વાર તપાસ કરીને સમારકામ કરવામાં આવ્યું છે, છતાં લીકેજ બંધ થતું નથી.

આથી ગ્રામજનોને શંકા છે કે ટાંકીના બાંધકામમાં હલકી ગુણવત્તાનો સામાન વાપરવામાં આવ્યો છે અથવા કામ નબળું થયું છે.ગ્રામજનોની માંગ છે કે હવે માત્ર રિપેરિંગ કરવાને બદલે ટાંકીના બાંધકામની ગુણવત્તાની ટેકનિકલ તપાસ કરવામાં આવે. જેથી ખામીનું મૂળ કારણ શોધીને કાયમી ઉકેલ લાવી શકાય.

એક તરફ સરકાર 'પાણી બચાવો' અભિયાન ચલાવી રહી છે અને ગામોમાં પાણીના સંગ્રહ માટે લાખો રૂપિયા ખર્ચી રહી છે. ત્યારે બીજી તરફ નવી ટાંકીમાંથી જ પાણી લીક થવું એ ગંભીર બાબત છે. સ્થાનિક આગેવાન મેહુલભાઈ પટેલે જણાવ્યું કે, 'લીકેજ બાબતે કોન્ટ્રાક્ટર ઘણી વાર આવીને જોઈ ગયા છે અને રિપેર પણ કરી ગયા છે. તેમ છતાં સમસ્યા જેવી હતી તેવી જ છે.

જો આ સમસ્યાનો કાયમી ઉકેલ નહીં આવે તો અમે આંદોલન કરીશું.'આ બાબતે બોડેલી પાણી પુરવઠા વિભાગના અધિકારી જયદીપ ડામોરે ખુલાસો કર્યો હતો. તેમણે કહ્યું કે, 'ટીંબા ગામની ટાંકીને બે વાર રિપેર કરવામાં આવી હતી.

કેમિકલ લગાવ્યા પછી તેને 24 કલાક સૂકવવું પડે છે, પણ તરત જ પાણી ભરી દેવાતા કેમિકલની અસર થતી નથી અને ફરી લીકેજ થાય છે. હવે અમે વ્યવસ્થિત રીતે કેમિકલ દ્વારા રિપેર કરીને કાયમી ઉકેલ લાવીશું.'

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખો ધન ચોરી થવા ની શક્યતા છે.

**વૃષભ : બ. વ. ઉ.**

અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો. ચિંતાની ગેરહાજરી આ દિશામાં પ્રથમ પગલું છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે.

**મિથુન : ક. છ. ઘ.**

રમૂજી સંબંધીઓનો સાથ તમારી તાણ ઘટાડશે તથા તમને જેની જરૂર છે એવી નિરાંત તમને આપશે. આવા સંબંધીઓ મેળવવા બદ્દલ તમે નસીબદાર છો. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશો સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો.

**કર્ક : ડ. હ.**

તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશો પ્રિયપાત્ર સાથે ઝઘડો કરાવે એવા મુદ્દાઓ ટાળવા તમારી માટે શ્રેષ્ઠ રહેશે.

**સિંહ : મ. ટ.**

ફિટનેસ તથા વેટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુક્સાન પહોંચાડી શકે છે.

**કન્યા : પ. ઠ. ણ.**

પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. સંબંધીઓ તમારી તરફ મદદનો હાથ લંબાવવા ઈચ્છુક હશે. ભૂતકાળમાં તમારા પ્રિયપાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો.

**તુલા : ર. ત.**

માનસિક તાણ છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. તમારા બાળકોની ચિંતાઓમાં સહકાર આપવો મહત્વનો છે. પ્રેમ એ ઈશ્વરની પૂજા સમાન છે.

**વૃશ્ચિક : ન. ય.**

વધુ પડતું ભોજન લેવાનું ટાળો અને તમારા વજન પર નજર રાખો. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખો ધન ચોરી થવા ની શક્યતા છે. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

વધુ પડતો ખોરાક લેવાથી દૂર રહો અને સ્વસ્થ રહેવા માટે હેલ્થ ક્લબની નિયમિત મુલાકાત લો. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે.

**મકર : ખ. જ.**

પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કેમ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો.તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂ અન્યથા તેનાથી પરાધીનતા આવી શકે છે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું.

**કુંભ : ગ. સ. શ. ષ.**

વધુ પડતું ખાવું તથા ઉચ્ચ કેલેરી ધરાવતો ખોરાક ટાળવો. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે, તમે તેમને પૈસા આપી તો દેશો પરંતુ આના થી તમારા આર્થિક હાલત ખરાબ થયી શકે છે.


**મીન : દ. ચ. ઝ. થ.**

તમારા ભયથી બને એટલી જલ્દી મુક્તિ મેળવવી પડશે, કેમ કે તમારા સ્વાસ્થ્ય પર તેના પર તરત અસર પડવાની શક્યતા છે તથા સારા સ્વાસ્થ્યનો આનંદ લેવાના તમારા માર્ગમાં તે અંતરાય બની શકે એવી શક્યતા જોવાય છે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે.

સમાજમાં પ્રચલિત ગેરમાન્યતાઓ વિશે સરળ ભાષામાં સમજણ આપી હતી

# સંખેડા તાલુકાના બહાદુરપુર ગામમાં એક જનજાગૃતિ કાર્યક્રમ અને લાઈવ ડેમો યોજાયો

| કમલેશ પટેલ. સંખેડા





આંતરરાષ્ટ્રીય સાપ જાગૃતિ સપ્તાહ (૧૯ થી ૨૫ સપ્ટેમ્બર) નિમિત્તે સંખેડા તાલુકાના બહાદુરપુર ગામમાં એક જનજાગૃતિ કાર્યક્રમ અને લાઈવ ડેમો યોજાયો હતો. આ કાર્યક્રમનો હેતુ સાપ અંગેની ગેરમાન્યતાઓ દૂર કરવી, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ કેળવવો અને સાપ-માનવ વચ્ચેના સંઘર્ષને ઘટાડવાનો હતો.

આ કાર્યક્રમ સામાજિક વનીકરણ વિભાગ, વડોદરા, સામાજિક વનીકરણ રેન્જ સંખેડા અને બહાદુરપુર-સંખેડા એનિમલ રેસ્ક્યુ ટીમના સહયોગથી યોજાયો હતો. બહાદુરપુરની આંગણવાડી/બાળમંદિર પરિસરમાં સવારે ૧૦ થી ૧૦:૩૦ વાગ્યા દરમિયાન યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો, વાલીઓ, મહિલાઓ, વેપારીઓ, સ્થાનિક આગેવાનો અને બાળકો હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં બહાદુરપુરના સરપંચ ભૌમિકભાઈ દેસાઈ, સંખેડા વન વિભાગના RFO રાકેશભાઈ અને વન વિભાગનો સ્ટાફ હાજર રહ્યો હતો. આ ઉપરાંત, બહાદુરપુર એનિમલ રેસ્ક્યુ ટીમના પ્રમુખ સચિનભાઈ પંડિત, સંખેડાના સંકેતભાઈ બારીયા અને રેસ્ક્યુ ટીમના સંજયભાઈ, લાલાભાઈ, સુનિલભાઈ સહિત સ્વયંસેવકો પણ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં વન વિભાગ અને એનિમલ રેસ્ક્યુ ટીમના સભ્યોએ સાપના વિવિધ પ્રકારો, ઝેરી અને બિનઝેરી સાપ વચ્ચેનો ફરક, સાપનું કુદરતી મહત્વ અને સમાજમાં પ્રચલિત ગેરમાન્યતાઓ વિશે સરળ ભાષામાં સમજણ આપી હતી.સાપને ફક્ત ડરામણા કે નુકસાનકારક જીવ તરીકે જોવાને બદલે, તેઓ પર્યાવરણના મહત્વના ભાગ અને ખેતીના મિત્ર તરીકે કેવી રીતે કામ કરે છે તે પણ સમજાવવામાં આવ્યું. ખાસ કરીને ખેતરોમાં ઉંદરોની સંખ્યાને કાબૂમાં રાખવામાં સાપની ભૂમિકા વિશે ખેડૂતોને માહિતી અપાઈ હતી.કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ સાપના સુરક્ષિત રેસ્ક્યુનો લાઈવ ડેમો હતો. રેસ્ક્યુ ટીમે સાપને માર્યા કે ઈજા પહોંચાડ્યા વિના, પોતાની અને આસપાસના લોકોની સલામતી જાળવીને તેને કેવી રીતે પકડવો અને બચાવવો તેની પ્રેક્ટિકલ સમજ આપી.લાઈવ ડેમો દરમિયાન બાળકો અને ગ્રામજનોએ ઉત્સાહથી ભાગ લીધો. નિષ્ણાતોએ સાપ અંગેના તેમના અનેક સવાલોના જવાબ આપ્યા. તેમણે સ્પષ્ટ કર્યું કે બીનના અવાજે સાપ નાચતો નથી અને દૂધ પણ તેનો કુદરતી ખોરાક નથી.

## નીરવ [મોન્ટુ]ને હૃદયસ્પર્શી 14મી વાર્ષિક શ્રદ્ધાંજલિ

એક વૃક્ષ – એક જીવંત સ્મારક વિરમગામથી તત્કાલીન મુખ્યમંત્રી શ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી સાહેબની વિવેકાનંદ યાત્રામાંથી પરત ફરતી વેળાએ સર્જાયેલી અણધારી દુર્ઘટનાએ ચૂવાળ પંથકના અદમ્ય ઉત્સાહી અને લોકલાડીલા યુવાન નીરવ (મોન્ટુ) મિનેશકુમાર પટેલ ને આપણી પાસેથી અકાળે છીનવી લીધા. એ અસમય વિદાયની વેદના ભલે અસહ્ય રહી હોય, પણ




તેમની પુણ્યસ્મૃતિને અક્ષૂર્ણ રાખવા જન્મેલું 'નીરવ પ્રકૃતિ ટ્રસ્ટ' આજે એક વરદાન સાબિત થઈ રહ્યું છે.આ સંસ્થા શિક્ષણ. લોકકલ્યાણ, જનજાગૃતિ . પ્રકૃતિ પર્યાવરણ જાગૃતિ અને પશુ-પક્ષી સેવામાં અગ્રેસર છે. ડાંગરવા ગામના 'નીલકંઠ મુક્તિધામ' ખાતે ખડું થયેલું વિશાળ ફોરેસ્ટ પાર્ક તેનું જીવંત ઉદાહરણ છે. વડ વાવો એ અમારું સૌથી મોટું અભિયાન છેજડ પાષાણ કે સ્મારકો સમયના વહેણમાં વિલીન થઈ જાય છે, પરંતુ પ્રકૃતિ ક્યારેય મરતી નથી. આ જ સત્યને આત્મસાત કરતી અદભુત પરિકલ્પના એટલે *'સ્મૃતિ વૃક્ષ' અભિયાન: અનોખી અંજલિ: આપ પણ આપના સ્વજનની પુણ્યતિથિ કે યાદગીરીમાં વડ, પીપળો કે લીમડો જેવા પવિત્ર દેશી વૃક્ષો રોપીને તેમને ચિરંજીવી રાખવા. જીવંત તીર્થસ્થાન: આ છોડ સમય જતાં વટવૃક્ષ બનીને પશુ-પક્ષીઓ માટે આશ્રયસ્થાન અને રાહદારીઓ માટે શીતળ છાંયાનું ધામ બની જાય છે.

## સિક્કા નજીક શાપર ગામના પાટીયા પાસેથી પરપ્રાંતીય દારૂના 75 ચપલા સાથે એક શખ્સ ઝડપાયો

શાપર : સિક્કા પોલીસ દ્વારા શાપર ગામના પાટીયા પાસે દરોડો પાડી રૂ.15,000ની કિંમતનો પરપ્રાંતીય વિદેશી દારૂનો જથ્થો તથા મોબાઈલ ફોન મળી કુલ રૂ.20,000નો મુદ્દામાલ કબજે કરી એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે. સિક્કા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દારૂ-જુગારની પ્રવૃત્તિ અંગે પેટ્રોલિંગમાં હતો ત્યારે શાપર ગામના પાટીયા પાસે બાતમી મળી હતી કે, શાપર ગામમાં રહેતો અજયસિંહ ઉર્ફે લાલો રણજીતસિંહ જાડેજા બહારથી વિદેશી દારૂનો જથ્થો મંગાવી પોતાના રહેણાંક મકાન નજીક રજુભા ટપુભા જાડેજાના ડેલીબંધ વંડામાં આવેલા જીઓના ટાવર નીચે છુપાવી રાખ્યો છે અને હાલ દારૂના જથ્થાની હેરફેર કરી રહ્યો છે.બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખી શાપર ગામમાં રજુભા ટપુભા જાડેજાના ડેલીબંધ વંડામાં દરોડો પાડ્યો હતો. વંડાની અંદરથી એક શખ્સ પુઠાના બોક્સમાંથી કંઈક કાઢતો નજરે પડતાં પોલીસે તેને ઝડપી લીધો હતો. તેની પૂછપરછમાં તેનું નામ અજયસિંહ ઉર્ફે લાલો રણજીતસિંહ જાડેજા (ઉ.વ.29, રહે. શાપર ગામ, દરબાર પાડા, બાપા સીતારામની મહુલી પાસે, જામનગર) હોવાનું ખુલ્યું હતું.

પોલીસે તેની પાસેથી મળી આવેલા બે પુઠાના બોક્સની તપાસ કરતાં તેમાં ભારતીય બનાવટનો પરપ્રાંતીય વિદેશી દારૂ મળી આવ્યો હતો. જેમાં ગ્રીન લેબલ બ્લેન્ડેડ વ્હિસ્કીના 180 મિલીના 35 ચપલા તથા 180 મિલીના 40 ચપલા, મળી કુલ 85 ચપલા હતા. દારૂની કુલ કિંમત રૂ.15,000 ગણવામાં આવી હતી.

## પૂ મોરારિબાપુ કથિત "માનસ સનાતન ધર્મ"કથાનું સારદોહન સંપાદનનું લોકાર્પણ આગરામાં

આગરા : પૂ મોરારિબાપુ શ્રી મુખેથી પ્રવાહી થઈ રહેલ રામકથા" માનસ ઋષિ પંચમી" ઉત્તર પ્રદેશના આગ્રા ખાતે ગવાઈ રહી છે.તા 20/9 ના રોજ કથાના છઠ્ઠા દિવસે ત્રણ ગ્રંથોનું વ્યાસપીઠને બ્રહ્માર્પણ થયું. જેમાં પૂ મોરારિબાપુના શ્રીમુખથી ગવાયેલી રામકથા 'માનસનાતન ધર્મ' દિલ્હીને શબ્દદેહ આપીને પુસ્તક સ્વરૂપે તખુભાઈ સાંડસુરે સંપાદિત કરેલું પુસ્તક 'માનસનાતન ધર્મ' લોકાર્પણ કરવામાં આવ્યું. શ્રી તખુભાઈ સાંડસુર પત્રકારત્વ, શિક્ષણ અને પર્યાવરણ જેવા વિષયો સાથે જોડાયેલા છે.તેમના સંપાદિત અને લિખિત કુલ 12 જેટલા પુસ્તકો છે. પૂજ્ય મોરારિબાપુએ આ ગ્રંથને આશીર્વાદ આપીને પોતાની



પ્રસન્નતા વ્યક્ત કરી હતી.કવિ શ્રી નિતીન વડગામા સાથે જોડાયાં હતાં.

ઈંગ્લીશ દારૂ ઝડપાયો

## જામનગર અને નજીકના વિસ્તારમાં જુદા જુદા ચાર સ્થળે પોલીસના દરોડા

જામનગર : જામનગર અને આસપાસના વિસ્તારોમાં પોલીસે પ્રોહિબિશનની અલગ-અલગ કાર્યવાહીમાં ચાર સ્થળેથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી લીધો હતો. પોલીસે કુલ રૂ.27,630ની કિંમતનો દારૂ કબજે કરી ચાર આરોપીઓને ઝડપી લીધા છે, જ્યારે એક આરોપી ફરાર હોવાનું જાહેર થયું છે.પંચકોશી-એ પોલીસે હાપા ગામથી ઠેબા ગામ તરફ જતા રોડ પર રેલવે ફાટક પાસે કાર્યવાહી કરી હતી. અહીં હાપા ગામે રામમંદિર પાસે રહેતા ૪૨ વર્ષીય વિજયભાઈ ભીમાભાઈ કાનગડ પાસેથી પરમિટ વગરના ભારતીય બનાવટના વિદેશી દારૂની પ્લાસ્ટિકની પાંચ ચપટી બોટલ, કિંમત રૂ.500, મળી આવતાં તેની ધરપકડ કરવામાં આવી હતી.ત્યારબાદ ઠેબા ગામ બસ સ્ટેન્ડ આગળ પોલીસે કાર્યવાહી કરી હતી. અહીં ઠેબા બાયપાસ લુમ્બીનગરમાં રહેતા ૩૫ વર્ષીય સંજયભાઈ મોહનભાઈ રાઠોડ પાસેથી પણ પરમિટ વગરના દારૂની પાંચ પ્લાસ્ટિકની ચપટી બોટલ, કિંમત રૂ.500, મળી આવતાં તેની ધરપકડ કરવામાં આવી હતી.

સીટી-સી પોલીસની ટીમે દિગ્જામ સર્કલથી આરવ હાઈટ્સ તરફ જતા રોડ પર કાર્યવાહી કરતાં રામેશ્વરનગર-રાંદલનગર વિસ્તારમાં રહેતા ૨૭ વર્ષીય જયપાલસિંહ ચંદુભા ઝાલા પાસેથી ગેરકાયદે ભારતીય બનાવટની ઈંગ્લિશ દારૂની 'ગ્રીન લેબલ એક્સપોર્ટ સ્પેશિયલ વ્હિસ્કી'ની બે સીલબંધ બોટલ, કિંમત રૂ.1,130, મળી આવી હતી. પોલીસે તેને ઝડપી લીધો હતો. પોલીસ ફરિયાદમાં આ દારૂનો જથ્થો ભવ્યદીપસિંહ વાળા, રહે. જામનગર, દ્વારા પૂરો પાડવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરાયો છે અને તેની ધરપકડ બાકી હોવાનું નોંધાયું છે.સિક્કા પોલીસે રાધાસ્વામી સોસાયટી પાસે જાહેરમાં કાર્યવાહી કરતાં ભાવેશભાઈ હસમુખભાઈ પરમાર, ઉંમર 18, અને વિશાલભાઈ મુકેશભાઈ ચૌહાણ, ઉંમર 25, બંનેને ઝડપી લીધા હતા. બંને પાસેથી પરમિટ વગરની પરપ્રાંતીય દારૂની કુલ 170 પ્લાસ્ટિકની ચપટી બોટલ, કિંમત રૂ.25,500, મળી આવી હતી. જેમાં 'ઓલ સીઝન ગોલ્ડન કલેક્શન રિઝર્વ વ્હિસ્કી'ની 80 તથા 'પાર્ટી સ્પેશિયલ ધ ઓરિજિનલ ગોલ્ડ પ્રીમિયમ વ્હિસ્કી'ની ૯૦ બોટલનો સમાવેશ થાય છે.આમ, ચારેય કાર્યવાહીમાં પોલીસે કુલ 182 ચપટી/બોટલ દારૂનો જથ્થો અને રૂ.27,630નો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે પ્રોહિબિશન અધિનિયમની જુદી-જુદી કલમો હેઠળ ગુના નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની સમાજ દ્વારા "સરસ્વતી સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમ - ૨૦૨૬" નું ભવ્ય આયોજન કરાયું

મહેશ એલ. સોની નખત્રાણા

શ્રી મારૂ કંસારા સોની સમાજ, નખત્રાણા પ્રેરિત અને શ્રી મારૂ કંસારા સોની યુવક મંડળ તથા મહિલા મંડળ આયોજિત સમાજના તેજસ્વી તારલાઓને બિરદાવતા "સરસ્વતી સન્માન / સાંસ્કૃતિક કાર્યક્રમ સમારોહ - ૨૦૨૬" નું ભવ્યાતિભવ્ય આયોજન તારીખ :૨૦-૦૯-૨૦૨૬, રવિવારના રોજ શ્રી મારૂ કંસારા સોની સમાજવાડી, વિરાણી રોડ, નખત્રાણા-કચ્છ ખાતે કરવામાં આવ્યું હતું.આ અંગે યુવક મંડળ પ્રમુખ રાજનભાઈ બુધ્ધભટ્ટી તેમજ મહામંત્રી વરૂણ ભાઈ બારમેડા ની સંયુક્ત યાદીમાં જણાવવામાં આવ્યું હતું કે વિદ્યાની અધિષ્ઠાત્રી મા સરસ્વતીની ઉપાસના સાથે સમાજના ગુજરાતી/અંગ્રેજી માધ્યમના ધોરણ બાલવાટિકા,શિશુમંદિર Lkg, Ukg તથા ધો. ૧ થી કોલેજ સુધીના જ્ઞાતિના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સન્માનિત કરી તેમને શિક્ષણ ક્ષેત્રે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જ્ઞાતિના અગ્રણીઓ





હસ્તે દીપ પ્રાગટ્ય બાદ મહિલા મંડળ દ્વારા જ્ઞાતિના બાળકો દ્વારા યોજાયેલ રંગા રંગ સાંસ્કૃતિક કાર્યક્રમનું કુ. ખુશ્બુબેન સોની તેમજ કુ. વિધાબેન સોની એ ખૂબ જ સરસ સંચાલન કર્યું હતું.આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા ભુજના અગ્રણીઓ એવા અ. ભા. મા. કં. સો. મહામંડળના મહામંત્રી શ્રી શાંતિલાલ ભાઈ સોની (કચ્છમિત્ર), અને અ. ભા. મા. કં. સો. મહામંડળના મંત્રીશ્રી વસંત ભાઈ પોમલ (vp), તેમજ, શ્રી ચંદ્રકાંતભાઈ બુધ્ધભટ્ટી(પૂર્વ પ્રમુખશ્રી, ભુજ લાયન્સ ક્લબ), માંડવીથી શ્રી રમેશભાઈ વાલજી બિજલાણી(પૂર્વ પ્રમુખશ્રી માંડવી સોની સમાજ), રવાપર સોની સમાજના પ્રમુખ શ્રી અશ્વિનભાઈ સોનીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે જ્ઞાતિના યુવા બાળ નિષ્ણાત ડૉ. સાવન સાકરીયા, અગ્નિવિર આર્મીમાં પસંદગી પામનાર જ્ઞાતિના પ્રથમ યુવા જવાન વિષ્ણુ બુદ્ધભટ્ટી, વડોદરા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટી phd આસિસ્ટન્ટ પ્રોફેસર મ કિશન રમેશ ભાઈ કટ્ટા સમાજના દરેક કાર્યમાં હંમેશા મહત્વનું યોગદાન આપનાર વિનોદભાઈ બિજલાની (બટુક ભાઈ), નખત્રાણા નગરપાલિકાના જ્ઞાતીના પ્રથમ કાઉન્સિલર(BJP) શ્રીમતિ ખુશ્બુબેન સોની નું પત્રકાર મહેશ એલ. સોનીનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું . માર્ગદર્શન હેઠળ યુવક મંડળ ઉપપ્રમુખશ્રી મેબ્રીન બગ્ગા, નિકુંજ બુધ્ધભટ્ટી, મહામંત્રીશ્રી વરૂણ બારમેડા, ખજાનચીશ્રી નીલેશ કટ્ટા, આનંદ બુધ્ધભટ્ટી, નીરવ બિજલાણી સહિતની ટીમે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### જામનગરના માધવબાગમાંથી 8 મહિલાઓ જાહેરમાં તીનપત્તીના જુગારમાં ઝડપાઈ

જામનગર : જામનગરના માધવબાગ-1 વિસ્તારમાં મહાદેવ મંદિર પાસે જાહેર ગલીમાં ગંજીપત્તાના પાનાં વડે તીનપત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમતી આઠ મહિલાઓને સીટી-સી ડિવિઝન પોલીસની સર્વેલન્સ સ્કવોડે દરોડો પાડી ઝડપી લીધી હતી. પોલીસે મહિલાઓ પાસેથી તથા જુગારના સ્થળેથી કુલ રૂ.31,250ની રોકડ અને ગંજીપત્તા કબજે કર્યા હતા.પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન માધવબાગ-1, શેરી નં.5, મહાદેવ મંદિર પાસે જાહેરમાં કેટલીક મહિલાઓ જુગાર રમતી હોવાની બાતમી મળી હતી. જેના આધારે પંચોને સાથે રાખી દરોડો પાડવામાં આવતાં આઠ મહિલાઓ ગોળ કુંડાળું વળી તીનપત્તીનો જુગાર રમતી મળી આવી હતી.આ મહિલાઓ પાસેથી અનુક્રમે રૂ.3,950, રૂ.3,700, રૂ.3,550, રૂ.3,400, રૂ.3,450, રૂ.3,700, રૂ.4,100 અને રૂ.3,550 રોકડ મળી આવી હતી. આ ઉપરાંત જુગાર રમવાના સ્થળેથી રૂ.1,850ની રોકડ અને ગંજીપત્તા મળી આવ્યા હતા.

ભારે વરસાદના કારણે વોકળામાં ફસાયેલા ૪૦ નાગરિકો

## જૂનાગઢ મહાનગરપાલિકા ની ફાયર શાખા દ્વારા સલામત રેસ્ક્યું કરવામાં આવ્યું

| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.21.

તા.૨૦/૦૯/૨૦૨૬ને રવિવારના રોજ બપોરે ૧૪:૧૫ કલાકે ફાયર કંટ્રોલ રૂમને કોલ પ્રાપ્ત થયો હતો કે, દોલતપરા વિસ્તારમાં આવેલ ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર પાસેના જંગલના વોકળામાં ભારે વરસાદના કારણે પાણી આવી ગયેલ હોય અને તેમાં કેટલાક માણસો ફસાયેલ છે.આ ઘટનાની જાણ થતાં જ મહાનગર પાલિકા, જૂનાગઢની ફાયર શાખાની ટીમ તાત્કાલિક સાધન-સામગ્રી સાથે ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયર વિભાગના જવાનોએ ત્વરિત બચાવ કામગીરી હાથ ધરીને ભારે જહેમત બાદ પાણીમાં ફસાયેલા કુલ ૪૦ નાગરિકોનું સફળતાપૂર્વક રેસ્ક્યુ



કરી, તમામ લોકોને સહી-સલામત બહાર કાઢ્યા હતા. આ બચાવ કામગીરી પૂર્ણ કર્યા બાદ, રેસ્ક્યુ ઓપરેશનમાં જોડાયેલ તમામ કર્મચારીઓ સાધન-સામગ્રી સાથે સહી-સલામત ફાયર શાખા ખાતે પરત ફરેલ છે તેમ એક યાદીમાં જણાવ્યું છે.

લોકમેળા

## જામનગરના કાલાવડના રણુજા લોકમેળામાં રાઈડ્સના સંચાલકો વચ્ચેનો વિવાદ સામે આવ્યો

કાલાવડ : કાલાવડ ખાતે યોજાનારા સુપ્રસિદ્ધ રણુજા લોકમેળાની શરૂઆત પહેલાં જ રાઈડ્સ સંચાલકો વચ્ચે તીવ્ર વિવાદ સામે આવ્યો છે. મેળામાં નીતિ-નિયમોને નેવે મૂકીને મુલાકાતીઓના ચાલવાના મુખ્ય રસ્તાઓ પર ગેરકાયદે રીતે મનોરંજનની રાઈડો ખડકી દેવામાં આવી હોવાના આક્ષેપ સાથે જામનગરના જિગ્નેશભાઈ ભરતભાઈ નંદા તથા અન્ય અરજદારોએ જામનગર ગ્રામ્યના પ્રાંત અધિકારીને લેખિત ફરિયાદ કરી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ કેટલાક રાઈડ્સ સંચાલકોએ સરકારની ગાઈડલાઈન અને નિયમો મુજબ તેમને ફાળવવામાં આવેલા નિયત પ્લોટમાં રાઈડો લગાવીને આયોજન કર્યું છે. જોકે, અન્ય કેટલાક પ્લોટધારકો તથા નાની-મોટી રાઈડોના સંચાલકો દ્વારા સરકારી નિયમોનો ભંગ કરવામાં આવી રહ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદ મુજબ કેટલાક રાઈડ સંચાલકો ફાળવવામાં આવેલી નિયત જગ્યાના બદલે મેળામાં મુલાકાતીઓના ચાલવાના મુખ્ય રસ્તાઓ પર જ રાઈડો ખડકી રહ્યા છે. રસ્તાઓ પર આડેધડ દબાણ થવાના કારણે મેળામાં અવરજવર માટે મુશ્કેલી ઊભી થવાની સાથે મુલાકાતીઓની સુરક્ષા સામે પણ જોખમ ઊભું થઈ શકે છે. રસ્તાઓ પર નિયમ વિરુદ્ધ ખડકવામાં આવેલી રાઈડોના કારણે મેળાના સમગ્ર આયોજનમાં વિઘ્ન ઊભું થવાની શક્યતા દર્શાવી અરજદારોએ ત્વરિત આવી રાઈડો અને દબાણો તાત્કાલિક દૂર કરી રસ્તાઓ ખુલ્લા કરાવવાની માંગ કરી છે. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે જો ગેરકાયદે રાઈડો દૂર કરી યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં નહીં આવે તો મેળામાં અવ્યવસ્થા સર્જાવાની ભીતિ છે. આ અંગેની ફરિયાદની નકલ કાલાવડ મામલતદાર તેમજ પોલીસ ઈન્સ્પેક્ટરને પણ મોકલવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સવારે રાજ્યપાલ દેવવ્રતે બાળકો સાથે યોગા કર્યા

# ગરુડેશ્વર નજીક ભીલવસી ગામમાં રાજ્યપાલ નું રાત્રી રોકાણ

રાજપીપલા : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ નર્મદા જિલ્લાની બે દિવસીય મુલાકાત દરમિયાન ગરૂડેશ્વર તાલુકાના ભીલવશી ગામની પ્રાથમિક શાળામાં રાત્રિવિશ્રામ કર્યા બાદ સવારે શાળાના વિદ્યાર્થીઓ તેમજ યુવાનો સાથે યોગાભ્યાસ કર્યો હતો.પ્રાપ્ત માહિતી મુજબ નર્મદા જિલ્લા ની રચના બાદ સૌ પ્રથમવાર રાજ્યપાલે કોઈ ગામડાની પ્રાથમિક શાળા માં રાત્રી રોકાણ કરી સવારે બાળકો સાથે યોગા કર્યા ની ઘટના રાજ્યપાલ દેવવ્રત ના નામ સાથે જોડાઈ છે.જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાના ગ્રાઉન્ડમાં પરોઢિયે યોજાયેલા યોગ સત્ર દરમિયાન રાજ્યપાલે શાળાના વિદ્યાર્થીઓ અને ગ્રામજનો સાથે યોગાભ્યાસ અને પ્રાણાયામ કરી તેના આરોગ્યલક્ષી ફાયદાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, પ્રતિદિવસ યોગાભ્યાસથી શરીર તંદુરસ્ત રહે છે, મન એકાગ્ર બને છે અને જીવનમાં સકારાત્મક ઉર્જાનો સંચાર થાય છે. યોગથી શરીરમાં લોહીનો સંચાર વધે છે તેથી અનેક રોગોમાં ફાયદાકારક છે.રાજ્યપાલ દેવવ્રતે બાળકો સાથે સંવાદ કરતાં જણાવ્યું હતું કે, જીવનમાં આગળ વધવા માટે





સતત મહેનત અને કંઈક નવું કરવાની ભાવના જરૂરી છે. માતા-પિતા બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ મહેનત કરે છે, ત્યારે તેમનું સન્માન જાળવી તેમને મદદરૂપ બનવું જોઈએ. શાળામાં મન લગાવીને અભ્યાસ કરવા તેમજ આ ઉંમરે કોઈપણ પ્રકારના વ્યસનથી દૂર રહેવા તેમણે બાળકોને અનુરોધ કર્યો હતો. જીવનમાં ભૂલો થાય તે સ્વાભાવિક છે, પરંતુ ભૂલ છુપાવવાને બદલે માતા-પિતા, ગુરુજનો કે ભાઈ-બહેનોને જણાવવાથી યોગ્ય માર્ગદર્શન મળી શકે છે.

તેઓએ જણાવ્યું હતું કે, યોગએ ભારતની પ્રાચીન વિરાસત છે, વ્યસ્ત જીવનશૈલીમાં યોગ અને પ્રાણાયામ સ્વસ્થ જીવન માટે અત્યંત જરૂરી છે. યોગ દ્વારા શરીર, મન અને આત્મા વચ્ચે સંતુલન સ્થાપિત થાય છે, જેના કારણે માનસિક તણાવ દૂર થાય છે અને અભ્યાસમાં પણ વધુ એકાગ્રતા પ્રાપ્ત થાય છે. રાજ્યપાલ એ વિવિધ આસન, યોગાભ્યાસ, પ્રાણાયામના નિયમિત અભ્યાસથી શ્વસનતંત્ર મજબૂત બનતું હોવાનું તેમજ સારી ઊંઘ અને તણાવ મુક્તિ માટે સવાશન, સર્વાઈકલ માટે વિવિધ આસનો બતાવી યોગ અને પ્રાણાયામને જીવનશૈલીનો ભાગ બનાવવા અનુરોધ કર્યો હતો.

## પુરાણ પ્રસિદ્ધ એવા સૌરાષ્ટ્રની ગંગા સમાન દામોદરકુંડ તીર્થક્ષેત્ર (ઘાટ) પર મહાઆરતી યોજાઈ

| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.21.

જૂનાગઢમા દામોદરકુંડ તીર્થ ગોર સમિતિ દ્વારા સેવા સમર્પણ અને સુશાસનના અવિરત 25 વર્ષ અનુસંધાને ગત રવિવારે જૂનાગઢ ના પુરાણપ્રસિદ્ધ એવા દામોદરકુંડ ઘાટ તીર્થક્ષેત્ર પર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘાયુ કામના અર્થે મહાઆરતી અને દીવડાઓ પ્રકટાવી તીર્થઘાટની આરતી ઉતારવામાં આવી હતી પ્રભુશ્રી નરેન્દ્રભાઈ મોદીને દીર્ઘાયુ આપે અને તેઓની ઉત્કૃષ્ટ સેવાઓ અને માર્ગદર્શન થકી રાષ્ટ્ર ઉન્નતિના પંથે પ્રગતિશીલ રહે એવી ભાવના સાથે પ્રાર્થના કરવામાં આવી હતી. અત્રે એ ઉલ્લેખનીય છે કે અગાઉ વર્ષ 2012 માં માનનીય નરેન્દ્રભાઈ મોદી એ મુખ્યમંત્રી તરીકે દામોદરકુંડ ઘાટની મહાઆરતી કરેલ ત્યારબાદ આ ઘાટ પર દીપ પ્રકટાવી મહા આરતી શ્રી દામોદરકુંડ તીર્થગોર સમિતિ દ્વારા આયોજીત કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં શહેરના આગેવાનો, વૈષ્ણવો અને તીર્થ પુરોહિત પ્રમુખશ્રી નિલેશભાઈ પુરોહિત, નિર્ભયભાઈ પુરોહિત, કલ્પેશભાઈ પુરોહિત, કિશનભાઈ પુરોહિત, યતીનભાઈ વ્યાસ, રોહિતભાઈ સહિતના તીર્થ પુરોહિતોના મંત્રોચ્ચાર વચ્ચે નવા નીરના વધામણા કરી સુંદર પુષ્પાવલીથી આ ઘાટના નીરનું પૂજન કરી, પુષ્પમાળા અર્પણ કરી સૌ ઉપસ્થિત દર્શનાર્થીઓએ દીવડા સાથે મહાઆરતી કરવામાં આવેલ, અંતે શ્રી રાધાદામોદરજી પ્રભુ અને દામોદરકુંડ ઘાટના જયઘોષ અને વંદે માતરમ્ ભારત માતાકી જયના ગુંજારવ સાથે આ કાર્યક્રમ સંપન્ન થયેલ.

# BRICSમાં ભારતની નિકાસમાં જોરદાર તેજી! 34%નો ઉછાળો, ચીન બન્યું સૌથી મોટું ખરીદદાર

(એજન્સી) નવી દિલ્હી | તા.21

ભારતની નિકાસમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. ચાલુ નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ પાંચ મહિનામાં BRICS દેશોને થતી નિકાસ 34% વધીને 19.9 અબજ ડોલર થઈ છે. વાણિજ્ય મંત્રાલયના આંકડા મુજબ, ચીન અને દક્ષિણ આફ્રિકા આ વૃદ્ધિમાં મુખ્ય યોગદાનકર્તા રહ્યા છે, જ્યાં ચીનને નિકાસ 39% વધીને 9.6 અબજ ડોલર થઈ. જાપાન, ઈટલી અને દક્ષિણ કોરિયામાં પણ નિકાસમાં વધારો થયો છે, જે ભારતના વૈશ્વિક વેપાર વિસ્તરણને દર્શાવે છે. ભારતની નિકાસ મુખ્ય બજારોમાં ઝડપથી વધી રહી છે. એપ્રિલ-ઓગસ્ટ 2026-27 દરમિયાન, ચાર મુખ્ય BRICS અર્થતંત્રોને થતી નિકાસ 34 ટકા વધીને 19.9 અબજ ડોલર થઈ ગઈ છે.આ વધારામાં ચીન અને દક્ષિણ આફ્રિકા સૌથી આગળ રહ્યા.જાપાન, ઈટલી અને દક્ષિણ કોરિયામાં પણ નિકાસ વધતી નોંધાયો.બ્રિક્સ દેશો સાથે ભારતનો નિકાસ વ્યાપ વધ્યો.ચાલુ નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ પાંચ મહિના (એપ્રિલ-ઓગસ્ટ) દરમિયાન ચીન, દક્ષિણ આફ્રિકા, બ્રાઝિલ અને રશિયા તેમજ ભારતની નિકાસ 34 ટકા વધીને 19.9 અબજ યુએસ ડોલર પર પહોંચી ગઈ છે. આ વધારામાં ચીનને મોકલવામાં આવતા સામાનમાં 39 ટકાની તેજીનો મુખ્ય ફાળો રહ્યો છે. આનાથી ભારતની નિકાસના વિસ્તરણ માટે બ્રિક્સ સમૂહના વધતા મહત્વનો ખ્યાલ આવે છે. એક અધિકારીએ જણાવ્યું કે ભારત જેમ-જેમ બ્રિક્સ સમૂહ સાથે પોતાની ભાગીદારી મજબૂત કરી રહ્યું છે, તેમ-તેમ સૌથી મજબૂત અસરો તેના સ્થાપક સભ્યો - ચીન, દક્ષિણ આફ્રિકા, બ્રાઝિલ અને રશિયા તરફથી જોવા મળી રહી છે. મૂળભૂત રીતે બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાથી બનેલા બ્રિક્સનું વિસ્તરણ 2024માં ઈજિપ્ત, ઈથોપિયા, ઈરાન, સંયુક્ત આરબ અમીરાત (UAE) અને સાઉદી અરેબિયાને સામેલ કરીને કરવામાં આવ્યું હતું, જ્યારે ઇન્ડોનેશિયા 2025માં તેમાં જોડાયું હતું. આ સિવાય બેલારુસ, બોલિવિયા, કઝાકિસ્તાન, ક્યુબા, મલેશિયા, નાઈજીરિયા, થાઈલેન્ડ, યુગાન્ડા, ઉઝબેકિસ્તાન અને વિયેતનામ ગત વર્ષે બ્રિક્સના ભાગીદાર દેશો બન્યા હતા. વાણિજ્ય મંત્રાલયના આંકડા અનુસાર, આ ચાર પ્રમુખ બ્રિક્સ અર્થતંત્રોને થતી નિકાસ 34 ટકા વધી છે, જે એપ્રિલ-ઓગસ્ટ 2025-26ના 14.9 અબજ ડોલરથી વધીને એપ્રિલ-ઓગસ્ટ 2026-27માં 19.9 અબજ ડોલર થઈ ગઈ છે.

## મુંબઈમાં 'અનુગા સિલેક્ટ ઈન્ડિયા' અને 'અનુગા ફૂડટેક ઈન્ડિયા 2026'નું ભવ્ય આયોજન; 31 દેશોના 1,100થી વધુ પ્રદર્શકો જોડાશે

મુંબઈ : સ્થાનિક અને વૈશ્વિક માંગના કારણે ભારતના ખાદ્ય અને કૃષિ ક્ષેત્રમાં ઝડપથી પરિવર્તન આવી રહ્યું છે. ભારતનું ફૂડસર્વિસ બજાર વર્ષ 2025ના 85.19 અબજ ડોલરથી વધીને 2026માં 93.97 અબજ ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે. આ દરમિયાન મુંબઈના બોમ્બે એક્ઝિબિશન સેન્ટર ખાતે 29 સપ્ટેમ્બરથી 1 ઓક્ટોબર 2026 દરમિયાન 'અનુગા સિલેક્ટ ઈન્ડિયા'ની 19મી આવૃત્તિ અને 'અનુગા ફૂડટેક ઈન્ડિયા'ની 20મી આવૃત્તિનું સંયુક્ત આયોજન થવા જઈ રહ્યું છે. કોયલનમેસ્સે દ્વારા આયોજિત આ ત્રણ દિવસીય વૈશ્વિક પ્રદર્શનમાં 31 દેશોના 1,100થી વધુ પ્રદર્શકો અને દેશ-વિદેશમાંથી 50,000થી વધુ વ્યાપારી પ્રતિનિધિઓ ભાગ લેશે. જેમાં એક તરફ 'અનુગા સિલેક્ટ ઈન્ડિયા' એગ્રીફૂડ્સ, ડેરી, પીણાં, ફાઈન ફૂડ્સ અને ઓર્ગેનિક જેવાં મુખ્ય ક્ષેત્રોનું પ્રદર્શન કરશે, તો બીજી તરફ 'અનુગા ફૂડટેક ઈન્ડિયા' દ્વારા ફૂડ પ્રોસેસિંગ, ઓટોમેશન, પેકેજિંગ ટેકનોલોજી, ખાદ્ય સુરક્ષા અને કોલ્ડ ચેઈન લોજિસ્ટિક્સ સાથે જોડાયેલી અદ્યતન તકનીકો પ્રદર્શિત કરવામાં આવશે, જે સમગ્ર ખાદ્ય મૂલ્ય શૃંખલા (ફૂડ વેલ્યુ ચેઈન)ને એક જ છત નીચે લાવશે. આ પ્રસંગે કોયલનમેસ્સેના મેનેજિંગ ડિરેક્ટર મિલિંદ દીક્ષિતે જણાવ્યું હતું કે, "આ આવૃત્તિ અત્યંત મહત્વપૂર્ણ સમયે યોજાઈ રહી છે, કારણ કે ભારત-યુરોપિયન યુનિયન એફટીએ (FTA) અને ભારત-યુકે સેટા (CETA) વૈશ્વિક ખાદ્ય અને કૃષિ વેપાર માટે નવી તકોના દ્વાર ખોલી રહ્યા છે.

# News Brief

## આઈઆઈએફએલ કેપિટલ સર્વિસીસ લિમિટેડે અમદાવાદમાં ગુજરાત હેડ ઓફિસ શરૂ કરી

અમદાવાદ | આઈઆઈએફએલ કેપિટલ સર્વિસીસ લિમિટેડે આજે અમદાવાદમાં હાઈ નેટ-વર્થ ઈન્ડિવિજ્યુઅલ્સ (એચએનઆઈ) અને અલ્ટ્રા હાઈ નેટ-વર્થ ઈન્ડિવિજ્યુઅલ્સ (યુએચએનઆઈ) માટે પ્રાઈવેટ વેલ્થ મેનેજમેન્ટ સેવાઓને સમર્પિત એક નવી ઓફિસ શરૂ કરી છે, અને આ સાથે ભારતના સૌથી ઝડપથી વિકસતા બિઝનેસ હબ પૈકીના એકમાં પોતાની પહોંચનો વિસ્તાર કર્યો છે. આઈઆઈએફએલ કેપિટલ સર્વિસીસ ભારતની સૌથી મોટી વેલ્થ મેનેજર પૈકી એક છે, જેની પાસે મેનેજમેન્ટ, એડવાઇઝ અને કસ્ટડી હેઠળ અંદાજે $26 બિલિયન (લગભગ રૂ.2.6 લાખ કરોડ)ની સંપત્તિ છે.ઝાયડસ હોસ્પિટલ રોડ પર ઝેડ2 ખાતે આવેલી આ ઓફિસ અમદાવાદના બિઝનેસ વિસ્તારના હાર્દમાં સ્થિત છે - જે શહેરની વધતી જતી



સમૃદ્ધિને ધ્યાનમાં રાખીને સમજદારીપૂર્વક લેવામાં આવેલો નિર્ણય છે. વર્ષ 2023માં અમદાવાદનો મેટ્રો જીડીપી 136 બિલિયન ડોલરથી વધુ રહ્યો હતો અને માથાદીઠ આવક (પીપીપી) આશરે 26,000 ડોલર હતી; જે તેને ભારતનાં સૌથી સમૃદ્ધ શહેરી કેન્દ્રોમાંનુ એક અને પ્રાઈવેટ વેલ્થ સર્વિસિસ માટે એક સ્વાભાવિક બજાર બનાવે છે. જીડીપીની દ્રષ્ટિએ અમદાવાદ, વડોદરા અને સુરત દેશના ટોચના દસ સૌથી સમૃદ્ધ શહેરોમાં સામેલ છે.આ ઓફિસનું ઉદ્ઘાટન ભારતના અત્યંત આદરણીય ઉદ્યોગસાહસિક અને કોનકોર્ડ બાયોટેક લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી સુધીર વૈદના હસ્તે કરવામાં આવ્યું હતું; આ પ્રસંગે આઈઆઈએફએલ કેપિટલ સર્વિસીસના મેનેજિંગ ડિરેક્ટર શ્રી આર. વેંકટરમન, જોઈન્ટ સીઈઓ શ્રી પ્રકાશ બુલુસુ તેમજ મેનેજિંગ પાર્ટનર અને ગુજરાત સ્ટેટ હેડ શ્રી જય આહુજા પણ ઉપસ્થિત રહ્યા હતા.કોનકોર્ડ બાયોટેક લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર, વિઝનરી બિઝનેસ લીડર અને સમાજસેવી શ્રી સુધીર વૈદે ઉદ્ઘાટન પ્રસંગે જણાવ્યું હતુ.'આઈઆઈએફએલ કેપિટલ માટે આ એક મહત્વપૂર્ણ પડાવ છે, કારણ કે અમે દેશની અગ્રણી વેલ્થ મેનેજમેન્ટ ફર્મ તરીકે અમારી સ્થિતિ મજબૂત કરી રહ્યા છીએ.' એમ જણાવતા આઈઆઈએફએલ કેપિટલ સર્વિસીસના જોઈન્ટ સીઈઓ શ્રી પ્રકાશ બુલુસુએ વધુમાં ઉમેર્યું, 'અમારી અમદાવાદ ઓફિસ ગ્રાહકોની બદલાતી જરૂરિયાતો પ્રમાણે તેમને અમારી વેલ્થ મેનેજમેન્ટ સાથે સંકળાયેલી તમામ પ્રકારની સેવાઓ પૂરી પાડશે.'જય આહુજા, જેઓ ક્વાલિફાઈડ ચાર્ટર્ડ વેલ્થ મેનેજર અને ICFAIના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે તથા ભારતની અગ્રણી અને બહુરાષ્ટ્રીય બેંકોમાં પ્રાઈવેટ બેંકિંગ ક્ષેત્રે બે દાયકાથી વધુનો અનુભવ ધરાવે છે, તેઓ પાંચ બેંકર્સની ટીમ સાથે ગુજરાતમાં આઈઆઈએફએલ કેપિટલની વેલ્થ મેનેજમેન્ટ કામગીરીને સંભાળશે.

# KL ડીમ્ડ ટુ બી યુનિવર્સિટીએ HCL AI લેબ્સ સાથે મળીને દેશનું પ્રથમ 'એજન્ટિક AI કેમ્પસ' શરૂ કર્યું

નવી દિલ્હી | KL ડીમ્ડ ટુ બી યુનિવર્સિટીએ HCL AI લેબ્સ સાથે ભાગીદારી કરીને 'દેશનું પ્રથમ એજન્ટિક AI કેમ્પસ' (જે HCL AI લેબ્સ દ્વારા સંચાલિત છે અને જેમાં AI-આધારિત ડિગ્રીઓનો સમાવેશ થાય છે) શરૂ કર્યું છે. આ ભાગીદારીને ઔપચારિક સ્વરૂપ આપવા માટે 21 સપ્ટેમ્બર, 2026ના રોજ યુનિવર્સિટીના વડ્ડેશ્વરમ કેમ્પસ ખાતે એક સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં HCL ગ્રુપના પ્રતિનિધિઓ તરીકે શ્રી દીપક સરવણન (નેશનલ હેડ - AI લેબ્સ અને AVP), શ્રી સંદીપ (રિજનલ હેડ) અને સુશ્રી સુમિતા (હેડ ઓફ ઓપરેશન્સ) ઉપસ્થિત રહ્યા હતા. યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ વાઈસ-ચાન્સેલર ડૉ. જી. પાર્થ સારથી વર્મા, વરિષ્ઠ અધિકારીઓ અને અન્ય પ્રતિષ્ઠિત મહેમાનોએ કર્યું હતું. MoU પર હસ્તાક્ષર સાથે આ કાર્યક્રમ દરમિયાન 'એજન્ટિક AI કેમ્પસ' પહેલનો ઔપચારિક પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ



પ્રસંગે વિદ્યાર્થીઓ સાથે સંવાદ અને શિક્ષણ જગત (એકેડેમિયા) તથા ઉદ્યોગ જગત વચ્ચેના સહયોગ અંગે મહત્વપૂર્ણ ચર્ચાઓ પણ કરવામાં આવી હતી.વિદ્યાર્થીઓ માટે અત્યાધુનિક AI ટેક્નોલોજીનો પ્રાયોગિક અનુભવ: આ ભાગીદારી માત્ર સામાન્ય શૈક્ષણિક-ઔદ્યોગિક સહયોગથી આગળ વધે છે. તે એક પરિવર્તનકારી કાર્યક્રમ રજૂ કરે છે જે વિવિધ વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓને આગામી પેઢીની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને એજન્ટિક AI સિસ્ટમ્સને સમજવા, વિકસાવવા અને અમલમાં મૂકવા માટે જરૂરી કૌશલ્યોથી સજ્જ કરવા માટે તૈયાર કરવામાં આવ્યો છે.AI ને તબક્કાવાર રીતે ડિગ્રી પ્રોગ્રામ્સ, અભ્યાસક્રમો, પ્રયોગશાળાઓ, પ્રોજેક્ટ્સ અને અભ્યાસ પ્રવૃત્તિઓમાં સામેલ કરવામાં આવશે. વિદ્યાર્થીઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ, જનરેટિવ AI, લાર્જ લેંગ્વેજ મોડલ્સ (LLMs) અને અન્ય ઉભરતી ટેક્નોલોજીઓમાં વ્યવહારુ અનુભવ મેળવશે, જેનાથી તેઓ પોતપોતાના ક્ષેત્રોમાં AI ના અસરકારક ઉપયોગને સમજી શકશે. વિદ્યાર્થીઓ AI ટૂલ્સના માત્ર વપરાશકર્તા નહીં, પરંતુ સર્જક બનશે : આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર AI ટૂલ્સનો ઉપયોગ કરવાથી આગળ વધીને વિદ્યાર્થીઓને સ્વાયત્ત (autonomous) અને અર્ધ-સ્વાયત્ત (semi-autonomous) AI એજન્ટો વિકસાવવા માટે સક્ષમ બનાવવાનો છે. વિદ્યાર્થીઓ એવી બુદ્ધિશાળી સિસ્ટમ્સ બનાવતા શીખશે જે ઉદ્દેશ્યોને સમજવા, જટિલ કાર્યો માટે તર્કબદ્ધ વિચારણા કરવા, બહુ-તબક્કાની કાર્ય યોજનાઓ ઘડવા, સંસ્થાકીય ડેટા અને એપ્લિકેશન્સ સાથે સંવાદ કરવા, બાહ્ય સાધનો અને APIs નો ઉપયોગ કરવા અને પરિસ્થિતિગત જરૂરિયાતોના આધારે વિવિધ કાર્યપ્રવાહો (workflows) નું સંચાલન કરવા માટે સક્ષમ હોય.

## એલિવેટ કેમ્પસીસ લિમિટેડનો રૂ. 2,100 કરોડનો આઈપીઓ બુધવાર, 23 સપ્ટેમ્બર, 2026થી ખુલશે

અમદાવાદ| એલિવેટ કેમ્પસીસ લિમિટેડ ("Elevate Campuses") 15 જૂન, 2026ના રોજ વિદ્યાર્થી ક્ષમતાના આધારે ભારતમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં કેમ્પસની અંદર વિદ્યાર્થીઓ માટે રહેઠાણની સુવિધા ધરાવતી, સંચાલન કરતી અને મેનેજ કરતી તેમજ કે-12 એસેટ્સની માલિકી ધરાવતું સૌથી મોટું સંસ્થાકીય અને સ્વતંત્ર એજ્યુકેશન પ્લેટફોર્મ છે. કંપનીની આઈપીઓ સંબંધિત બિડ/ઈશ્યૂ બુધવાર, 23 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે. બિડ/ઈશ્યૂ શુક્રવાર, 25 સપ્ટેમ્બર, 2026ના રોજ બંધ થશે.

### Adroit Industries (India) Limited નો IPO બુધવાર, 23 સપ્ટેમ્બર, 2026 ના રોજ ખુલશે

મુંબઈ | Adroit Industries (India) Limited એ પ્રોપેલર શાફ્ટ અને ટોર્ક-ટ્રાન્સમિશન ઘટકોની વર્ટિકલી ઈન્ટિગ્રેટેડ ઉત્પાદક કંપની છે. ચાર દાયકાથી વધુનો કાર્યકારી અનુભવ ધરાવતી આ કંપની ઓટોમોટિવ (મુખ્યત્વે કોમર્શિયલ વાહનો) અને નોન-ઓટોમોટિવ ક્ષેત્રો - જેમાં સંરક્ષણ અને કટોકટી સેવાઓ, ભારે સાધનો, ઓફ-હાઈવે મશીનરી અને ઔદ્યોગિક સાધનોનો સમાવેશ થાય છે - માટે 32 થી વધુ દેશોમાં સેવાઓ પૂરી પાડે છે. કંપની બુધવાર, 23 સપ્ટેમ્બર, 2026 ના રોજ તેનો પ્રારંભિક જાહેર ભરણું (IPO) ખોલવાની યોજના ધરાવે છે, જેનો ઉદ્દેશ્ય 150.71 કરોડ (અપર પ્રાઈસ બેન્ડ મુજબ) એકત્ર કરવાનો છે અને તેના શેર BSE તથા NSE પર લિસ્ટ કરવામાં આવશે.ઓફરનું કદ 10 ની ફેસ વેલ્યુ ધરાવતા 1,12,47,000 સુધીના ઈક્વિટી શેરનું છે અને તેની પ્રાઈસ બેન્ડ 126 - 134 પ્રતિ શેર નક્કી કરવામાં આવી છે. ઈક્વિટી શેરની ફાળવણી : QIB હિસ્સો - ઓફરના 50.00% થી વધુ નહીં, બિન-સંસ્થાકીય રોકાણકારો - ઓફરના 15.00% થી ઓછું નહીં, રિટેલ વ્યક્તિગત રોકાણકારો - ઓફરના 35.00% થી ઓછું નહીં.

## એમેઝોનએ તહેવારની સિઝન પહેલા અત્યાર સુધીના સૌથી મોટા બિઝનેસ ઓપરેશન્સના વિસ્તરણની ઘોષણા કરી

નવી દિલ્હી | એમેઝોનએ તહેવારની સિઝન પૂર્વે પોતાના ઓપરેશન્સ નેટવર્કમાં અત્યાર સુધીનું સૌથી મોટું વિસ્તરણ કરવાની આજે ઘોષણા કરી છે, જેમાં 20 નવા ફુલફિલમેન્ટ સેન્ટર્સ (FCs), 6 નવા સોર્ટ સેન્ટર્સ (SCs), અને 150 નવા લાસ્ટ માઈલ ડિલીવરી સ્ટેશન્સનો સમાવેશ થાય છે. આ વિસ્તરણથી એમેઝોનની કુલ સંગ્રહ ક્ષમતા 50% વધીને 64 મિલીયન ક્યુબિક ફૂટ થઈ છે - જે 720 કરતા વધુ ઓલિમ્પીક સ્વીમીંગ પૂલ્સની સમકક્ષ છે. આ સુવિધાઓનું સંચાલન લોજિસ્ટિક્સ ઉદ્યોગમાં અગ્રણીઓ છેલા વ્યૂહાત્મક ભાગીદારો દ્વારા કરવામાં આવશે, એક મહત્ત્વના પગલાં તરીકે દરેક નવા સોર્ટ સેન્ટર્સ અને સાત નવા ફુલફિલમેન્ટ સેન્ટર્સ મેટ્રો ઉપરાંતના મેટ્રો સિવાયના શહેરોમાં શરૂ કરવામાં આવી રહ્યા છે, જેમાં રાયપુર, રાંચી અને વારાણસીમાં સૌપ્રથમ એમેઝોન FCનો સમાવેશ થાય છે, જેના પગલે દેશભમાં ટિયર 2 અને ટિયર 3 શહેરોમાં એમેઝોનનું ઓપરેશન્સ નેટવર્ક વધુ મજબૂત બનશે.ચિક્કાબલ્લાપુર, હાસન, મેરઠ, રામનગર, રાયપુર અને વારાણસીમાં આવેલા નવા સોર્ટ સેન્ટર્સ કુલ સોર્ટિંગ વિસ્તારમાં 25%નો વધારો કરશે, જેનાથી તે 2.4 મિલિયનથી વધીને 3 મિલિયન ચોરસ ફૂટ થશે. આ નવા કેન્દ્રોનું સંચાલન અને વ્યવસ્થાપન લોજિસ્ટિક્સ ઉદ્યોગમાં અગ્રણી એવા વ્યૂહાત્મક ભાગીદારો દ્વારા કરવામાં આવશે. એમેઝોનએ આસનસોલ, ભટિંડા, બિકાનેર, કોઈમ્બતુર, ડોડા, ઈટાવા, ગયા, હોસુર, જૌનપુર, જૂનાગઢ, મદુરાઈ, નેલ્લોર, પુરી, સિલિગુડી, સોલાપુર, તિરુવન્નામલાઈ, તુમકુર, ઉધમપુર, વેસ્ટ ગારો હિલ્સ અને અન્ય સહિત 118 શહેરોમાં 150 નવા 'લાસ્ટ-માઈલ ડિલિવરી સ્ટેશન્સ' ઉમેર્યા છે, જેનાથી ભારતભરના નાના નગરો અને શહેરોમાં એમેઝોનની પહોંચ વધુ વિસ્તૃત થઈ છે. આમાંથી 12 શહેરો – જેમ કે ભોજપુર, બોકાજન, જાલૌન, જહાનાબાદ, નામસાઈ, પુરુલિયા, રિભોઈ, સેનાપતિ, શિવસાગર, ઉદલગુરી, ઉખરુલ અને વોખામાં સૌપ્રથમ વખત એમેઝોનનું લાસ્ટ-માઈલ ડિલિવરી સ્ટેશન શરૂ થશે. નેટવર્કના વિસ્તરણમાં એમેઝોનના સતત રોકાણને કારણે છેલ્લા એક વર્ષમાં 30% વધુ શહેરોમાં 'સેમ-ડે ડિલિવરી' (સમાન દિવસે ડિલિવરી)ની સુવિધા ઉપલબ્ધ બની છે, જેનાથી સમગ્ર ભારતમાં ગ્રાહકોને ઝડપી અને વધુ વિશ્વસનીય ડિલિવરી સેવા મળી રહી છે.

## Moneyview Limited: પ્રારંભિક જાહેર ભરણા (IPO)ની શરૂઆત ગુરુવાર, 24 સપ્ટેમ્બર, 2026ના રોજ થશે

(એજન્સી) નવી દિલ્હી | તા.21

Moneyview Limited ('કંપની') ગુરુવાર, 24 સપ્ટેમ્બર, 2026ના રોજ તેના 1ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર ('ઈક્વિટી શેર') માટે પ્રારંભિક જાહેર ભરણું ('ઓફર') શરૂ કરવાનો પ્રસ્તાવ ધરાવે છે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગની તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના એક કામકાજના દિવસ પહેલાં, એટલે કે બુધવાર, 23 સપ્ટેમ્બર, 2026 છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ સોમવાર, 28 સપ્ટેમ્બર, 2026* છે. UPI મેન્ડેટ (આદેશ) પૂર્ણ થવાનો સમય અને તારીખ બિડ/ઓફર બંધ થવાના દિવસે સાંજે 5:00 વાગ્યા સુધી રહેશે.ઓફર માટેની પ્રાઈસ બેન્ડ 1ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર દીઠ 32 થી 34 નક્કી કરવામાં આવી છે. 1ની ફેસ વેલ્યુ ધરાવતા ઓછામાં ઓછા 441 ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ 441 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકાય છે. આ પ્રારંભિક જાહેર ભરણા (IPO)માં 7,500 મિલિયન સુધીના ઈક્વિટી શેર્સના નવા ઈશ્યૂ અને વેચાણકર્તા શેરધારકો દ્વારા 100,494,200 સુધીના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફર (Offer for Sale)નો સમાવેશ થાય છે. આ 'ઓફર ફોર સેલ' (વેચાણ માટેની ઓફર) માં પુનીત અગ્રવાલ દ્વારા ૧,૩૫,૪૮,૩૦૦ સુધીના, સંજય અગ્રવાલ દ્વારા ૧,૩૫,૪૮,૩૦૦ સુધીના અને ચિત્રા અગ્રવાલ દ્વારા ૧૯,૩૫,૪૦૦ સુધીના ઈક્વિટી શેર ('વ્યક્તિગત વેચાણકર્તા શેરધારકો'); તથા એક્સેલ ઈન્ડિયા IV (મોરેશિયસ) લિમિટેડ દ્વારા ૧,૬૩,૭૭,૫૦૦ સુધીના, ઈન્ટરનેટ ફંડ III Pte. Ltd. દ્વારા ૧,૫૩,૫૬,૦૦૦ સુધીના, એક્સેલ ગ્રોથ IV હોલ્ડિંગ્સ (મોરેશિયસ) લિમિટેડ દ્વારા ૮૦,૧૧,૯૦૦ સુધીના, ક્રિમસન વિન્ટર લિમિટેડ દ્વારા ૧,૦૦,૦૦,૦૦૦ સુધીના, રિબિટ કેપિટલ દ્વારા ૧,૧૩,૫૬,૯૦૦ સુધીના, NLI સ્ટ્રેટેજિક વેન્ચર ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડ દ્વારા ૪૨,૬૫,૬૦૦ સુધીના, TI JPNIN ઈન્ડિયા હોલ્ડકો, લિમિટેડ દ્વારા ૩૭,૪૫,૨૦૦ સુધીના અને DI ઈન્વેસ્ટમેન્ટ LLC દ્વારા ૨૩,૪૯,૧૦૦ સુધીના ઈક્વિટી શેર ('રોકાણકાર વેચાણકર્તા શેરધારકો') નો સમાવેશ થાય છે.

## OpenAIએ બનાવ્યા Greg Brockmanને અબજોપતિ, Forbes 400ની યાદીમાં થયા સામેલ

(એજન્સી) નવી દિલ્હી | તા.21

OpenAIના Co-founder Greg Brockman પહેલીવાર Forbes 400ની યાદીમાં સામેલ થયા છે. 2026ની યાદીમાં તેઓ અમેરિકાના 45મા સૌથી અમીર વ્યક્તિ બન્યા છે. OpenAIના Co-founder Greg Brockman પહેલીવાર Forbes 400ની યાદીમાં સામેલ થયા છે. તેમની અંદાજિત સંપત્તિ 25.5 અબજ ડોલર એટલે કે આશરે 2.3 લાખ કરોડ રૂપિયા છે. રસપ્રદ વાત એ છે કે OpenAIના CEO Sam Altmanની સંપત્તિ આનાથી ઘણી ઓછી છે. આખરે Brockmanએ OpenAIમાંથી આટલી મોટી સંપત્તિ કેવી રીતે બનાવી અને કંપનીમાં તેમની કેટલી ભાગીદારી છે? જાણો સમગ્ર કહાની.OpenAIનું નામ આવતા જ સૌથી પહેલાં Sam Altmanનું નામ યાદ આવે છે. પરંતુ સંપત્તિના મામલે આ વખતે વાત કંઈક અલગ છે. OpenAIના Co-founder Greg Brockmanએ પહેલીવાર Forbes 400ની યાદીમાં સ્થાન મેળવ્યું છે. Forbes અનુસાર, Brockmanની અંદાજિત કુલ સંપત્તિ 25.5 અબજ ડોલર છે. ભારતીય રૂપિયામાં આ રકમ આશરે 2.3 લાખ કરોડ રૂપિયા થાય છે.આ વર્ષે Forbes 400ની યાદીમાં સામેલ થનારા નવા સભ્યોમાં Brockman સૌથી અમીર વ્યક્તિ છે. 2026ની યાદીમાં તેઓ અમેરિકાના 45મા સૌથી અમીર વ્યક્તિ છે. તેમની મોટાભાગની સંપત્તિ OpenAIમાં તેમની ભાગીદારીમાંથી આવે છે. કોર્ટમાં આપવામાં આવેલા એક નિવેદન અનુસાર, OpenAIમાં Brockmanની ભાગીદારીની કિંમત 20 અબજ ડોલરથી વધુ અને આશરે 30 અબજ ડોલર સુધી હોઈ શકે છે. તો ચાલો જાણીએ કે તેમણે આટલી મોટી સંપત્તિ કેવી રીતે બનાવી.અહીં સૌથી ઈન્ટરેસ્ટિંગ વાત Sam Altmanને લઈને છે. OpenAIના CEO Altmanની અંદાજિત કુલ સંપત્તિ આશરે 3.3 અબજ ડોલર છે. એટલે કે Brockmanની સંપત્તિ તેમના કરતાં અનેક ગણી વધારે છે. Altmanની સંપત્તિ ઓછી હોવાનું એક મોટું કારણ એ છે કે OpenAIમાં તેમની સીધી ઈક્વિટીમાં ભાગીદારી નથી.Greg Brockmanની કહાની પણ ઘણી અલગ છે. તેમણે Harvardમાં અભ્યાસ શરૂ કર્યો હતો, પરંતુ એક વર્ષ પછી કોલેજ છોડી દીધી. ત્યારબાદ તેમણે MITમાં પણ અભ્યાસ કર્યો, પરંતુ ત્યાંથી પણ ડિગ્રી પૂરી કરી નહીં. આ પછી તેઓ Stripe સાથે જોડાયા અને કંપનીના શરૂઆતના કર્મચારીઓમાં સામેલ રહ્યા.

## બેન્ચ માર્ક ઈન્ફોટેક સર્વિસીસ લિમિટેડ NSE Emerge પર IPO લાવશે

કોલકાતા | 19 વર્ષથી વધુનો અનુભવ ધરાવતી, સંકલિત IT અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સોલ્યુશન્સ પૂરી પાડતી અને સિસ્ટમ ઈન્ટિગ્રેટર કંપની 'બેન્ચ માર્ક ઈન્ફોટેક સર્વિસીસ લિમિટેડ', નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડના EMERGE પ્લેટફોર્મ પર તેના 'ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ' (IPO) સાથે મૂડી બજારમાં પ્રવેશ કરી રહી છે. કંપનીના ગ્રાહકોમાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, બેલ્ટ્રોન (Beltron), રેલટેલ (RailTel), ભારતીય વાયુસેના, NTPC લિમિટેડ, કોલ ઈન્ડિયાની પેટાકંપનીઓ (જેમ કે સાઉથ ઈસ્ટર્ન કોલફિલ્ડ્સ લિમિટેડ, સેન્ટ્રલ કોલફિલ્ડ્સ લિમિટેડ અને મહાનદી કોલફિલ્ડ્સ) અને ભારતીય રેલવે જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ તેમજ અન્ય સરકારી વિભાગો અને જાહેર ક્ષેત્રના સાહસોનો સમાવેશ થાય છે. આ બાબત ભારતનાં મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓ (critical infrastructure) અને ડિજિટલ જાહેર માળખાગત સુવિધાઓના નિર્માણમાં સહાયક વિશ્વસનીય સિસ્ટમ ઈન્ટિગ્રેટર તરીકેની કંપનીની ભૂમિકાને દર્શાવે છે. આ ઓફરમાં 10ની ફેસ વેલ્યુ (અંકિત મૂલ્ય) ધરાવતા 38,58,000 સુધીના ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે. જેમાં 34,00,000 સુધીના નવા શેર (fresh issue) અને પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર શ્રી વિનીત કુમાર ગુપ્તા દ્વારા 4,58,000 સુધીના શેરનું વેચાણ (offer for sale) સામેલ છે. શેર દીઠ પ્રાઈસ બેન્ડ 104 થી 110 નક્કી કરવામાં આવી છે, જેનું કુલ મૂલ્ય 42.44 કરોડ સુધી થાય છે. લઘુત્તમ બિડ લોટ 2,400 ઈક્વિટી શેરનો નક્કી કરવામાં આવ્યો છે અને ત્યારબાદ 1,200 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકાશે.કંપની ચોખ્ખી આવક (net proceeds) માંથી 30.00 કરોડ સુધીની રકમનો ઉપયોગ નાણાકીય વર્ષ 2027 અને 2028 દરમિયાન તેની કાર્યકારી મૂડી (working capital) ની જરૂરિયાતોને પહોંચી વળવા માટે કરવાની યોજના ધરાવે છે. બાકીની ચોખ્ખી આવકનો ઉપયોગ લાગુ મર્યાદાઓને આધીન રહીને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. એન્કર પોર્શન ઓફર ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ નિર્ધારિત છે.w

## સ્ટાઈલ પણ, મજબૂતી પણ: એરિસ્ટોક્રેટ સોલાના

અમદાવાદ | છેલ્લાં 15 વર્ષમાં મેં એટલા બધા સૂટકેસ અજમાવ્યા છે કે બજારમાં મળતી લગભગ દરેક પ્રકારની ઝિપ, વ્હીલ અને હેન્ડલનો સારો અનુભવ થયો છે. તેથી જ્યારે કોઈ લગેજ અજમાવતી વખતે મને એક ક્ષણ માટે પણ રોકાઈને વિચારવા મજબૂર કરે, ત્યારે હું તેનું ખાસ ધ્યાન રાખું છું. એરિસ્ટોક્રેટ સોલાનાએ આવું જ કર્યું. ખાસ કરીને તેની શરૂઆતની કિંમતને ધ્યાનમાં લઈએ તો આ વાત વધુ મહત્વની બની જાય છે. સૌથી પહેલાં ધ્યાન ખેંચે છે તેનું ફ્રન્ટ-એક્સેસ લેપટોપ કમ્પાર્ટમેન્ટ. તે મુખ્ય કમ્પ્રેશન પેનલની પાછળ આપવામાં આવ્યું છે. આ સુવિધા પહેલી નજરે નાની લાગે, પરંતુ એરપોર્ટની સિક્યોરિટી ચેક દરમિયાન લેપટોપ કે ચાર્જર માટે બેગમાંથી કપડાં કાઢવાની ઝંઝટ થાય ત્યારે તેનું મહત્વ સમજાય છે. એક પેનલ ખોલો, લેપટોપ બહાર કાઢો અને આગળ વધો. આ કિંમતની શ્રેણીમાં આવી વિચારપૂર્વકની ડિઝાઈન હજુ પણ બહુ સામાન્ય નથી. પછી આવે છે તેના વ્હીલ્સ. ચારને બદલે આઠ વ્હીલ્સ સોલાનાને ચલાવવામાં એવી સરળતા આપે છે, જે સામાન્ય રીતે તેની કરતાં લગભગ બમણી કિંમતના લગેજમાં જોવા મળે છે. ભીડભરેલા એરપોર્ટ ટર્મિનલમાં તેને ચલાવતી વખતે તે સીધી દિશામાં સરળતાથી આગળ વધ્યું. બજેટ હાર્ડ-શેલ લગેજમાં જોવા મળતી ડગમગાહટ અહીં અનુભવાઈ નહીં. બિલ્ટ-ઈન કોમ્બિનેશન લોક પણ એક સરળ અને ઉપયોગી સુવિધા છે– ખાસ કરીને મુસાફરી દરમિયાન પેડલોકની ચાવી ખોવાઈ જવાનો અનુભવ ધરાવતા લોકો માટે. પરંતુ મને સૌથી વધુ પ્રભાવિત કર્યું તેના શેલની મજબૂતીએ.



ટેસ્ટિંગ દરમિયાન હું લગેજને બહુ સાચવીને વાપરતો નથી. સોલાનાને મેં ઉબડખાબડ રસ્તા પર ખેંચ્યો છે અને એકથી વધુ વખત કારની ડિક્કીમાંથી નીચે પડવા દીધો છે. તેમ છતાં તેના પોલીપ્રોપિલિન શેલ પર ન તો તિરાડ પડી કે ન કોઈ સ્પષ્ટ ડેન્ટ જોવા મળ્યો. આ મજબૂતીમાં વી.આઈ.પી. ઈન્ડસ્ટ્રીઝની લાંબી એન્જિનિયરિંગ પરંપરાની ઝલક જોવા મળે છે. કંપનીએ દાયકાઓ પહેલાં કઠોર ઉપયોગને ધ્યાનમાં રાખીને ડ્યુઅલ-મટિરિયલ ડિમ્પલ્ડ બમ્પર જેવી ડિઝાઈન રજૂ કરી હતી. સોલાના એ જ વિચારને આજના મુસાફર માટે વધુ આધુનિક ડિઝાઈન સાથે આગળ લઈ જાય છે. અંદરની જગ્યા પણ વ્યવહારુ છે. મુખ્ય કમ્પાર્ટમેન્ટ અને મેશ ડિવાઈડરમાં એક અઠવાડિયાના કપડાં સરળતાથી આવી ગયા અને સૂટકેસ બંધ કરવા માટે ઢાંકણ પર બેસવાની જરૂર પડી નહીં. ગ્રેફાઈટ ગ્રેથી લઈને મસ્ટર્ડ ટ્રિમ સાથેના ઓલિવ જેવા રંગો તેને બજેટ લગેજ જેવો દેખાવ આપતા નથી. જો તમને એવું કેબિન લગેજ જોઈએ છે જે માત્ર શોરૂમમાં સારું ન લાગે, પરંતુ વાસ્તવિક મુસાફરીની મુશ્કેલીઓ પણ સહન કરી શકે, તો એરિસ્ટોક્રેટ સોલાના ચોક્કસપણે ધ્યાન ખેંચે છે. પ્રીમિયમ બ્રાન્ડ માટે વધારાની કિંમત ચૂકવ્યા વિના સ્ટાઈલ, સુવિધા અને મજબૂતીનું સંતુલન મેળવવા માંગતા પ્રવાસીઓ માટે તે એક વ્યવહારુ વિકલ્પ છે.

### પેટ્રોલ અને ડીઝલ પાવરટ્રેન તેમ જ મેન્યુઅલ અને ઓટોમેટિક ટ્રાન્સમિશન વિકલ્પોમાં ઉપલબ્ધ

## TATA.CARS દ્વારા ટાટા સિયેરા લીજેન્ડ સિરીઝ લોન્ચ

મુંબઈ : ભારતના અગ્રણી SUV ઉત્પાદક TATA.CARSએ આજે 'ટાટા સિયેરા લીજેન્ડ સિરીઝ' લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ પાંચ વેરિયન્ટ્સની નવી શ્રેણી છે જે સિયેરાના વધુ ઉન્નત અને આરામદાયક અનુભવની સુલભતા વધારે છે. 11.99 લાખ*ની શરૂઆતની કિંમત સાથે લીજેન્ડ સિરીઝ સિયેરાની 'લાઈફસ્પેસ ઓન ધ ગો' ફિલસૂફીને વધુ અત્યાધુનિક કેબિન અનુભવ, બહેતર આરામ અને અત્યંત ઈચ્છનીય સુવિધાઓ સાથે સમૃદ્ધ બનાવીને તેના પ્રીમિયમ મિડ-SUV સ્તરને વધુ મજબૂત બનાવે છે. તે તેની આઈકોનિક ડિઝાઈન, અદ્યતન ટેક્નોલોજી અને પ્રભાવશાળી SUV પર્ફોર્મન્સને જાળવી રાખે છે, જે સિયેરાની ઓળખ બની ગયા છે.




લીજેન્ડ સિરીઝના ભાગરૂપે પ્યોર L' સિયેરાના પ્રીમિયમ કેબિન અનુભવને પહેલાં કરતાં વધુ સુલભ બનાવે છે. 13.79 લાખ*ની કિંમત ધરાવતું આ મોડેલ 17-ઈંચના એલોય વ્હીલ્સ સાથે સિયેરાની વિશિષ્ટ ડિઝાઈનને વધુ આકર્ષક બનાવે છે, જ્યારે પ્રીમિયમ લેધરેટ ઈન્ટીરિયર અને 8-સ્પીકર ઓડિયો સિસ્ટમ સાથેની 26.03 cm HD ઈન્ફોટેઈનમેન્ટ સિસ્ટમ વધુ અત્યાધુનિક કેબિન વાતાવરણ પૂરું પાડે છે. વધારાના 50,000 ચૂકવીને પ્યોર L (O)' મોડેલમાં સેગમેન્ટની સૌથી મોટા 'પેનેરોમેક્સ વોઈસ આસિસ્ટેડ સનરૂફ' સાથે ઓપન-એર લક્ઝરીનો અનુભવ મેળવી શકાય છે.ગ્રાહકો કેબિનમાં વધુ આરામદાયક અનુભવ ઈચ્છે છે તેમના માટે 14.99 લાખ*ની કિંમતનું 'પ્યોર+ L' મોડેલ વેન્ટિલેટેડ ફ્રન્ટ સીટ્સ, થાઈ સપોર્ટ એક્સ્ટેન્ડર સાથે 6-વે પાવર્ડ ડ્રાઈવર સીટ અને 'બોસ મોડ' જેવી સુવિધાઓ પ્રદાન કરે છે. આ સુધારાઓ મુસાફરો માટે આરામ અને સુવિધામાં વધુ વધારો કરે છે.

આ સુધારાઓ ઉપરાંત દરેક સિયેરા તે તમામ વિશેષતાઓ પ્રદાન કરવાનું ચાલુ રાખે છે, જેણે તેને પ્રીમિયમ મિડ-SUV સેગમેન્ટમાં સૌથી આકર્ષક વિકલ્પોમાંથી એક બનાવી છે. 5-સ્ટાર ભારત NCAP-રેટેડ બોડી સ્ટ્રક્ચર પર નિર્મિત આ વાહન સ્ટાન્ડર્ડ તરીકે 6 એરબેગ્સ, 20 ફંક્શન્સ સાથે ESP અને ઓલ-વ્હીલ ડિસ્ક બ્રેક્સ સાથે આવે છે. ગ્રાહકો ત્રણ પાવરટ્રેન વિકલ્પોમાંથી પસંદગી કરી શકે છે: 1.5L હાઈપેરિયન TGDi પેટ્રોલ, 1.5L રેવોટ્રોન પેટ્રોલ અને 1.5L ક્રાયોજેટ ડીઝલ; જે મેન્યુઅલ અને ઓટોમેટિક ટ્રાન્સમિશન એમ બંને વિકલ્પોમાં ઉપલબ્ધ છે.

"સિયેરાએ આઈકોનિક ડિઝાઈન, અદ્યતન ટેક્નોલોજી, શ્રેષ્ઠ સુરક્ષા, પર્ફોર્મન્સ અને લક્ઝુરિયસ SUV અનુભવનો સમન્વય સાધીને 'પ્રીમિયમ મિડ-SUV' સેગમેન્ટની સ્થાપના કરી હતી, જેને ગ્રાહકોએ ખૂબ જ પસંદ કર્યું હતું. નવી 'લીજેન્ડ સિરીઝ' સાથે અમે તે સફળતાને આગળ વધારી રહ્યા છીએ અને સિયેરા પોર્ટફોલિયોના વધુ ગ્રાહકો માટે વધુ સમૃદ્ધ અને આરામદાયક કેબિન અનુભવ પ્રદાન કરી રહ્યા છીએ. ગ્રાહકો જે સુવિધાઓ અને આરામને સૌથી વધુ મહત્ત્વ આપે છે તે પ્રદાન કરીને અમે સિયેરાની ઓળખ સમાન ગુણોને જાળવી રાખીને તેને વધુ સુસંગત અને સુલભ બનાવી રહ્યા છીએ."ટાટા સિયેરા ત્રણ મુખ્ય આધારસ્તંભો પર નિર્મિત છે: 'એસ્કેપ કેઓસ', 'એસ્કેપ લિમિટ્સ' અને 'એસ્કેપ ઓર્ડિનરી'. આ સિદ્ધાંતો મળીને વિશાળ જગ્યા અને આરામ, અદ્યતન ક્ષમતા અને ટેક્નોલોજી તેમ જ વિશિષ્ટ ડિઝાઈનનું અનોખું સંયોજન રજૂ કરે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ભાદરવા સુદ - 11

# બિહારમાં રાજકીય ઉથલપાથલના ભણકારા

નવીદિલ્હી : ખુરશી પર બેઠાને ૧૫૦ દિવસોથી વધુ સમય થઈ ગયા પછી હવે બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ એ સવાલનો જવાબ આપવો પડી રહ્યો છે કે, નીતિશકુમારે ભાજપના કહેવાથી ખુરશી છોડી હતી? ભાજપના નેતૃત્વવાળી હમણાની રાષ્ટ્રીય જનતાંત્રીક ગઠબંધન સરકાર સંકટમાં હોવાની વાત છે ત્યારે ધુમાડો છે તો આગ પણ લાગી હોઈ શકે. આરજેડીના કેટલાક સિનિયર નેતાઓએ એવી ઓફર કરી છે કે જેના કારણે સરકારની ચિંતા વધી ગઈ છે. બિહારમાં ખૂબ જોરશોરથી વાત થઈ રહી છે કે થોડા દિવસોમાં સરકાર બદલાશે. ભૂતકાળમાં ૨૦૧૩, ૨૦૧૭, ૨૦૨૨, ૨૦૨૪માં જે પ્રકારના સરકારમાં ફેરફાર થયા હતા એવા ફેરફાર ફરીથી થઈ રહ્યા છે? નીતિશકુમારને કેન્દ્રમાં કોઈ અગત્યનું પદ મળ્યું નથી. મનમાં નીતિશકુમાર પણ ધૂંધવાઈ રહ્યા છે. બિહારના સ્થાનિક નેતાઓ પણ સમયની રાહ જોઈને બેઠા છે. વડાપ્રધાનના આર્થિક સલાહકાર સમીતીએ વસ્તી વિસ્ફોટના ડરમાંથી બહાર નિકળવા કહ્યું છે. ભારતમાં વસ્તી પર લગામ કસવા માટે બનાવવામાં આવેલી યોજનાઓ બંધ કરવાની ભલામણ પણ કરવામાં આવી છે. સાથે જ ચીને કરેલી ભૂલમાંથી શીખવાનું કહેવામાં આવ્યું છે. 'હાઉ પોપ્યુલેશન કન્ટ્રોલ પરસીસ્ટ્સ ઈન ઈન્ડિયા' નામના રીપોર્ટમાં સમીતીએ કહ્યું છે કે હવે વિચારસરણી બદલવાની જરૂર છે. ભારતનો કુલ પ્રજનન દર (ટીએફઆર) ઘટીને ૧.૯ થઈ ગયો છે. વસ્તીને સ્થિર રાખવા માટે ૨.૧ જેટલો દર હોવો જરૂરી છે. ઉત્તર પ્રદેશ (૨.૬) અને બિહાર (૨.૯)ને બાદ કરતા બાકીના દેશનો પ્રજનન દર ફક્ત ૧.૬ ટકા જેટલો છે. વડાપ્રધાનની આર્થિક સલાહકાર સમીતીના સભ્ય સંજીવ સાનિયાલનું કહેવું છે કે, સ્વાસ્થ્ય માટે કે બે બાળકો વચ્ચેના અંતર બાબતે અમે કુટુંબ નિયોજન વિરુદ્ધ નથી. પરંતુ સરકારની નીતિનો હેતુ વસ્તી નિયંત્રણનો હોવો જોઈએ નહીં. પશ્ચિમ બંગાળમાં નંદીગ્રામ પેટા ચૂંટણીને કારણે રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસના ઉમેદવાર મિલન પ્રધાનની ધરપકડ પછી વિરોધ પક્ષો વચ્ચે આરોપ - પ્રતિઆરોપ થઈ રહ્યા છે. આ વચ્ચે ટીએમસીના બળવાખોર તેમજ નેસનાલીસ્ટ સીટીઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા (એનસીપીઆઇ)ના સાંસદ સાયોની ઘોષએ કોંગ્રેસ અને તૃણમુલ કોંગ્રેસ વચ્ચેની સમજૂતીને આવકારી છે. સાયોનીનું નિવેદન એ વખતે આવ્યું છે કે જ્યારે ટીએમસીનું નામ અને ચૂંટણી ચીન્હને ફ્રીજ કરી દેવામાં આવ્યા છે. સાયોની ઘોષે એમ પણ કહ્યું હતું કે, રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ મમતા બેનર્જીની ટીએમસી સાથે ગઠબંધન કરશે. બંને પક્ષો વચ્ચે મજબૂત મિત્રતાથી એક મોટો રાજકીય સંદેશો પણ જશે. એવો સંદેશો જશે કે આ ગંઠબંધન વાસ્તવિકત છે અને ખાલી નામ ખાતરનું ગઠબંધન નથી. પશ્ચિમ બંગાળના રાજકારણમાં તૃણમુલ કોંગ્રેસની અંદર નામ અને ચૂંટણી ચીન્હનો વિવાદ વધી રહ્યો છે. આ વિવાદ ચૂંટણી કમિશન સુધી પહોંચ્યો છે અને ચૂંટણી કમિશને બંને જૂથોને અલગ અલગ નામ આપ્યા છે, પરંતુ તૃણમુલ કોંગ્રેસનું મૂળ ચૂંટણી ચીન્હ વાપરવાની પરવાનગી કોઈને આપવામાં આવી નથી. ચૂંટણી ચીન્હ વહેંચવાની શરૂઆત દેશ આઝાદ થયો પછી થઈ હતી. ૧૯૪૭માં દેશની સાક્ષરતા ખૂબ ઓછી હતી એટલે બહુમતી મતદારો ઉમેદવાર કે પક્ષોના નામ વાંચી શકે એમ નહોતા. આ માટે ચૂંટણી ચીન્હની પ્રથા શરૂ થઈ હતી. ચૂંટણી ચીન્હ આપવાની સત્તા ચૂંટણી કમિશન પાસે છે. જ્યારે પક્ષો તૂટે છે ત્યારે ચૂંટણી કમિશનને નિર્ણય લેવાની સત્તા આપવામાં આવી છે. ચૂંટણી કમિશન નક્કી કરે છે કે, કયા જૂથની બહુમતી એવી છે કે જેમની સાથે મૂળ પક્ષના વધુ ધારાસભ્યો -સાંસદો જોડાયા છે. ઓવર ધ કાઉન્ટર અપાતી કેટલીક દવાઓ હવે પ્રિસ્ક્રીપ્શન વગર વેચી શકાશે નહીં. સરકાર આ માટે કડક કાયદા લાવી રહી છે. આ ઉપરાંત સરકારે એ પણ નક્કી કર્યું છે કે દરેક મેડિકલ સ્ટોરમાં સીસીટીવી કેમેરા મૂકવા ફરજીયાત બનશે. ગ્રાહક કઈ દવાની ખરીદી કરી રહ્યો છે એની જાણ સીસીટીવી કેમેરાથી મળી શકશે. સરકારનું કહેવું છે કે, નશો કરતી દવાઓના ગેરકાયદેસર વેચાણને અટકાવવા માટે સીસીટીવી કેમેરા જરૂરી છે. જોકે આ નિર્ણયથી દેશભરના નાના મેડિકલ સ્ટોરના વેપારીઓ ખૂબ નારાજ છે. હમણા તો આ પ્રસ્તાવ દેશના ડ્રગ કન્ટ્રોલર જનરલ (ડીસીજીઆઇ) ડો. રાજીવ સિંહ રઘુવંશી પાસે છે. સરકારનું માનવું છે કે સીસીટીવીને કારણે ડીજીટલ રેકોર્ડ બનશે જેને કારણે ખબર પડશે કે કયા દુકાનદારે પ્રિસ્ક્રીપ્શન વગર દવા વેચી છે. કેમિસ્ટો આ નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે.

## યુવા અને રોજગાર"ના અભીગમ સાથે ક્લસ્ટર કક્ષાના મેગા જોબફેરનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢ, પોરબંદર તેમજ ગીર સોમનાથના સંયુક્ત ઉપક્રમે તેમજ શ્રી સહજાનંદ સ્વામી ગુરૂકુલના સહયોગથી શ્રી સહજાનંદ સ્વામી ગુરૂકુલ, શ્રી દેવપ્રસાદજી સ્કુલ એન્ડ કોલેજ કેમ્પસ, મુ.વંથલી, જિ. જૂનાગઢ ખાતે તા. ૨૫/૦૯/૨૦૨૬ના રોજ "યુવા અને રોજગાર"ના અભીગમ સાથે રોજગાર વાંચ્છુ ઉમેદવારો માટે ક્લસ્ટર કક્ષાના મેગા જોબફેરનુ આયોજન કરવામા આવેલ છે. આ જોબફેરમાં જૂનાગઢ જિલ્લાની ખ્યાતનામ કંપનીઓ, જેમાં ઓસ્ટીન એન્જિનિયરીંગ કંપની, મેક્ષ પ્રિસિસીંગ બેરીંગ, સમન્વય મલ્ટી સ્પેસીયાલીટી હોસ્પિટલ, ગદરે મરિન એક્ષપોર્ટ, શેઠ દેવચંદ લક્ષમિચંદ ટ્રસ્ટ, કોમલ એન્ટરપ્રાઇઝ, તથા ફાઈનાન્સ, ઈન્શ્યોરન્સ અને રિટેઈલ સેલ્સ સેક્ટરની તથાપોરબંદર,ગીર-સોમનાથ,અમરેલી, રાજકોટ,મોરબી,કચ્છ,અમદાવાદ,ભરૂચ, સુરેંદ્રનગર, તથા ગુજરાતના વિવિધ જિલ્લાની નામાંકિત મેન્યુફેક્ચરીંગ તેમજ સર્વિસ સેક્ટરની કુલ ૪૦ થી વધુ કંપનીઓ હાજર રહેવાની છે આ જોબ ફેરમાં ૧૪૦૦ થી વધુ જગ્યાઓમાં ઈન્ટરવ્યુ આપવા માટે એસ.એસ.સી, આઈ.ટી.આઈ. ડિપ્લોમા/ડિગ્રી કે સ્નાતક અને અનુસ્નાતકની વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવનાર (૧૮ વર્ષ થી ૫૫ વર્ષ) સુધીના રોજગારવાંચ્છુ ઉમેદવારોને આ મેગા જોબફેરમાં ભાગ લેવા માટે રોજગાર કચેરી જૂનાગઢ દ્વારા આહ્વાન કરવામાં આવ્યુ છે. રાજકોટ,મોરબી,કચ્છ,અમદાવાદ,ભરૂચ, સુરેંદ્રનગર, તથા ગુજરાતના વિવિધ જિલ્લાની નામાંકિત મેન્યુફેક્ચરીંગ તેમજ સર્વિસ સેક્ટરની કુલ ૪૦ થી વધુ કંપનીઓ હાજર રહેવાની છે આ જોબ ફેરમાં ૧૪૦૦ થી વધુ જગ્યાઓમાં ઈન્ટરવ્યુ આપવા માટે એસ.એસ.સી, આઈ.ટી.આઈ. ડિપ્લોમા/ડિગ્રી કે સ્નાતક અને અનુસ્નાતકની વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવનાર (૧૮ વર્ષ થી ૫૫ વર્ષ) સુધીના રોજગારવાંચ્છુ ઉમેદવારોને આ મેગા જોબફેરમાં ભાગ લેવા માટે રોજગાર કચેરી જૂનાગઢ દ્વારા આહ્વાન કરવામાં આવ્યુ છે.

## અંબાજી મેળામાં 'કોઈ માઈભક્ત ભૂખ્યો ન રહે'ના ભાવ સાથે અન્નસેવાનો મહાયજ્ઞ

માહિતી બ્યુરો, બનાસકાંઠા | જગતજનની મા અંબાના પાવન ધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મહામેળાનો ભક્તિમય માહોલ વચ્ચે પ્રારંભ થયો છે ત્યારે દેશના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં માઈભક્તો અને પદયાત્રીઓ અંબાજી ધામ તરફ આવી રહ્યા છે. યાત્રાળુઓને ભોજન, પ્રસાદ અને આરામ સહિતની સુવિધાઓ સરળતાથી મળી રહે તે માટે બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર તથા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા વ્યાપક વ્યવસ્થા કરવામાં આવી છે.મેળા દરમિયાન અંબાજી ખાતે વિવિધ સ્થળોએ વિનામૂલ્યે ભોજનની વિશાળ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. દિવાળી બા ગુરૂભવન ધર્મશાળા ખાતે અંબિકા અન્નક્ષેત્ર, સિંહદ્વારની બાજુમાં વ્યંકટેશ માર્બલ-ઈનોગેશન ડોમ, યોગેશ્વર પાર્ક સોસાયટીના પ્રવેશદ્વાર પાસે સિદ્ધહેમ સેવા કેમ્પ, શ્રી આપેશ્વર મહાદેવ ખાતે દાતાશ્રી દ્વારા, ગબ્બર તળેટીમાં સહકાર ગ્રુપ દ્વારા, કામાક્ષી પાર્કિંગની બાજુમાં તેમજ ગનાપીપળી ઘાટી ખાતે દાતાશ્રી દ્વારા ભોજનની સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

# દેશલપર (ગુંતલી)માં સોઢા પરિવાર દ્વારા પ્રથમવાર ગણેશ મહોત્સવની ભવ્ય ઉજવણી

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

દેશલપર (ગુંતલી) ખાતે સોઢા પરિવાર દ્વારા આ વર્ષે પ્રથમ વખત ગણપતિ બાપાની સ્થાપના કરી ગણેશ મહોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.



ગણપતિ બાપાના આગમનથી ભક્તિમય બન્યું વાતાવરણ : રાસ-ગરબા સાથે બે દિવસ સુધી પ્રસાદ-નાસ્તાનું આયોજન

ગણેશજીના આગમન સાથે સમગ્ર પરિવારજનો તથા ગ્રામજનોમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો.
મહોત્સવ દરમિયાન બે દિવસ સુધી દાતાશ્રી સોઢા રણછોડસિંહ મહીપસિંહ પરિવાર દ્વારા નાસ્તા-પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમજ રાસ-ગરબાનું આયોજન કરવામાં આવતા સૌએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.આ સમગ્ર આયોજનમાં સોઢા રક્ષાબા હરિસિંહ સહિત પરિવારજનો તથા કાર્યકરોએ સહયોગ આપી ગણેશ મહોત્સવને સફળ બનાવ્યો હતો. પ્રથમવાર યોજાયેલા આ ધાર્મિક અને સાંસ્કૃતિક આયોજનને લઈને પરિવાર તથા ગ્રામજનોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો.

# બિલ ન ભરાતા ગ્રામ પંચાયતનું વીજ કનેક્શન કપાતા ગ્રામજનો મુશ્કેલીમાં

કિરલી ગ્રામ પંચાયતમાં વીજ બિલ બાકી રહેતાં વીજ વિભાગની કાર્યવાહી, પંચાયત કચેરીની કામગીરી ખોરવાઈ,કનેક્શન તાત્કાલિક પુનઃચાલુ કરવાની ગ્રામજનોની માંગ..

ડાંગ | ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકામાં આવેલી કિરલી ગ્રામ પંચાયત કચેરીનું વીજ બિલ બાકી રહેવાના કારણે વીજ વિભાગ દ્વારા વીજ કનેક્શન કાપી નાખવામાં આવ્યુ હોવાના આક્ષેપને પગલે ગ્રામજનોમાં ભારે રોષ સાથે મુશ્કેલી જોવા મળી રહી છે.ગ્રામજનોના જણાવ્યા મુજબ, પંચાયત કચેરીમાં વીજ પુરવઠો બંધ થઈ જતા વિવિધ સરકારી કામગીરી તેમજ જરૂરી પ્રમાણપત્રો મેળવવા સહિતના કામો માટે કચેરીએ આવતા લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.વીજળીના અભાવે પંચાયતની દૈનિક વહીવટી કામગીરી પણ અસરગ્રસ્ત બની હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે.આ પરિસ્થિતિને લઈને ગ્રામજનોમાં સવાલ ઉઠી રહ્યા છે કે પંચાયતનું વીજ બિલ સમયસર કેમ ભરવામાં આવ્યું નહીં અને કનેક્શન કપાય ત્યાં સુધી પરિસ્થિતિ કેમ પહોંચી? સમગ્ર મામલે પંચાયતના જવાબદાર તંત્રની કામગીરી અંગે તપાસ કરી હકીકત બહાર લાવવાની માંગ ઉઠી



છે.ગ્રામજનોની માંગ છે કે પંચાયતનું કેટલું વીજ બિલ બાકી હતું, બિલ સમયસર ન ભરવાનું કારણ શું હતું અને કનેક્શન કપાવા પાછળની સમગ્ર પ્રક્રિયાની વિગતો જાહેર કરવામાં આવે. જો કોઈની બેદરકારીના કારણે વીજ કનેક્શન કપાયું હોય તો જવાબદારી નક્કી કરી જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે.સાથે જ પંચાયત કચેરીનું વીજ કનેક્શન તાત્કાલિક પુનઃચાલુ કરાવી ગ્રામજનોના અટવાયેલા સરકારી કામો ઝડપથી શરૂ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.ગ્રામજનોનું કહેવું છે કે ગ્રામ પંચાયત કચેરી જેવી જાહેર સેવા સાથે સંકળાયેલી કચેરીમાં વીજ પુરવઠો સતત જળવાઈ રહે તે માટે જવાબદાર તંત્રએ સમયસર પગલાં લેવા જરૂરી છે. તેથી આ ઘટનાને માત્ર વીજ બિલના બાકીદારીના મુદ્દા તરીકે નહીં, પરંતુ ગ્રામજનોને મળતી જાહેર સેવાઓ સાથે જોડાયેલી વહીવટી બાબત તરીકે તપાસી યોગ્ય ઉકેલ લાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## ગિરીશભાઈ દવેએ કોમ્પ્યુટર સાયન્સમાં પીએચ.ડી નો અભ્યાસ કર્યો સંપન્ન- તુરંત નોટીફિકેશન સાથે પ્રોવિઝનલ થયા અર્પણ



નરેન્દ્ર દવે જૂનાગઢ

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સટી જૂનાગઢ ખાતે આજે કોમ્પ્યુટર સાયન્સમાં શોધકાર્ય સંપન્ન થયા બાદ યોજાયેલ આખરી વાઈવાવોશ દરમ્યાન કોમ્પ્યુટર સાયન્સમાં પીએચ.ડી અભ્યાસક્રમનાં વિદ્યાર્થી ગિરીશભાઈ દવેને બાહ્ય નીરીક્ષકની ઉપસ્થિતીમાં શોધપત્ર પ્રસ્તુત શોધપત્ર ગ્રાહ્ય રહેતા યુનિ.નાં રજીસ્ટ્રાર ડો.આર.જી.પરમારે તુરંત પ્રોવિઝનલ પ્રમાણપત્ર સાથે નોટીફિકેશન વિદ્યાર્થીને હાથો હાથ અર્પણ કરી ઉજ્જવળભાવીની શુભકામનાં પાઠવી હતી. આ તકે પીએચ.ડીની પ્રોવિઝનલ ડીગ્રી હાંસલ કરનાર ગીરીશભાઈ દવેએ પોતાનાં માર્ગદર્શક ડો.નેહા શાહ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી તેમનાં અતુલ્ય માર્ગદર્શન બદલ આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી ગિરીશભાઈ દવેએ યુનિ.નાં શૈક્ષણિક કાર્ય, યુનિ.નાં સ્ટાફ અને કૂલપતિ પ્રો.પ્રતાપસિંહજી ચૌહાણ તથા કૂલસચિવ ડો.આર.જી.પરમાર અને પરીક્ષા નિયામકશ્રી ડો.ડી.એચ.સુખડીયા ની વિદ્યાર્થી હીતની નીતિઓનાં અમલીકરણ અંગે સ્વાનુભવ પ્રતિભાવ વ્યક્ત કરતાં જણાવ્યુ હતુ કે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.માંથી મારી પીએચ.ડી નાં અભ્યાસ ક્ષેત્રે થયેલ જર્ની ફળદાયી બની રહી છે. કુલપતિશ્રી ચૌહાણે વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસની કરેલ નુતન તકોનાં કારણે આજે જૂનાગઢ ની આ શિક્ષણનાં ક્ષેત્રમાં આગવી ઓળખ પ્રસ્થાપીત કરી રહી છે.ડો.પ્રતાપસિંહજી એ વિદ્યાર્થીનાં શોધકાર્યનાં જ્ઞાનને સમાજોત્કર્ષમાં ઉપયોગી બનશે તેવો આશાભાવ વ્યક્ત કરી ગિરીશભાઈ દવેને મંગળકામનાં પાઠવી હતી. પીએચ.ડી કોર્ષ સંચાલન કો-ઓર્ડીનેર ડો.ઓમ જોષી, રાહુલ ચૌહાણ, તરલા ચુડાસમા, અને હેતલ કારેથાનો શ્રી ગિરીશભાઈ દવે એ આભાર વ્યક્ત કર્યો હતો.

# પ્રથમ વખત લોકાભિમુખ કામગીરીથી જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઈ ગામીત લોકપ્રિય

ડાંગ | ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે રાજેશભાઈ ગામીતે જવાબદારી સંભાળ્યા બાદ ટૂંકા સમયગાળામાં જ તેમની લોકાભિમુખ કામગીરીને કારણે લોકોમાં આગવી ઓળખ ઊભી કરી છે. જિલ્લાના અંતરિયાળ ગામડાઓ સુધીના લોકોની સમસ્યાઓને પ્રાથમિકતા આપી તેના નિવારણ માટે તત્પર રહેવાની તેમની કામગીરીને પગલે વિવિધ સમાજના લોકોમાં તેમની લોકપ્રિયતા વધી રહી હોવાનું જોવા મળી રહ્યું છે.ડાંગ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તા, પાણી, શિક્ષણ, આરોગ્ય સહિતની પ્રાથમિક સુવિધાઓને લગતી સમસ્યાઓ અંગે લોકો રજૂઆત કરે ત્યારે તેમની વાત સાંભળી સંબંધિત તંત્ર સમક્ષ પ્રશ્નો રજૂ કરી તેના ઉકેલ માટે પ્રયાસો કરવામાં આવે છે.ખાસ કરીને અંતરિયાળ વિસ્તારના સામાન્ય નાગરિકોની સમસ્યાઓને મહત્વ આપવાની કાર્યશૈલીને કારણે રાજેશભાઈ ગામીત લોકો સાથે સીધો સંપર્ક જાળવી રહ્યા છે. ડાંગ જેવા ભૌગોલિક રીતે દુર્ગમ અને અંતરિયાળ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોની સમસ્યાઓનું નિરાકરણ કરવું પડકારરૂપ છે. આવા સંજોગોમાં ગામે-ગામ લોકો સુધી પહોંચીને તેમની



મુશ્કેલીઓ જાણવાની અને શક્ય તેટલી ઝડપથી તેના ઉકેલ માટે કાર્યવાહી કરવાની અભિગમને કારણે જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે રાજેશભાઈ ગામીતે પોતાની અલગ છાપ ઉભી કરી છે.તેમની કામગીરીમાં માત્ર એક ચોક્કસ સમાજ કે વિસ્તાર પૂરતો અભિગમ નહીં પરંતુ જિલ્લાના તમામ વર્ગના લોકોને સાથે લઈને ચાલવાનો પ્રયાસ જોવા મળતો હોવાનું સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું છે. પરિણામે વિવિધ સમાજના લોકોમાં પણ રાજેશભાઈ ગામીત પ્રત્યે વિશ્વાસનું વાતાવરણ ઊભું થયું છે.જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે સત્તાની જવાબદારી સાથે લોકોની અપેક્ષાઓને સમજવાની અને સામાન્ય નાગરિકના પ્રશ્નને પોતાની જવાબદારી માનીને તેના નિરાકરણ માટે તંત્ર સાથે સંકલન કરવાની તેમની કાર્યશૈલીને કારણે તેઓ ટૂંકા ગાળામાં જ લોકોના હૃદયમાં આગવું સ્થાન પ્રાપ્ત કરી રહ્યા હોવાનું સ્થાનિક લોકો જણાવી રહ્યા છે.આગામી સમયમાં પણ ડાંગ જિલ્લાના અંતરિયાળ ગામડાંઓની પ્રાથમિક સમસ્યાઓના કાયમી ઉકેલ, વિકાસના કામોમાં પારદર્શિતા અને તમામ વર્ગના લોકો સુધી સરકારી યોજનાઓનો લાભ પહોંચે તે દિશામાં જિલ્લા પંચાયત વધુ સક્રિય બને તેવી લોકોની અપેક્ષા છે.

# ભાયાવદરના ખેડૂતોનું ટેકાના ભાવે ખરીદીમાં થતાં અન્યાયને લઇ મુખ્યમંત્રીને લખ્યો પત્ર

રિપોર્ટર વિજય રાડીયા ભાયાવદર

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી, સોયાબીન, મગ વગેરે જેવી જણસીઓની ખરીદી માટે ઓનલાઈન અરજીઓ સ્વીકારવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ છે. આ પોટલ પર ફોર્મ ભરતી વખતે 'Agri Stack' રજીસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવ્યું છે.અમો ખેડૂતો સરકાર નાં ટેકાના ભાવે ખરીદીની નીતિને આવકારીએ છીએ, પરંતુ પોર્ટલની આ ટેક્નિકલ ખામીઓનો ભોગ સામાન્ય ખેડૂતે બનવું પડી રહ્યું છે. ગયા વર્ષે મગ ખરીદીની યોજનાથી વંચિત રહ્યા હતા. ભાયાવદર શહેર માં ૩૧૦૦ સભાસદો સહકારી મંડળીના તે સીવાયના અન્ય કુલ મળી અંદાજિત ૫૦૦૦ થી વધુ ખેડૂત ખાતેદાર ધરાવતું ગામ છે જે પ્રશ્ન લઈ ખેડૂતો આજે હેરાન થઈ રહ્યા છે તેમાં ખેડૂતની કોઈ પણ ભૂમિકા/ભૂલ નથી માત્ર સરકાર ના નિયમો અને ટેકનિકલ સમસ્યા ના કારણે ખેડૂત ને એ પણ વિના વાકે ભોગ બનવું પડે છે. ગ્રામ્યવિસ્તારમાં ખેડૂતોના ફાર્મર રજીસ્ટેશન કાર્ડ નીકળી ગયેલ હોય ત્યાના ખેડૂતો ને સરકારના તમામ લાભ મળે છે. ભાયાવદર શહેર હોવાના ના કારણે ફાર્મર રજીસ્ટેશન થતું નથી માત્ર ભાયાવદર શહેરના ખેડૂતોને જો વગર વાકે અન્યાય થશે અને ખેડૂતનું રજીસ્ટેશન સમય મર્યાદામાં કરવામાં નહી આવે તો ખેડૂત ને સાથે રાખી ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે જેથી આપ સાહેબને ખેડૂત વતી નમ્ર વિનંતિ કરવામાં આવે છે કે તાત્કાલિક ધોરણે જીલ્લા ખેતીવાળી અધિકારી ને આદેશ કરવામાં આવે કે તાત્કાલિક ભાયાવદર શહેર સમસ્યા દૂર કરી તમામ ખેડૂતનું ઓનલાઈન થાય અને બધા ગ્રામ્ય ખેડૂતોની જેમ ભાયાવદરના ખેડૂતોની પણ ઓનલાઈન થવી જોઈએ અને તમામ લાભ મળે તેવી વ્યવસ્થા કરવામાં આવે.

### ખેડૂતોની માંગણી

૧. ભાયાવદર, ઉપલેટા, ધોરાજી સહિતના અસરગ્રસ્ત વિસ્તારો માટે ઓનલાઈન ખરીદી પોર્ટલમાંથી Agri Stack રજીસ્ટ્રેશનની કમ્પલસરી (ફરજિયાત) શરત તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવે.
૨. ખેડૂતો અગાઉની જેમ સાદા / સામાન્ય ઓનલાઈન ફોર્મ દ્વારા (૭/૧૨, ૮-અ, આધાર કાર્ડ અને બેંક પાસબુકના આધારે) અરજી કરી શકે તેવી સરળ પ્રક્રિયા દાખલ કરવામાં આવે.
3. જ્યાં સુધી આ જોન વિભાજનની ક્ષતિઓ સુધારીને તમામ ખેડૂતોનું એગ્રી સ્ટેક રજીસ્ટ્રેશન પૂર્ણ ન થાય, ત્યાં સુધી વૈકલ્પિક ધોરણે જૂની પદ્ધતિથી ફોર્મ સ્વીકારવાની મંજૂરી આપવામાં આવે જેથી કોઈપણ ખેડૂત ટેકાના ભાવથી. વંચિત ન રહે.
આશા છે કે ખેડૂતોના આ ગંભીર પ્રશ્ન પ્રત્યે સંવેદનશીલતા દાખવી તાત્કાલિક યોગ્ય આદેશો આપશો. આ અરજી મુખ્યમંત્રી કૃષિ મંત્રી જિલ્લા ખેતીવાડી અધિકારી કલેકટર સાહેબને ભાયાવદર મંડળી દ્વારા રજૂઆત કરેલ છે.

# જૂનાગઢ BAPS સ્વામિનારાયણ મંદિરે ભવ્ય "જળઝીલણી ઉત્સવ"ની ઉજવણી



નરેન્દ્ર દવે જૂનાગઢ

ભારતીય સનાતન સંસ્કૃતિની પરંપરાઓને ઉજાગર કરતા પવિત્ર 'જળઝીલણી ઉત્સવ"ની ભવ્ય ઉજવણી BAPS સ્વામિનારાયણ મંદિર,ગુણાતીત સભામંડપ, વંથલી રોડ, જૂનાગઢ ખાતે તા.૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬, મંગળવારના રોજ કરવામાં આવશે.જલઝીણી ઉત્સવએ ભગવાનને જળ વિહાર કરાવવાની પવિત્ર પરંપરા સાથે જોડાયેલો ધાર્મિક ઉત્સવ છે. આ પ્રસંગે હરિભક્તો તથા શ્રદ્ધાળુઓને ભગવાનના દર્શન, પૂજન અને ભક્તિમય વાતાવરણનો લાભ મળશે. ઉત્સવના ભાગરૂપે સાંજે ૫:૦૦ થી ૬:૦૦ વાગ્યા દરમિયાન જલ ઝીરણી ઉત્સવ મહાપૂજન નું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ સાંજે ૬:૦૦ થી ૭:૦૦ વાગ્યા દરમિયાન અક્ષર પુરુષોત્તમ મહારાજનો ભવ્ય જલવિહાર યોજાશે.આ પ્રસંગે મંદિર પરિસરને સુંદર રીતે શણગારવામાં આવશે અને ભગવાન ના જલ વિહારના દર્શનનો વિશેષ આધ્યાત્મિક લ્હાવો હરિભક્તો અને ભાવિકોને પ્રાપ્ત થશે. ઉત્સવ દરમિયાન ભક્તિમય વાતાવરણમાં ભગવાનની આરાધના, પૂજન અને દર્શનનો લાભ લેવા માટે સૌ ભાવિકોને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# એક જ ક્લિકે છવાયો નખત્રાણાનો વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર દેવાંગ સોની

## 35AWARDS માં દેવાંગ સોનીની 'Common Crane' એ મેળવ્યો વૈશ્વિક ડંકો

મહેશ એલ. સોની

નખત્રાણા-કચ્છ કચ્છની ધરતીના પ્રકૃતિ પ્રેમી અને પક્ષી પ્રેમી ફોટોગ્રાફર દેવાંગ દહ્યાલાલ સોનીના કેમેરાએ ફરી એક વખત આંતરરાષ્ટ્રીય ફલક પર કચ્છનું નામ રોશન કર્યું છે. તેમની એક જ અદભૂત તસવીર 'Common Crane' એ વિશ્વ પ્રસિદ્ધ 35AWARDS માં અનેક સિદ્ધિઓ પોતાના નામે કરી છે.તાજેતરમાં જ 35AWARDS ની પ્રતિષ્ઠિત "Orange Color" ફોટોગ્રાફી કોન્ટેસ્ટમાં દેવાંગ સોનીની આ તસવીરે વિશ્વભરની તસવીરોમાંથી TOP 1% માં સ્થાન મેળવીને ભારે પ્રશંસા મેળવી છે. આ તો માત્ર શરૂઆત છે, આ એક જ તસવીરે અગાઉ પણ અનેક કીર્તિમાન સ્થાપિત કર્યા છે. આ જ 'Common Crane' તસવીરે Birds 2022 Contest માં TOP 11% માં, 35AWARDS ના મુખ્ય કોન્ટેસ્ટમાં Wildlife Nomination માં TOP 70 માં અને 35AWARDS ની Wildlife કેટેગરીના TOP 200 Photographers માં ગૌરવભર્યું સ્થાન મેળવ્યું છે.



ઉલ્લેખનીય છે કે 35AWARDS ના મુખ્ય કોન્ટેસ્ટમાં વિશ્વના 174 દેશોના 1,24,827 ફોટોગ્રાફરોએ ભાગ લીધો હતો અને કુલ આશરે 4.70 લાખ તસવીરો સબમિટ થઈ હતી. આટલી વિશાળ અને સ્પર્ધાત્મક આંતરરાષ્ટ્રીય હરીફાઈમાં એક જ તસવીરનું વારંવાર વિવિધ કેટેગરીમાં શ્રેષ્ઠ સાબિત થવું એ ખરેખર અસાધારણ અને નોંધપાત્ર સિદ્ધિ છે.આટલું જ નહિ, Nikon India દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત ફોટોગ્રાફી કોન્ટેસ્ટમાં પણ આ જ તસવીરે TOP 10 માં સ્થાન મેળવીને પોતાની આગવી ઓળખ ઉભી કરી હતી.તસવીરની વાત કરીએ તો, સંધ્યાના નારંગી રંગે રંગાયેલા આકાશમાં તેજસ્વી સૂર્યબિંબ અને તેની સામે ઉડાન ભરતા સેંકડો ક્રેન પક્ષીઓના સિલુએટને કેમેરામાં અદભૂત રીતે કંડારવામાં આવ્યા છે. રંગોની માયાજાળ, પ્રકાશનું સંયોજન, ઉત્કૃષ્ટ કમ્પોઝિશન અને પક્ષીઓની કુદરતી ગોઠવણી આ તસવીરને જીવંત બનાવે છે. કચ્છની અદભૂત પ્રકૃતિ અને સમૃદ્ધ પક્ષીસૃષ્ટિને પોતાના કેમેરામાં કેદ કરતા દેવાંગ સોની માટે આ સિદ્ધિઓ તેમની ફોટોગ્રાફી યાત્રામાં એક સીમાચિહ્નરૂપ બની રહેશે અને નવા ફોટોગ્રાફરો માટે પ્રેરણારૂપ સાબિત થશે.

# ગિરનારની ગોદમાં યોગનો મહાસંગમ : ગુજરાત રાજ્ય યોગ બોર્ડની ભવ્ય મહાયોગ શિબિર 26 સપ્ટેમ્બરે યોજાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

ગિરનારની પાવન ધરતી પર યોગ, પ્રાણાયામ અને આધ્યાત્મિક ચેતનાનો અદભુત સંગમ સર્જાવા જઈ રહ્યો છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના અધ્યક્ષ અને યોગસેવકશ્રી શિશપાલજીના અધ્યક્ષસ્થાને 26 સપ્ટેમ્બર, શનિવારના રોજ સવારે 6 થી 8 વાગ્યા દરમિયાન એગ્રીકલ્ચર યુનિવર્સિટી ક્રિકેટ ગ્રાઉન્ડ, મોતીબાગ, જુનાગઢ ખાતે વિશાળ મહાયોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. 'યોગ માત્ર આસન નથી, પરંતુ જીવનને જોડતી એક સાધના છે" એવા ભાવ સાથે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત આ મહાયોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. યોગને જન-જન સુધી પહોંચાડવા તથા પરિવારથી સમાજ અને સમાજથી સમગ્ર રાષ્ટ્રમાં સ્વસ્થતા, શાંતિ અને સકારાત્મકતાની ચેતના પ્રગટાવવાના સંકલ્પ સાથે યોજાનારી આ શિબિરમાં યુવાનો, મહિલાઓ, વડીલો, પરિવારજનો તથા યોગ પ્રેમીઓને મોટી સંખ્યામાં જોડાવા આયોજકો દ્વારા હાર્દિક આહ્વાન કરવામાં આવ્યું છે. જુનાગઢની ધરતી સંતો, સાધુઓ અને આધ્યાત્મિક પરંપરાની ધરતી છે. આવી પાવન ભૂમિ પર મોટી સંખ્યામાં લોકો જ્યારે એકસાથે યોગ સાધનામાં જોડાશે ત્યારે 'યોગમય જુનાગઢ'ના સંકલ્પને નવી ઊર્જા મળશે. આ માત્ર એક યોગ શિબિર નહીં, પરંતુ સ્વસ્થ જીવન, સારા વિચારો અને સેવા ભાવના તરફ સામૂહિક સંકલ્પનું એક મહત્વપૂર્ણ પગલું બની રહેશે.મહાયોગ શિબિરમાં ભાગ લેવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજિયાત છે. રજીસ્ટ્રેશન બાદ પ્રાપ્ત થતો ID/QR કોડ પાસ ડાઉનલોડ કરી શિબિરના દિવસે સાથે લાવવાનો રહેશે. પ્રવેશદ્વારે QR કોડ સ્કેન કર્યા બાદ જ શિબિરમાં પ્રવેશ આપવામાં આવશે., રજીસ્ટ્રેશન લિંક :https://yogboard.in/junagadh-yog-shibir/register મહાયોગ શિબિરને સફળ બનાવવા માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડની જુનાગઢ ટીમ દ્વારા વિવિધ સ્તરે તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. શિબિરના આયોજન અને સંકલનમાં ઝોન કો-ઓર્ડિનેટરશ્રીમતી ચેતનાબેન ગજેરા, મનપા કો-ઓર્ડિનેટર શ્રીમતી વૈશાલિબેન ચુડાસમા, જિલ્લા કો-ઓર્ડિનેટર શ્રી જયંતિ કાછડીયા તથા સોનલબેન બગડા સહિત યોગ બોર્ડના કોચ ટ્રેનરો અને કાર્યકરો યોગ પરિવાર દ્વારા સઘન પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.આ મહાયોગ શિબિરમાં વધુમાં વધુ લોકો જોડાઈને યોગની આ પવિત્ર યાત્રાના સહભાગી બને અને ગિરનારની પાવન ધરતી પરથી 'યોગથી નિરોગી જીવન'નો સંદેશ જન-જન સુધી પહોંચે, તે માટે આયોજકો દ્વારા જુનાગઢવાસીઓને હાર્દિક આહ્વાન કરવામાં આવ્યું છે.

# ૬૨ વર્ષથી માઈભક્તોની અવિરત સેવા, પેઢી દર પેઢી જીવંત સેવાભાવની પરંપરા

માહિતી બ્યુરો, બનાસકાંઠા | અંબાજી: ભાદરવી પૂનમના મહામેળામાં લાખો માઈભક્તો મા અંબાના દર્શન માટે અંબાજી ધામે ઉમટી રહ્યા છે, ત્યારે આસ્થાની સાથે માનવસેવાનો ભાવ પણ સતત ધબકી રહ્યો છે. ચાચર ચોક ખાતે વાસદ, તા. આણંદના પટેલ નગીનભાઈ હાથીભાઈ દ્વારા છેલ્લા ૬૨ વર્ષથી ચાલી આવતી લીંબુ શરબતની નિઃશુલ્ક સેવા આ સેવાભાવની જીવંત અને પ્રેરણાદાયી પરંપરા બની છે.નગીનભાઈના દાદાના સમયથી શરૂ થયેલી આ સેવા આજે ત્રણ પેઢી બાદ પણ અવિરતપણે આગળ વધી રહી છે. દર વર્ષે મેળાના આઠમના દિવસે પોતાના સેવાકીય સામાન સાથે અંબાજી પહોંચતા નગીનભાઈ નોમથી પૂનમના બપોર સુધી માઈભક્તોની સેવા કરે છે. તેમની આ સેવામાં ૫૦ થી વધુ સેવકો જોડાઈને




ચાચર ચોક વિસ્તારમાં ૪ કાઉન્ટર પરથી માઈભક્તોને નિઃશુલ્ક લીંબુ શરબત પીરસે છે. લાંબી પદયાત્રા કરીને અંબાજી પહોંચેલા માઈભક્તો માટે ગરમી અને થાક વચ્ચે મળતું ઠંડું લીંબુ શરબત તાજગી અને નવી સ્ફૂર્તિ આપે છે. 'જય અંબે'ના નાદ સાથે દર્શન તરફ આગળ વધતા માઈભક્તો માટે આ સેવા જાણે શ્રદ્ધાની યાત્રામાં મળતી પ્રેમભરી રાહત બની રહે છે.આ સેવાકેમ્પની જિલ્લા કલેક્ટર શ્રી મિહિર પટેલે મુલાકાત લઈ નગીનભાઈ પટેલની ૬૨ વર્ષની અવિરત સેવાભાવનાને બિરદાવી હતી. કલેક્ટરશ્રીએ સ્વયં માઈભક્તોને લીંબુ શરબતનું વિતરણ કરી સેવાકાર્યમાં સહભાગી થયા હતા તેમજ નગીનભાઈ અને તેમની સમગ્ર સેવક ટીમને અભિનંદન પાઠવ્યા હતા.આ પ્રસંગે જિલ્લા કલેક્ટર શ્રી મિહિર પટેલે જણાવ્યું હતું કે, "ભાદરવી પૂનમના મેળામાં લાખો માઈભક્તો આસ્થાથી અંબાજી આવે છે. આવા સમયે વર્ષોથી સતત ચાલતી નગીનભાઈની સેવા શ્રદ્ધા અને સેવાભાવનું ઉત્તમ ઉદાહરણ છે. ૬૨ વર્ષથી અવિરત ચાલતી આ સેવાપરંપરા ખરેખર પ્રેરણારૂપ છે. આજે પણ ચાલી રહી છે. જીવતો રહીશ ત્યાં સુધી મા અંબાના ભક્તોની સેવા કરતો રહીશ અને આ સેવાપરંપરા જાળવી રાખવાનો મારો સંકલ્પ છે."આમ, અંબાજીના ભાદરવી પૂનમના મેળામાં નગીનભાઈ પટેલની ૬૨ વર્ષની લીંબુ શરબત સેવા માત્ર તરસ છીપાવતી સેવા નથી, પરંતુ પેઢી દર પેઢી સંસ્કારરૂપે વહેતી શ્રદ્ધા, સમર્પણ અને માનવસેવાની અનોખી ગાથા બની રહી છે.

## વડોદરા ખાતે રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મૂર્મુનું ઉષ્માભર્યું સ્વાગત



ગુજરાતમાં ત્રણ દિવસના પ્રવાસે આવેલા રાષ્ટ્રપતિ શ્રી દ્રોપદી મુર્મુનું વડોદરા એરપોર્ટ પર આગમન થતા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેઓ અહીંથી કેવડિયા જવા માટે રવાના થયા હતા.વડોદરા એરપોર્ટ ખાતે રાજપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, રાજ્યમંત્રી શ્રી પ્રફુલ ભાઈ પાનસેરીયા, મેયર શ્રીમતી ગીતાબેન મકવાણા, પોલીસ કમિશનર શ્રી નરસિમ્હા કોમાર, મેજર જનરલ મોહિત ગાંધી અને કલેક્ટર ડો. અનિલ ધામેલીયા દ્વારા રાષ્ટ્રપતિશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

# ભારતની સૌથી મોટી જેલો: ભારતમાં 10 સૌથી મોટી સેન્ટ્રલ જેલો કઈ છે?



**ભારત વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે. બીજી તરફ 140 કરોડથી વધુની વસ્તીમાં ગુનાખોરી છે અને બીજી તરફ ન્યાય મેળવવા માટે અનેક પ્રક્રિયાઓ ચાલી રહી છે. ચાલો તમને જણાવીએ, શું તમે જાણો છો કે ભારતની 10 સૌથી મોટી જેલો કઈ છે? આવો, આ લેખમાં અમે તમને ભારતની 10 સૌથી મોટી જેલો સાથે જોડાયેલી કેટલીક ખાસ વાતો જણાવીશું. નવી દિલ્હી ભારતની સૌથી મોટી જેલ: રાષ્ટ્રીય રાજધાનીમાં સ્થિત તિહાર જેલ આ દિવસોમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને કારણે ચર્ચામાં છે. તમને જણાવી દઈએ કે જેલને અપરાધ અને સામાજિક ન્યાયના પ્રતીક તરીકે જોવામાં આવે છે. ભારતમાં વિવિધ પ્રકારની જેલો છે અને દરેક જેલમાં તેના કદ અને કેદીઓને રાખવાની ક્ષમતા અનુસાર અલગ-અલગ લાક્ષણિકતાઓ છે. આજે આ લેખમાં અમે તમને ભારતની ટોપ 10 જેલો વિશે જણાવીશું. ચાલો જોઈએ કે આમાંથી કઈ જેલનું નામ પ્રથમ અને છેલ્લે આવે છે.**

### 1) તિહાર જેલ

દિલ્હીમાં સ્થિત તિહાર જેલ માત્ર ભારતમાં જ નહીં પરંતુ દક્ષિણ એશિયાની સૌથી મોટી જેલ સંકુલ છે, જેની સ્થાપના 1957માં કરવામાં આવી હતી. 400 એકરમાં ફેલાયેલા આ જેલ સંકુલમાં 9 સેન્ટ્રલ જેલ છે, જેમાં 5200 કેદીઓને સમાવી શકાય છે.

### 2) યરવડા સેન્ટ્રલ જેલ

પુણે, મહારાષ્ટ્રની યરવડા સેન્ટ્રલ જેલ ભારતની બીજી સૌથી મોટી જેલ છે, જ્યાં ઘણા કુખ્યાત કેદીઓ તેમની સજા ભોગવી રહ્યા છે. નોંધનીય છે કે આઝાદીની ચળવળ દરમિયાન મહાત્મા ગાંધીને પણ તેની દિવાલોમાં કેદ કરવામાં આવ્યા હતા. હાલમાં 3600 કેદીઓ માટે આવાસ છે.

### 3) નૈની સેન્ટ્રલ જેલ

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં આવેલી નૈની સેન્ટ્રલ જેલ, 237 એકરમાં ફેલાયેલી ભારતની ત્રીજી સૌથી મોટી સેન્ટ્રલ જેલ છે. તેમાં 3000 કેદીઓ માટે રહેવાની વ્યવસ્થા છે.

### 4) પહેલી સેન્ટ્રલ જેલ

તમિલનાડુના ચેન્નાઈમાં સ્થિત પુઝલ સેન્ટ્રલ જેલ પણ દેશની સૌથી મોટી જેલોમાંથી એક છે. તે 26 સપ્ટેમ્બર 2006 થી કાર્યરત છે, અને 211 એકરમાં ફેલાયેલા જેલ સંકુલમાં 1,251 રિમાન્ડ કેદીઓ, 1,250 દોષિત કેદીઓ અને 500 મહિલા કેદીઓ રાખવાની ક્ષમતા છે.

### 5) વેલ્લોર સેન્ટ્રલ જેલ

તમિલનાડુની વેલ્લોર સેન્ટ્રલ જેલ પણ દેશની સૌથી મોટી જેલોમાંથી એક છે. તેની સ્થાપના 1830 માં થઈ હતી. તેનું કેમ્પસ 153 એકરમાં ફેલાયેલું છે, જે જિલ્લામાં સૌથી મોટું અને તમિલનાડુમાં બીજા નંબરનું સૌથી મોટું છે.

### 6) રાજમુન્દ્રી સેન્ટ્રલ જેલ

રાજમુન્દ્રી સેન્ટ્રલ જેલ આંધ્ર પ્રદેશમાં આવેલી છે. 196 એકરમાં ફેલાયેલા આ સંકુલને બ્રિટિશ સામ્રાજ્ય દ્વારા 1864માં જેલમાં ફેરવવામાં આવ્યું હતું. આ પછી 1870માં તેનું નામ બદલીને સેન્ટ્રલ જેલ કરવામાં આવ્યું.

### 7) પટિયાલા સેન્ટ્રલ જેલ

પંજાબના પટિયાલા સ્થિત સેન્ટ્રલ જેલ પણ દેશની સૌથી મોટી જેલોમાંથી એક છે. તેનું કેમ્પસ પણ 110 કરોડમાં ફેલાયેલું છે.

### 8) પરપ્પના અગ્રહારા સેન્ટ્રલ જેલ

કર્ણાટકના બેંગલુરુમાં સ્થિત પરપન્ના અગ્રહારા સેન્ટ્રલ જેલ પણ દેશની સૌથી મોટી જેલોમાંની એક છે. આ સેન્ટ્રલ જેલ પણ 40 એકરમાં ફેલાયેલી છે. તે કર્ણાટકની સૌથી મોટી જેલનો દરજ્જો ધરાવે છે. તેની સ્થાપના 1997 માં કરવામાં આવી હતી અને તેની ક્ષમતા 2,200 હોવા છતાં, તે હાલમાં 5,000 થી વધુ કેદીઓ ધરાવે છે.

### 9) આલીપોર સેન્ટ્રલ જેલ

પશ્ચિમ બંગાળની અલીપુર સેન્ટ્રલ જેલ કોમ્પ્લેક્સ પણ દેશની ટોચની 10 જેલોમાંની એક છે. 40 એકરમાં ફેલાયેલી આ સેન્ટ્રલ જેલમાં મોટી સંખ્યામાં કેદીઓ રહેતા હતા. ખાસ કરીને રાજકીય કેદીઓને અહીં રાખવામાં આવ્યા હતા. 20 ફેબ્રુઆરી 2019 થી, તેને જેલમાંથી મ્યુઝિયમમાં રૂપાંતરિત કરવામાં આવ્યું છે.

### 10) ગયા સેન્ટ્રલ જેલ

વર્ષ 1851માં સ્થપાયેલી આ જિલ્લા જેલને 1922માં સેન્ટ્રલ જેલમાં પરિવર્તિત કરવામાં આવી હતી. બિહારના ગયા જિલ્લામાં સ્થિત આ સેન્ટ્રલ જેલ પણ દેશની 10 સૌથી મોટી જેલોની યાદીમાં સામેલ છે.

# મોર્નિંગ વિ ઈવનિંગ વર્કઆઉટ

## સવાર કે સાંજ, ઉનાળાના વર્કઆઉટ માટેનો શ્રેષ્ઠ સમય



તંદુરસ્ત રહેવા માટે કસરત કેટલી મહત્વપૂર્ણ છે તે કોઈ રહસ્ય નથી. તે તમને ફિટ રાખવા ઉપરાંત મેટાબોલિઝમને પણ વેગ આપે છે. જો તમે પણ મૂંઝવણમાં છો કે ઉનાળામાં વર્કઆઉટ કરવાનો શ્રેષ્ઠ સમય કયો છે, તો આ લેખ તમારા માટે છે. અહીં અમે તમને આ સાથે જોડાયેલી મહત્વપૂર્ણ બાબતો વિશે જણાવીશું. લાઇફસ્ટાઇલ ડેસ્ક, નવી દિલ્હી મોર્નિંગ વિ ઇવનિંગ વર્કઆઉટઃ દરેક સિઝનમાં કસરત કરવી ખૂબ જ જરૂરી છે. તે તમને માત્ર શારીરિક જ નહીં પરંતુ માનસિક રીતે પણ સ્વસ્થ રાખે છે. આવી સ્થિતિમાં, લોકોમાં ઘણીવાર મૂંઝવણ રહે છે કે કસરત કરવાનો યોગ્ય સમય શું છે? જો તમે પણ આ સવાલોના જવાબ જાણવા માગો છો કે ઉનાળામાં વર્કઆઉટ સવારે કરવું જોઈએ કે સાંજે, સ્વાસ્થ્યની દૃષ્ટિએ શ્રેષ્ઠ વર્કઆઉટ કયું હશે, તો ચાલો આ લેખમાં તમને તેના વિશે વિગતવાર જણાવીએ.

સવારે વહેલા ઉઠીને કસરત કરવાથી ઘણા સ્વાસ્થ્ય લાભ થાય છે. આ સમયે, વાતાવરણમાં ઓક્સિજનનું પ્રમાણ વધુ હોય છે, તેથી ખુલ્લી હવામાં તમારું મન પણ શાંત અને તાજું રહે છે. એવું માનવામાં આવે છે કે સવારે વર્કઆઉટ ઊંઘની ગુણવત્તામાં પણ સુધારો કરે છે. આ સિવાય તે તમારા મેટાબોલિઝમને વધારવામાં પણ મદદ કરે છે.

# નબળી યાદશક્તિઃ જો તમે પણ સ્મૃતિ ભ્રંશથી પીડાતા હોવ તો આ આદતો જવાબદાર હોઈ શકે છે

જો તમે પણ વારંવાર વસ્તુઓ ભૂલી જાઓ છો, તો પછી તેને મજાક અથવા નાની સમસ્યા સમજીને અવગણવાની ભૂલ ન કરો કારણ કે તે ઉંમર સાથે વધુ ગંભીર બનતી જાય છે. નિષ્ક્રિય જીવનશૈલીની સાથે ઊંઘનો અભાવ પણ સ્મૃતિ ભ્રંશ માટે જવાબદાર હોઈ શકે છે. જેના વિશે આજે આપણે જાણીશું.આખો દિવસ મોબાઈલ, ટીવી જોવું, કોઈ શારીરિક પ્રવૃત્તિ ન કરવી અને પૂરતી ઊંઘ ન લેવાથી માત્ર શરીરને જ નહીં પરંતુ મનને પણ નુકસાન થાય છે. જો તમે લાંબા સમય સુધી આ આદતોને સુધારવા વિશે વિચારતા નથી, તો તે સ્થૂળતા, ડાયાબિટીસ, કમરનો દુખાવો સાથે તમારી યાદશક્તિને અસર કરી શકે છે. આ આદતો તમારી વિચારવાની ક્ષમતાને પણ અસર કરી શકે છે. જો કે, આમાં સૌથી મોટી ભૂમિકા ઊંઘના અભાવની છે. જ્યારે તમને પૂરતી ઊંઘ ન મળે, ત્યારે તમારું મગજ યોગ્ય રીતે કામ કરતું નથી, જેનાથી તમારી યાદશક્તિની સમસ્યાઓનું જોખમ વધી જાય છે, તેથી જો તમે તમારી ઉંમરની જેમ તમારા મગજને સ્વસ્થ રાખવા માંગતા હો, તો આ આદતોને જલદીથી છોડોફક્ત તમારા મોંને સારો સ્વાદ લાગે તેવો ખોરાક ન લો, પરંતુ તમારા આહારમાં એવી વસ્તુઓનો સમાવેશ કરો જે તમારા પેટ માટે સારી હોય. ખોરાકમાંથી પ્રોસેસ્ડ અને જંક ફૂડ, અતિશય ખાંડયુક્ત ખોરાક અને પીણાં અને અન્ય સ્થૂળતા વધારતા ખોરાકને ઓછો કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ શરીર તેમજ મનને નુકસાન પહોંચાડે છે અને યાદશક્તિ પર અસર કરે છે.શરીર અને મન વચ્ચે ઊંડો સંબંધ છે. જો તમારી દિનચર્યામાં કોઈપણ પ્રકારની શારીરિક પ્રવૃત્તિનો સમાવેશ થતો નથી, તો તે તમારા એકંદર સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર કરે છે. જેના કારણે યાદશક્તિ પણ નબળી થવા લાગે છે.નામ પણ શરીરને ઘણી રીતે અસર કરે છે. નાની-નાની બાબતો પર ભાર આપવાની આદત હાઈ બ્લડ પ્રેશરનું કારણ બની શકે છે, જે તમારા હૃદય માટે બિલકુલ સારું નથી.

# જો તમે પણ સ્લિમ ફિગર માટે ખાલી પેટ પર ડાયેટિંગ કરો છો, તો તમારે આ છોડી દેવું પડી શકે છે

કેટલાક લોકોને ઝડપથી વજન ઘટાડવા અને કમર અને પેટ પર જમા થયેલી ચરબીને ઘટાડવા માટે ડાયટિંગનો વિકલ્પ સરળ લાગે છે, પરંતુ અમે તમને જણાવી દઈએ કે આ વિકલ્પ તમારા સ્વાસ્થ્યને ઘણું નુકસાન પહોંચાડી શકે છે. માર્ટમાં કામ કરવું શાહી છે પરંતુ કલાકો સુધી ભૂખ્યા રહેવું એ ચોક્કસપણે નથી. આજે આપણે જાણીશું પરેજી પાળવાથી થતા સ્વાસ્થ્યને થતા જોખમો વિશે.લાઈફસ્ટાઈલ ડેસ્ક, નવી દિલ્હી ભૂખમરો ખોરાકની આડ અસરો: સ્લિમ-ટ્રીમ ફિગરને સારા સ્વાસ્થ્યની નિશાની માનવામાં આવે છે અને આવી આકૃતિ લોકોને આકર્ષિત પણ કરે છે. જો કે, પરફેક્ટ ફિગર હાંસલ કરવું અને જાળવવું એ એક પડકારજનક કાર્ય છે. આ માટે, તમારે રોજિંદા વર્કઆઉટની સાથે તમારા આહારને નિયંત્રિત કરવો પડશે, જે ઘણા લોકો માટે શક્ય નથી, ખાસ કરીને વ્યાયામ. આવી સ્થિતિમાં પરેજી પાળવી શ્રેષ્ઠ વિકલ્પ જણાય છે. જો તમે વ્યાયામ છોડીને માત્ર ડાયટિંગ કરીને વજન ઘટાડવાનું સપનું જોતા હોવ તો બેશક તમે તે હાંસલ કરી જશો, પરંતુ સાથે સાથે તમે ઘણી સમસ્યાઓનો શિકાર પણ બની શકો છો. હા, ખાવું અને ન ખાવું એ વજન ઘટાડવાની ખૂબ જ અસ્વસ્થ રીત છે. આજે આપણે આ વિશે જાણવા જઈ રહ્યા છીએ. ભૂખમરાના આહારમાં, તમારે કલાકો સુધી ભૂખ્યા રહેવું પડે છે, જે આજકાલ વજન ઘટાડવા માંગતા લોકો દ્વારા વધુને વધુ અપનાવવામાં આવે છે.

### વજન ઘટાડવાની સાચી રીત

- તંદુરસ્ત વજન ઘટાડવા માટે ભોજન છોડવાને બદલે સંતુલન જરૂરી છે.
- ખોરાકમાંથી બિનઆરોગ્યપ્રદ ચરબી દૂર કરો અને તેને ઓછી ચરબીવાળા પ્રોટીન, શાકભાજી અને આખા અનાજ સાથે બદલો. પૂરતું પાણી પીઓ.
- પૂરતી ઊંઘ.
- કસરત માટે દરરોજ 15-20 મિનિટ અલગ રાખો.

### ભૂખ્યા.. ખોરાકની આડઅસર

#### ધીમી ચયાપચય છે

ભૂખમરો ખોરાક શરીરમાં કેલરીની માત્રા ઘટાડે છે, જેના કારણે શરીર ચરબીનો પ્રાથમિક ઊર્જા તરીકે ઉપયોગ કરવાનું શરૂ કરે છે. જે મેટાબોલિઝમ ધીમી કરે છે. જ્યારે તમારો મેટાબોલિક રેટ ઓછો હોય, તમે ગમે તેટલી મહેનત કરો, તમારું વજન ઘટશે નહીં. બીજું, આના કારણે વ્યક્તિ હંમેશા થાક અને નબળાઈ અનુભવે છે.

#### માનસિક સ્વાસ્થ્ય પર અસરો

નિષ્ણાતોના મતે, ભૂખ્યા પેટે ડાયેટિંગ કરવાથી ખાવાની વિકૃતિઓનું જોખમ વધી શકે છે. આનો અર્થ એ છે કે કેટલાક લોકોને વધુ ભૂખ લાગે છે, જ્યારે અન્ય લોકો તેમની ભૂખ સંપૂર્ણપણે ગુમાવે છે. લાંબા સમય સુધી ડાયેટિંગ કરવાથી એનોરેક્સિયા નર્વોસા, બુલિમિયા નર્વોસા અથવા બિંગ ઈટિંગ ડિસઓર્ડર જેવી સમસ્યાઓ થઈ શકે છે, જેના કારણે મૂડ ચિડિયો રહે છે, ગુસ્સો આવે છે અને તણાવનું સ્તર પણ વધે છે.

#### પોષણની ઉણપ

જો તમે ખાતા નથી, તો શરીરમાં વિટામિન્સ, મિનરલ્સ, કેલ્શિયમ અને પ્રોટીનની ઉણપ શરૂ થાય છે, જે શરીરના ઘણા કાર્યોને ચલાવવા માટે જરૂરી છે. આ પોષક તત્વોની ઉણપની અસર માત્ર સ્વાસ્થ્ય પર જ નહીં પરંતુ ત્વચા અને વાળ પર પણ જોવા મળે છે.



# આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ



- રુપાલી દવે

વર્તમાન સમયમાં માણસ ની દોડ ધન કમાવવા પાછળ વધી જતા માનસિક અશાંતિ નો શિકાર વધારે હોય છે. જીવન માં સ્ટ્રેસ નું પ્રમાણ વધતા માનસિક રોગી ની સંખ્યા વધતા અઘટિત ઘટનાઓ વધારે બનવા લાગી છે. માણસ ને જીવન માં શાંતિ તો જોઈએ છે પણ શાંતિ છે ક્યાં? આ વાક્ય સોશિયલ મીડિયા કે જાહેર ખબર માં મૂકશો તો મોટાભાગ ના "શાંતિ પતિ" નો એક સરખો દર્દીલા પુકાર "મારા ઘર માં છે તમે એને થોડા દિવસ કે કાયમ માટે રાખી શકો છો." આ એક મજાક માત્ર છે કહેવાનું તાત્પર્ય એ છે કે આજે વિશ્વ માં ક્યાંય શાંતિ નથી.પ્રકૃતિ એ પણ મનુષ્ય ની માફક નીરવતા ત્યજી ને રૌદ્ર રૂપ ધારણ કર્યું છે. માણસ નું મન સાત્વિક ને બદલે તામસિક બનતું જાય છે એટલે જ સુખ પણ અન્ય ને દેખાડી દેવા માટે ઈચ્છે છે. લગ્ન પ્રસંગો ની તામ ઝામ માં બધું ઝકમઝળ હોય છે વર વધુ ના કપડા થી લઈને ફાઈવ સ્ટાર મોંઘુદાટ મેનૂ પણ ખર્ચની ચિંતા માં યજમાન ની"ખુશી" મેકઅપ ના થથેડા ની અંદર ચિંતિત દેખાતી હોય છે. શું કામ ગજા બહાર નો ખર્ચ કરવો છે? પ્રસંગ માં આવનાર મહેમાનો પર છાપ પડવા માટે ખર્ચ તો કરવા પડે.માન્યું કે ઈવેન્ટ મેનેજમેન્ટ ના બદલે ખુદ વ્યવસ્થા કરી હોત તો લગ્ન પ્રસંગ નો ખર્ચ ઓછો આવત પણ બેબી ની ફ્રેન્ડના લગ્ન માં ઈવેન્ટ મેનેજમેન્ટ હતું એટલે રાખવું પડ્યું.સવાલ પંદર વીસ લાખ રૂપિયા નો તો છે ને લોન ચૂકવ્યા કરીશું બીજું શું? આજ ના માણસ ને મન ની શાંતિ તો જોઈએ છે પણ પોતે ઊભી કરેલ આડંબર ની ઝાળ માં એ એવો ફસાયો હોય છે ને કે ખુદ ને સર્વેસર્વા સમજવા લાગે છે.

ઓશો રજનીશ એ કહ્યું હતું કે "શાંતિ એ કોઈ વસ્તુ નથી કે જેને તમે બઝાર માંથી ખરીદી શકો છો તે તમારા આત્મા નો સ્વભાવ છે જેને માત્ર જગાડવાનો હોય છે" આજે મોટાભાગ ના લોકો વિવિધ સંપ્રદાય ને મન ની શાંતિ માટે અનુસરતા હોય છે.આ એકદમ સારી વાત છે પણ સંપ્રદાય માં જોડાયા બાદ શું તમારા સ્વભાવ માં પરિવર્તન આવ્યું? શ્રી,શ્રી રવિશંકર મહારાજ,સદગુરુ, પ્રેમાનંદ જી મહારાજ વગેરે આધ્યાત્મિક ધર્મ ગુરુ ની "મન ની શાંતિ ની શોધ" માટે ખાસ શિબિરો આયોજિત થતી હોય છે ને આ શિબિર માં હજારો લોકો ઊંચી ફી ચૂકવી ને જોડતા હોય છે. એકવાર શિબિર માં ગયા બાદ મોટાભાગ ના લોકો ધર્મ ગુરુઓ ના કાયમી ફોલોવર્સ બની જતા હોય છે. આ પ્રકાર ની શિબિર માં યુવાનો ની સંખ્યા વધારે જોવા મળતી હોય છે. મારા સાથે ટ્રેન માં બેંગલોર જવા એક ફેમિલી મુસાફરી કરી રહ્યું હતું. સામન્ય વાતચીત દરમિયાન એમણે કહ્યું કે અમે બેંગલોર સદગુરુજી ના આશ્રમ માં મેડિટેશન માટે જઈ રહ્યા છીએ. આશ્રમનું વાતાવરણ જ એવું છે ને કે ઓટોમેટિક ધ્યાન લાગી જાય છે.યુ નો ટોટલી પીસફુલ એટમોસફિયર અમારા જીવન ની શાંતિ ની શોધ આશ્રમ માં પ્રવેશતા જ પૂરી થઈ જાય છે. સાત્વિક ભોજન,શાંત વાતાવરણ અને ગુરુજી સાથે સંવાદ માં મન પોઝીટીવ એનર્જી થી ફુલ થઈ જાય છે. વાત વાત માં એ બુઝુર્ગ મહિલા બોલ્યા કે સ્વિટ્ઝર્લેન્ડના ટ્રાવેલ પેકેજ માં પણ આટલી શાંતિ તો ન જ મળે. માણસ સહજ સ્વભાવ ને લીધે મેં પૂછ્યું કે દસ દિવસ બાદ રિટર્ન થયા બાદ શું તમારી એનર્જી બાકી ના દિવસો માં ફુલ રહે છે? એણે એકદમ શાંતિ થી કહ્યું કે ગુરુજી એ મારા શુષ્ક મન ની અંદર છુપાયેલ શાંતિ ને એવી તો જગાડી દીધી છે ને કે મારા મન માંથી ગુસ્સો,આક્રોશ વગેરે મન ના રોગ થોડા થોડા નિયંત્રિત કરી શકી છું. સાચું કહું હું તો એની વાત સાંભળી ને ઈમ્પ્રેસ થઈ ગઈ હતી પણ અમુક મિનિટ બાદ એને ફોન પર એના નોકર સાથે વાત કરતા સાંભળી ને થયું કે મારા જેવા બિન્દાસ ખુશ મિજાજી માણસ ને અશાંત મન થી ખાસ ફર્ક પડતો નથી.

બુદ્ધમ શરણમ્ ગચ્છામી.. ભગવાન બુદ્ધ અને મહાવીર એ મન ની શાંતિ પર વિજય મેળવ્યો હતો.વિશ્વ શાંતિ ગુરુ બુદ્ધ અને મહાવીર છે એમણે શિષ્યો ને ઉપદેશ આપતા પહેલા ખુદ પોતે શાંતિ થી બોલવું, ક્રોધ નો ત્યાગ કરવો,વર્તમાન માં જીવવું, મન પર નિયંત્રણ રાખવું,મન ની પવિત્રતા વગેરે ને આત્મ સાત કર્યું હતું. વન માં તપશ્ચર્યા માં લિન ભગવાન મહાવીર ના કાન માં ઢોર ચરાવનાર એ લોખંડ નો ખીલો ભોંક્યો તો પણ એના પર ગુસ્સો કરવાના બદલે ક્ષમા આપી હતી. રાજા ના રાજકુંવર હતા પણ એને લાગ્યું કે ભોગ વિલાસ,સુખ તો માંગો ત્યાં હાજર થઈ જાય છે પણ આટલા બધા વૈભવ વિલાસમાં પણ મન બીમાર વધારે અનુભવાય છે. મન ની શાંતિ માટે મહાવીર ભગવાન એ મહેલ સાથે વસ્ત્રો નો ત્યાગ કર્યો ને વન માં તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા હતા.

ભગવાન બુદ્ધ એ "મૌન" ને શાંતિ નો પ્રેરક કીધો છે મન અશાંત હોય છે ત્યારે અનેક પ્રશ્નો તલવાર લઈને યુદ્ધ કરવા તૈયાર થઈ જતા હોય છે.આ સમયે અમુક કલાકો મૌન ધારણ કરી ને બેસવા થી મન ખુદ અશાંત વિચારો ના જવાબો શોધી લેતું હોય છે. એક વખત ભગવાન બુદ્ધ એના શિષ્યો ને ઉપદેશ આપી રહ્યાં હતા ત્યારે એક માણસ એ આવી ને કહ્યું કે તથાગત,ઘણા દિવસો થી મારું મન ખુબ અશાંત રહે છે મને અનેક જટિલ પ્રશ્નો સતત સતાવ્યા કરે છે આ કારણોસર મારી રાત દિવસ ની નીંદ અને ચેન ગાયબ થઈ ગયા છે.આંખ બંધ કરીને ઊંઘવા ની કોશિશ કરું એ ભેગા અશાંત મન માં જટીલ પ્રશ્નો ઉભા થાય છે,શું કરું? આપ જ મારી સહાયતા કરી શકશો. ભગવાન બુદ્ધ એ માણસ ને કીધું કે તારા પ્રશ્નો ના બધા જ જવાબ આપીશ પણ તારે મારી એક શર્ત "એક વર્ષ સુધી મૌન" રહેવાનું પાલન કરવું પડશે. માણસ ને તથાગત પર ખુબ વિશ્વાસ હતો એટલે એણે તથાગત ની શર્ત નું પૂરી શ્રદ્ધા થી પાલન કર્યું. વર્ષ બાદ એ ફરી ભગવાન બુદ્ધ પાસે આવ્યો ત્યારે બુદ્ધે પૂછ્યું તારા પશ્નો શું છે? ત્યારે માણસ એ ભગવાન બુદ્ધ ને કહ્યું કે અશાંત મન ને મૌન ધારણ કર્યા બાદ બધા પ્રશ્નો ના જવાબ મળી ગયા છે મને આપની શરણ માં લ્યો. ભગવાન બુદ્ધ એ માણસ ને કહ્યું કે આ સંપૂર્ણ બ્રહ્માંડ એક ઈશ્વર ના આશ્રયમાં છે હું અને તું પણ આ બ્રહ્માંડ નો ભાગ છીએ. સાચું કહું તો અન્ય ક્યાંય શાંતિ ની શોધ કરવા જવાના બદલે પ્રથમ "હું" ને નિર્મૂળ કરીને પરમાત્મા ના સાનિધ્ય માં બેસી ને અડધી કલાક નું મૌન રાખી ને ધ્યાન માં બેઠશો તો મન ની તંદુરસ્તી વધશે. સકારાત્મક વિચારો ને લીધે ઊંઘ સારી આવશે.માન્યું કે કાળ પરિવર્તન ની અસર પૃથ્વી પર થઈ હોવાના લીધે માનવીય જીવન માં અશાંતિ વધી છે પરંતુ ટેક્નોલોજી નો વપરાશ બની શકે ત્યાં સુધી ઘટાડી ને કુદરત ને સહયોગી બની શકાશે. ભગવાન બુદ્ધ કહે છે કે " શાંતિ અંદર થી આવે છે એને બહાર શોધવા નો પ્રયત્ન ન કરો,જો તમારું મન શુદ્ધ અને શાંત નથી તો બહાર ની દુનિયા માંથી ક્યારેય શાંતિ મળશે નહીં"



# ગ્લેમરસ 'પૂ' થી સીરિયસ 'ડિટેક્ટિવ' સુધી...

## 'ચમેલી'એ બદલી કિસ્મત તો 'દાયરા'માં બની કડક પોલીસ અફસર, આ રીતે બદલાઈ કરીના કપૂરની ફિલ્મી દુનિયા

(એજન્સી) મુંબઈ | તા.21

21 સપ્ટેમ્બર 1980ના રોજ જન્મેલી કરીના કપૂર આજે 46 વર્ષની થઈ ગઈ છે. લગભગ અઢી દાયકાથી પણ વધુ લાંબી કારકિર્દીમાં કરીનાએ હિન્દી સિનેમામાં અનેક પ્રકારના પાત્રો ભજવ્યા છે. શરૂઆતમાં જ્યાં તેની ઓળખ ગ્લેમરસ અને કમર્શિયલ ફિલ્મોની હિરોઈન તરીકે બની, તો સમય જતાં તેણે એવા પાત્રો પસંદ કર્યા જેમાં ગ્લેમર કરતાં વધુ વાર્તા અને પાત્રની ઊંડાઈ જોવા મળી.

કરીનાએ વર્ષ 2000માં ફિલ્મ 'રિફ્યુજી'થી એક્ટિંગ ડેબ્યૂ કર્યું હતું. ત્યારબાદ 'મુઝે કુછ કહેના હૈ', 'અજનબી' અને 'કભી ખુશી કભી ગમ' જેવી ફિલ્મોએ તેને મેઈનસ્ટ્રીમ સિનેમાની ચર્ચિત એક્ટ્રેસ બનાવી દીધી. ખાસ કરીને 'કભી ખુશી કભી ગમ'ની પૂ એટલે કે પૂજા શર્માનું પાત્ર તેની ગ્લેમરસ ઈમેજનો મોટો હિસ્સો બન્યું.

ત્યારબાદ કેટલાક વર્ષો સુધી કરીનાની કારકિર્દીમાં રોમેન્ટિક, ગ્લેમરસ અને કમર્શિયલ ફિલ્મોનો દબદબો રહ્યો. 'મુઝસે દોસ્તી કરોગે!', 'મૈં પ્રેમ કી દીવાની હૂં', 'ખુશી' અને 'ક્યોંકી' જેવી ફિલ્મોમાં તે મુખ્યધારાની હિરોઈન તરીકે જોવા મળી.



જોકે આ સમયગાળા દરમિયાન જ તેણે એવા પાત્રો પણ કર્યા, જેણે આગળ જતાં તેની કારકિર્દીની દિશા બદલવાનો રસ્તો તૈયાર કર્યો કરીનાની કારકિર્દીમાં સૌથી મોટો બદલાવ 2004ની ફિલ્મ 'ચમેલી'થી આવ્યો. તેમાં તેણે એક સેક્સ વર્કરનું પાત્ર ભજવ્યું હતું. આ તેના અગાઉના ગ્લેમરસ પાત્રો કરતાં બિલકુલ અલગ હતું.

આ જ વર્ષે તેણે ફિલ્મ 'દેવ'માં એક એવી મહિલાનું પાત્ર ભજવ્યું, જેનું જીવન ગુજરાત રમખાણોની હિંસાથી પ્રભાવિત થાય છે. આ પછી વિશાલ ભારદ્વાજની 'ઓમકારા'માં તેણે ડૉલી મિશ્રાનું પાત્ર ભજવ્યું, જે શેક્સપિયરના 'ઓથેલો'ની ડેસ્ડેમોનાથી પ્રેરિત હતું. 'દેવ' અને 'ઓમકારા' બંને ફિલ્મો માટે તેને ફિલ્મફેર ક્રિટિક્સ એવોર્ડ ફોર બેસ્ટ એક્ટ્રેસ મળ્યો હતો. એટલે કે કરીનાની કરિયર શિફ્ટ ફક્ત એક ફિલ્મ સુધી સીમિત ન રહ્યો. 'ચમેલી' પછી તેણે એ દર્શાવવાનું શરૂ કર્યું કે તે માત્ર ગ્લેમરસ હિરોઈનની ભૂમિકા સુધી સીમિત રહેવા નથી માંગતી.

2007માં આવેલી 'જબ વી મેટ'ને કરીનાની કારકિર્દીની સૌથી યાદગાર ફિલ્મોમાં ગણવામાં આવે છે. ફિલ્મમાં તેણે 'ગીત'નું પાત્ર ભજવ્યું હતું. ગીત ચંચળ અને વાતોડિયું ચોક્કસ હતી, પરંતુ તેનું આખું પાત્ર માત્ર ગ્લેમરની આસપાસ નહોતું ફરતું. વાર્તાનો મોટો ભાગ તેના વ્યક્તિત્વ, નિર્ણયો અને જીવનમાં આવેલા બદલાવો પર આધારિત હતો.

2012 કરીનાની કારકિર્દીનું એવું વર્ષ હતું, જેમાં તેણે એક જ વર્ષમાં બિલકુલ અલગ પ્રકારના પાત્રો ભજવ્યા. 'એક મૈં ઓર એક તૂ'માં તે હળવા-ફૂલકા અંદાજમાં જોવા મળી, તો 'હિરોઈન'માં તેણે એક પરેશાન અને અસ્થિર ફિલ્મ એક્ટ્રેસનું પાત્ર ભજવ્યું. 'હિરોઈન'માં તેનું પાત્ર 'માહી અરોડા' ફિલ્મ ઈન્ડસ્ટ્રીની ચમક-ધમક પાછળ છુપાયેલી અસુરક્ષા અને અંગત સમસ્યાઓ સામે ઝૂઝે છે. આ જ વર્ષે આવેલી 'તલાશ'માં કરીનાએ 'રોઝી'નું પાત્ર ભજવ્યું, જે ફિલ્મની રહસ્યમય વાર્તાનો મહત્વનો હિસ્સો હતું.

અહીંથી કરીનાની ફિલ્મગ્રાફીમાં એક રસપ્રદ બદલાવ દેખાવા લાગ્યો. તે મોટી કમર્શિયલ ફિલ્મોનો હિસ્સો બની રહી, પણ સાથે જ એવા પાત્રો પણ પસંદ કરતી રહી જેમાં તેના માટે એક્ટિંગની વધુ તક હતી.

2012માં કરીનાએ સૈફ અલી ખાન સાથે લગ્ન કર્યા. આ પછી પણ તેણે ફિલ્મોથી પૂરી રીતે અંતર ન બનાવ્યું. 'સિંઘમ રિટર્ન્સ' અને 'બજરંગી ભાઈજાન' જેવી ફિલ્મોમાં તે ઓછો સ્ક્રીન ટાઈમ હોવા છતાં જોવા મળી. 'બજરંગી ભાઈજાન'માં તેણે 'રસિકા'નું પાત્ર ભજવ્યું હતું.

2016માં 'કી એન્ડ કા' અને 'ઉડતા પંજાબ'માં ફરી તેની અલગ-અલગ રેન્જ દેખાઈ. 'કી એન્ડ કા'માં તે એક એવી મહિલાના પાત્રમાં હતી જે કારકિર્દીને લઈને મહત્વાકાંક્ષી છે, જ્યારે 'ઉડતા પંજાબ'માં તેણે ડૉ. પ્રીત સાહનીનો રોલ કર્યો. આ ફિલ્મ પંજાબમાં ડ્રગ્સની સમસ્યાની આસપાસ બનેલી હતી.

જો કરીનાના તાજેતરના કામને જોઈએ તો તેની ફિલ્મોમાં ઈન્ટેન્સ અને ગંભીર વાર્તાઓની સંખ્યા વધી છે. 'વીરે દી વેડિંગ' અને 'ગુડ ન્યૂઝ' જેવી કમર્શિયલ ફિલ્મો વચ્ચે તેણે 'અંગ્રેજી મીડિયમ'માં પણ કામ કર્યું.

2022માં 'લાલ સિંહ ચડ્ઢા' આવી, જેમાં તેણે 'રૂપા'નું પાત્ર ભજવ્યું. ત્યારબાદ 2023માં નેટફ્લિક્સની ફિલ્મ 'જાને જાં'માં તે 'માયા ડિસૂઝા'ના પાત્રમાં જોવા મળી.

'જાને જાં' કરીનાની સ્ટ્રીમિંગ ડેબ્યૂ ફિલ્મ હતી. ફિલ્મમાં તેનું પાત્ર એક એવી મહિલાનું હતું જે પોતાના ભૂતકાળથી બચીને નવું જીવન જીવવાનો પ્રયાસ કરી રહી છે. અહીં કરીનાને તેના જૂના ગ્લેમરસ અવતારથી બિલકુલ અલગ અંદાજમાં જોવામાં આવી.

ત્યારબાદ 2024માં 'ધ બકિંગહામ મર્ડર્સ' આવી. તેમાં કરીનાએ બ્રિટિશ-ઈન્ડિયન ડિટેક્ટિવ 'જસ્મીત જૈસ ભામરા'નું પાત્ર ભજવ્યું, જે એક બાળકની હત્યાની તપાસ કરે છે. આ ફિલ્મથી કરીના પહેલીવાર આ પ્રકારના સીરિયસ ઈન્વેસ્ટિગેટિવ રોલમાં જોવા મળી. કરીનાની આ ઈન્ટેન્સ ફિલ્મો વાળી ઈનિંગમાં 2026ની 'દાયરા' પણ સામેલ થઈ ગઈ છે. મેઘના ગુલઝારના ડાયરેક્શનમાં બનેલી આ ફિલ્મમાં કરીનાએ ડીસીપી અજૂની કોહલીનું પાત્ર ભજવ્યું છે. ફિલ્મમાં પૃથ્વીરાજ સુકુમારન પણ ડીસીપી રમન કુમારના રોલમાં છે.

18 સપ્ટેમ્બર 2026ના રોજ રિલીઝ થયેલી 'દાયરા'ની વાર્તા એક ગંભીર ગુના અને ત્યારબાદ થતી પોલીસ તપાસની આસપાસ ફરે છે.

ફિલ્મમાં કરીનાનું પાત્ર એક એન્કાઉન્ટરની તપાસ કરે છે અને આના દ્વારા કાયદો, ન્યાય અને પોલીસની જવાબદેહી જેવા સવાલો સામે આવે છે. કરીના કપૂરની કારકિર્દી જોઈએ તો આને માત્ર 'ગ્લેમરસથી સીરિયસ' બદલાવ કહેવો પણ પૂરો ચિતાર નહીં હોય.



# લવ એન્ડ વોરમાં વેઠ ઉતર્યાનું જણાતાં કેટલાંક દ્રશ્યોનું રીશૂટ

મુંબઈ : રણબીર અને આલિયાની ફિલ્મ 'લવ એન્ડ વોર'નાં કેટલાંક દ્રશ્યોમાં વેઠ ઉતરી હોવાનો અહેસાસ થતાં હવે સંજય લીલા ભણશાલીએ કેટલાંક દ્રશ્યોનું ફરીથી શૂટિંગ હાથ ધર્યું હોવાનું કહેવાય છે. ફિલ્મનું શૂટિંગ ઓલરેડી લંબાઈ ચૂક્યું છે અને તેના કારણે ફિલ્મની રીલિઝ પણ પાછી ઠેલવી પડી છે. તેમાં હવે વધુ એક સપ્તાહનું રીશૂટ શરુ થયું છે.

સંજય લીલા ભણશાલીએ એડિટ થયેલા ફૂટેજની સમીક્ષા કર્યા પછી યુદ્ધના મહત્વના દ્રશ્યો વધુ અસરકારક બનાવવા ફિલ્મનું શૂટિંગ ફરી શરૂ કર્યું છે. ફિલ્મનું મુખ્ય શૂટિંગ ત્રણ અઠવાડિયા અગાઉ જ પૂરુ થઈ ગયું હોવા છતાં ભણસાલીને યુદ્ધના કેટલાક હિસ્સાને સારી રીતે ફિલ્માવી શકાયા હોત તેવું જણાયું છે. વધારાનું શૂટ ગોરેગાંવમાં વેલકમ મેદાન ખાતે થઈ રહ્યું છે. આ રીશૂટ એક અઠવાડિયું ચાલશે. અગાઉ ભણશાલીએ ફિલ્મમાં એક નવું ગીત ઉમેરવાનું નક્કી કર્યું હતું. જોકે, હવે તે ઉમેરાશે કે કેમ તે અનિશ્ચિત બન્યું છે.

રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ અભિનિત 'લવ એન્ડ વોર' ૨૦૨૭માં રિલીઝ થવા નિર્ધારીત છે. ફિલ્મનો પ્લોટ ચિવટથી ગોપનીય રખાયો છે, પણ યુદ્ધના દ્રશ્યો પર ફરીથી ધ્યાન અપાઈ રહ્યું હોવાથી મોટા પાયાના તમાશા સાથે ભાવનાત્મક આત્મીયતાનું સંતુલન કરવાની ભણસાલીની મહત્વાકાંક્ષા છતી થાય છે. આ પ્રોજેક્ટ પછી રણીબીર અને આલિયા બંનેની મહત્વની ફિલ્મો પણ રજૂ થવાની સંભાવના છે.

# સમય રૈના અને મેધા શંકરના લગ્નની અફવા



મુંબઈમાં સમય રૈના અને મેધા શંકરના લગ્નની અફવાએ જોર પકડ્યું છે. સોશિયલ મીડિયા પર વાયરલ પોસ્ટ મુજબ, બંને આ વર્ષે ડિસેમ્બરમાં લગ્ન કરશે. રેડિટ પર એક અજાણ્યા યુઝરે સમયના પરિવારના નિકટના હોવાનો દાવો કરીને આ વાત જણાવી હતી. જોકે, આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. સ્વિટ્ઝર્લેન્ડની તસવીરો વાયરલ થયા બાદ તેમની ડેટિંગની અટકળો વધી હતી.

મુંબઈ : સમય રૈના અને મેધા શંકર ફરી એકવાર પોતાના કથિત સંબંધ બાબતે સમાચારોમાં ઝળક્યા છે. સોશિયલ મીડિયા પર વાયરલ એક પોસ્ટમાં દાવો કરાયો છે કે બંને આ વર્ષે ડિસેમ્બરમાં લગ્ન કરવાની યોજના બનાવી રહ્યા છે. જો કે સમય અથવા મેધા તરફથી આ દાવાની હજી સુધી કોઈ આધિકારીક પુષ્ટી નથી કરાઈ.


આ અફવા કથિત રીતે રેડિટ પર એક પોસ્ટ દ્વારા શરૂ થઈ, જેમાં પોતાને સમયના પરિવારની નિકટના બનાવતા એક અજ્ઞાત યુઝરે તેની માતા સાથે વાતચીતનો સંદર્ભ આપ્યો. પોસ્ટ અનુસાર બંને હાલ રજાઓ માણી રહ્યા છે અને ટૂંક સમયમાં લગ્ન કરવાની યોજના બનાવી રહ્યા છે. જો કે તેની સ્વતંત્ર પુષ્ટી નથી થઈ. સમય અને મેધાની કથિત ડેટિંગની અફવા છેલ્લા કેટલાક સમયથી ચર્ચામાં છે. બંને સાથે નજર આવવાથી તેમજ સ્વિટ્ઝરલેન્ડના ઈન્ટરલેકનથી કથિત તસવીર વાયરલ થયા પછી અટકળો વધી હતી. મેધાએ '૧૨વી ફેલ', 'શાદીસ્થાન' અને 'ગિન્ની વેડ્સ સની ટુ'માં કામ કર્યું છે અને હાલ 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'માં જોવા મળી હતી.

# સની કૌશલ ભાભી કેટરિના બહેન ઈસાબેલને ડેટ કરતો હોવાની અફવા



મુંબઈ : વિક્કી કૌશલના ભાઈ અને એક્ટર સની કૌશલ તથા કેટરિના કૈફની બહેન ઈસાબેલ વચ્ચે અફેર શરુ થયું હોવાની અફવા છે. સની અગાઉ શર્વરી વાઘને ડેટ કરતો હતો પરંતુ બાદમાં બંનેનું બ્રેક અપ થયું હતું.

સોશિયલ મીડિયા પોસ્ટ વચ્ચે અનેક સમાનતા નજરે પડતા સની કૌશલ અને ઈસાબેલ કૈફ વચ્ચે રોમાન્સની અફવાઓ શરૂ થઈ છે. બંને વચ્ચે નજીકનો સંબંધ છે અને તેઓ ઘણીવાર વિક્કી કૌશલ અને કેટરીના કૈફના મુંબઈ ઘરમાં સાથે દેખાય છે, પણ તેમણે પોતાના સંબંધ વિશે ચાલી રહેલી અટકળો વિશે કોઈ જવાબ નથી આપ્યો. હાલમાં સનીએ બિલાડીઓની તસવીરો પોસ્ટ કરી હતી. આ તસવીરો અને ઈસાબેલના જુલાઈમાં તુર્કી પ્રવાસ દરમ્યાન શેર કરાયેલી તસવીરો વચ્ચે સામ્ય હતું. સનીએ ફેન્ટેસી નવલકથા ડંજન ક્રોલર કાર્લની એક તસવીર પણ પોસ્ટ કરી, જેના પર ઈસાબેલે કમેન્ટ કરી કે તેણે જ સનીને આ પુસ્તક વાંચવાની સલાહ આપી હતી. સોશિયલ મીડિયા પર તેમની આ વાતચીતે ચાહકોની ઉત્સુકતા વધારી દીધી. સની અથવા ઈસાબેલ બંનેમાંથી કોઈએ પણ ડેટિંગની અફવાઓની પુષ્ટી અથવા ખંડન નથી કર્યું. અગાઉ પણ બંને પોતાના ભાઈ-બહેન સાથે તહેવાર મનાવતા જોવા મળ્યા હતા.




# ભારતમાં હનુમાન અંશની કમાણી 300 કરોડને પાર

## 44મા દિવસે 9.75 કરોડ રૂપિયા કલેક્શન; મિર્ઝાપુરનું વર્લ્ડવાઇડ કલેક્શન 300 કરોડ પર પહોંચ્યું

(એજન્સી) મુંબઈ | તા.21

ફિલ્મ 'હનુમાન અંશ'એ ભારતમાં 300 કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. બોક્સ ઓફિસ ટ્રેકર સૅકનિલ્ક મુજબ, રિલીઝના 44મા દિવસે (સાતમા શનિવારે) ફિલ્મે 9.75 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યું, જેના કારણે તેનું કુલ ભારત ગ્રોસ કલેક્શન 304.80 કરોડ રૂપિયા થઈ ગયું છે.

બીજી તરફ પંકજ ત્રિપાઠી અભિનીત 'મિર્ઝાપુર ધ મૂવી'એ પણ શનિવારે 4.50 કરોડ રૂપિયા કમાયા, જેના કારણે તેનું વર્લ્ડવાઈડ કલેક્શન 302.19 કરોડ રૂપિયા થઈ ગયું છે. આ ઉપરાંત વીકએન્ડ પર નવી રિલીઝ થયેલી 'વાઈબ' અને 'દાયરા'ના બિઝનેસમાં પણ સુધારો નોંધાયો છે.

સંત નીમ કરોલી બાબાના જીવનથી પ્રેરિત ફિલ્મ 'હનુમાન અંશ' થિયેટરોમાં સતત મજબૂત પ્રદર્શન કરી રહી છે. ભારતમાં તેનું નેટ કલેક્શન 258.13 કરોડ રૂપિયા અને કુલ ગ્રોસ કલેક્શન 304.80 કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે.

ઓવરસીઝ માર્કેટમાંથી મળેલા 24.50 કરોડ રૂપિયાને ઉમેરતા ફિલ્મનું વર્લ્ડવાઈડ કલેક્શન 329.30 કરોડ રૂપિયા થઈ ચૂક્યું છે. રિલીઝના સાતમા અઠવાડિયામાં પણ ફિલ્મની કમાણીનો આ ગ્રાફ નવા રેકોર્ડ બનાવી રહ્યો છે.

ગુરમીત સિંહના નિર્દેશનમાં બનેલી 'મિર્ઝાપુર ધ મૂવી'માં પંકજ ત્રિપાઠી, અલી ફઝલ અને દિવ્યેન્દુ મુખ્ય ભૂમિકામાં છે. શનિવારની કમાણી બાદ ભારતમાં આ ફિલ્મનું કુલ નેટ કલેક્શન 210.70 કરોડ રૂપિયા અને ગ્રોસ કલેક્શન 250.94 કરોડ રૂપિયા થઈ ગયું છે.

ફિલ્મે વિદેશી બજારોમાં અત્યાર સુધીમાં 51.25 કરોડ રૂપિયાનું ગ્રોસ કલેક્શન કર્યું છે. આ રીતે ફિલ્મનું કુલ વર્લ્ડવાઈડ ગ્રોસ કલેક્શન 302.19 કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. શનિવારે મળેલી વૃદ્ધિને કારણે ફિલ્મના કુલ આંકડામાં સુધારો થયો છે. શુક્રવારે સિનેમાઘરોમાં રિલીઝ થયેલી બે નવી ફિલ્મો 'વાઈબ' અને 'દાયરા'ની કમાણીમાં શનિવારે ઉછાળો આવ્યો છે. કુણાલ ખેમૂ, પ્રીતિ ઝિન્ટા અને સ્પર્શ શ્રીવાસ્તવ અભિનીત 'વાઈબ'ને દર્શકો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ફિલ્મે બીજા દિવસે 2.65 કરોડ રૂપિયાની નેટ કમાણી કરી, જે પહેલા દિવસની 1.70 કરોડ રૂપિયાની કમાણી કરતાં વધુ છે. આ સાથે જ 'વાઈબ'નું ભારતમાં કુલ નેટ કલેક્શન 4.35 કરોડ રૂપિયા અને ગ્રોસ કલેક્શન 5.22 કરોડ રૂપિયા થઈ ગયું છે. બીજી તરફ, કરીના કપૂર અને પૃથ્વીરાજ સુકુમારન અભિનીત ફિલ્મ 'દાયરા'ની શરૂઆત થોડી ધીમી રહી છે.



# રશ્મિકા મંદાનાની માયસાનું દમદાર ટીઝર રિલીઝ, ફેન્સ બોલ્યા હવે પુષ્પાની શ્રીવલ્લી કરશે રુલ...!

(એજન્સી) મુંબઈ | તા.21

રશ્મિકા મંદાનાની અપકમિંગ ફિલ્મ 'માયસા' (Mysaa)ને લઈને ફેન્સ વચ્ચે લાંબા સમયથી ઉત્સુકતા જોવા મળી રહી છે. એક્શન અને થ્રિલરથી ભરપૂર આ ફિલ્મમાં તે એક આદિવાસી ગોંડ છોકરીનું પાત્ર ભજવી રહી છે. તેના પાત્રમાં એક તરફ લાગણીઓની ઊંડાણ જોવા મળશે, તો બીજી તરફ તે એક મજબૂત અને બહાદુર છોકરીના રૂપમાં પણ નજર આવશે. ત્યારે હવે મેકર્સે ફિલ્મનું ટીઝર શેર કરી દીધું છે, જેમાં રશ્મિકા મંદાનાનો એક્શન અવતાર જોવા મળી રહ્યો છે અને દર્શકોનું એક્સાઈટમેન્ટ વધારી રહ્યો છે. આ ટીઝર જોયા બાદ ફેન્સ કહી રહ્યા છે કે પુષ્પા પછી હવે શ્રીવલ્લીનું બોક્સ ઓફિસ પર રાજ હશે.

2 મિનિટ 3 સેકન્ડના ટીઝરમાં માયસાને એક એવી મહિલા તરીકે દેખાડવામાં આવી છે, જે પોતાના રસ્તામાં આવનારી દરેક વસ્તુ સામે લડવાનો નિર્ણય કરે છે.

તેના પાત્રનું એક ઉગ્ર અને મક્કમ ઈરાદાવાળું પાસું છે. યુદ્ધ છેડવાનો તેનો નિર્ણય વિરોધ અને અસ્તિત્વની લડાઈવાળી વાર્તાનો પાયો નાખે છે. રશ્મિકાનું ફિઝિકલ ટ્રાન્સફોર્મેશન ટીઝરમાં દેખાય આવે છે, જેમાં અંડરવોટર એક્શન સીન કરતી જોઈ શકાય છે. માયસાનો રૉ (raw) અંદાજ દર્શકોનું ધ્યાન ખેંચી રહ્યો છે. માયસાનું ટીઝર જોયા બાદ એક યુઝરે લખ્યું કે, 'રુવાંટા ઊભાં કરી દીધાં.' તો બીજા યુઝરે લખ્યું કે, 'પુષ્પા પછી બૉક્સ ઓફિસ પર શ્રીવલ્લી રૂલ કરશે.' જે લોકો નથી જાણતા તેમને જણાવી દઈએ કે ડિરેક્ટર રવીન્દ્ર પુલ્લેની 'માયસા' હવે 27 નવેમ્બર 2026ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે.

રશ્મિકા મંદાનાની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'માયસા'નું એક્શનથી ભરપૂર ટીઝર રિલીઝ થયું છે.

ફિલ્મનું નિર્માણ અનફોર્મુલા ફિલ્મ્સ કરી રહ્યું છે. ફિલ્મમાં રશ્મિકા સિવાય ઈશ્વરી રાવ, ગુરુ સોમસુંદરમ અને રાવ રમેશ પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે.

આ પહેલાં મે મહિનામાં રશ્મિકાએ ખુદ સોશિયલ મીડિયા પર ફિલ્મની શૂટિંગને લઈને અપડેટ આપ્યું હતું. તેણે જણાવ્યું હતું કે 'માયસા'નું કેરળમાં ચાલી રહેલું લાંબુ શૂટિંગ શેડ્યૂલ સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગયું છે. અભિનેત્રીએ આ દરમિયાન પોતાની ટીમ સાથે કેટલીક તસવીરો પણ શેર કરી હતી. રશ્મિકાએ એક્શન સીન શૂટ કરવા માટે સખત મહેનત કરી. તેણે થાઈલેન્ડના બેંગકોકમાં ખાસ સ્ટન્ટ અને કોમ્બેટ ટ્રેનિંગ લીધી હતી. તેણે ત્યાં રોજના 8 કલાકથી વધુ સમય સુધી ટ્રેનિંગ કરી હતી. આ ટ્રેનિંગમાં ફાઈટ અને સ્ટન્ટ સાથે જોડાયેલી ઘણી પ્રેક્ટિસ સામેલ હતી.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## ચેસ ઓલમ્પિયાડ 2026
## ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે રોમાંચક મુકાબલો



(એજન્સી) સમરકંદ । તા. 21

ચેસ ઓલમ્પિયાડ ૨૦૨૬ના છઠ્ઠા દિવસે આજે સમરકંદમાં અત્યંત રોમાંચક અને કડક મુકાબલાઓ જોવા મળી રહ્યા છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત ઓપન સેક્શનમાં શક્તિશાળી ઉઝબેકિસ્તાન સામે ટકરાઈ રહ્યું છે, જ્યારે મહિલા વિભાગમાં ભારતીય ટીમ યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા (USA) સામે મેદાનમાં ઉતરી છે. અગાઉ પાંચમા દિવસે ભારતીય ટીમનો મિશ્ર ઓહ્ર રહ્યો હતો, જેમાં ઓપન સેક્શનમાં ભારતે નેધરલેન્ડ્સને ૩-૧થી પરાજય આપ્યો હતો, જ્યારે મહિલા ઈવેન્ટમાં પોલેન્ડ સામે ૧.૫-૨.૫થી હારનો સામનો કરવો પડ્યો હતો. આજના છઠ્ઠા રાઉન્ડના મુકાબલામાં ભારતના સ્ટાર ખેલાડીઓ પ્રજ્ઞાનંદ, અર્જુન એરિગાઈસી, નિહાલ સરીન અને ડી. ગુકેશ એક્શનમાં છે. ડે-6ની આ મેચમાં ડી. ગુકેશ બોર્ડ 4 પર શમસિદ્દીન વોખિદોવ સામે રમી રહ્યા છે. જ્યારે વિશ્વ ચેમ્પિયનશિપના અન્ય એક મુખ્ય હરીફ જાખિર સિંદારોવ સામે અર્જુન એરિગાઈસી બોર્ડ 2 પર જોરદાર ટક્કર આપી રહ્યા છે. આ ઓપન સેક્શનની મેચમાં બંને દેશો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી રહી છે. બીજી તરફ, મહિલાઓની મેચમાં પણ ભારતીય ટીમ વિજય મેળવવા માટે પૂરી તાકાત લગાવી રહી છે. મહિલા સેક્શનમાં આર. વૈશાલીને આરામ આપવામાં આવ્યો છે અને તેમની જગ્યાએ સવિતા શ્રીને સ્થાન અપાયું છે, જ્યારે ટીમની બાકીની લાઈનઅપ યથાવત રાખવામાં આવી છે.

સમરકંદમાં ચાલી રહેલા આ પ્રતિષ્ઠિત ચેસ ઓલમ્પિયાડમાં ભારતીય ખેલાડીઓના શાનદાર પ્રદર્શનથી દેશભરના રમતપ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ઉઝબેકિસ્તાન સામેની આ અગ્નિપરીક્ષામાં ભારતીય ગ્રૈન્ડમાસ્ટર્સ કેવું પ્રદર્શન કરે છે અને કયા પરિણામો સામે આવે છે તેના પર સમગ્ર ચેસ જગતની નજર ટકેલી છે.



શરૂઆતની સ્થિતિ અને ઘટનાક્રમ

## મેસી અને મિયામી સાન ડિએગો સામે રહી ગઈ છે બે બેથી ડ્રો

(એજન્સી) ફ્લોરિડા । તા. 21

રવિવારના રોજ રમાયેલી ફૂટબોલ મહાસંઘની રોમાંચક મેચમાં લિઓનેલ મેસીની આગેવાની હેઠળની ઈન્ટર મિયામીની ટીમને સાન ડિએગો સામે બે વિરુદ્ધ બે ગોલના ડ્રોથી સંતોષ માનવો પડ્યો હતો. આ મુકાબલામાં મિયામીની ટીમ મેદાન પર સતત દબદબો બનાવી રાખવા છતાં વિજય મેળવવાથી વંચિત રહી હતી, જેના કારણે ટીમનું ખરાબ પ્રદર્શન આગળ ધપ્યું છે અને ચાહકોમાં નિરાશા ફેલાઈ ગઈ છે. આ તાજા પરિણામ બાદ ઈન્ટર મિયામીની ટીમની હાલત ચિંતાજનક બની ગઈ છે. છેલ્લા નવ મુકાબલાઓમાં ટીમને માત્ર એક જ વિજય નસીબ થયો છે, જે દર્શાવે છે કે ટીમ અત્યારે કંગાળ ફોર્મમાંથી પસાર થઈ રહી છે. હાલની સ્થિતિ મુજબ, નિયમિત સત્ર પૂરા થવામાં માત્ર આઠ મેચ બાકી છે અને ટીમ અગ્રણી નેશવિલ કરતા અગિયાર પોઈન્ટ પાછળ ચાલી રહી છે, જેના કારણે ટાઈટલની રેસમાં ટકી રહેવું હવે અત્યંત મુશ્કેલ બન્યું છે. મેદાન પર આક્રમક રમત રમવા છતાં મિયામીના ખેલાડીઓ વિજયી સરસાઈ મેળવવામાં નિષ્ફળ સાબિત થયા છે. સાન ડિએગોની ટીમ સામે રમાયેલી આ મેચમાં મહેમાન ટીમ શરૂઆતથી જ આક્રમક મિજાજમાં જોવા મળી હતી. વિરોધી ટીમ તરફથી ડેનિશ સ્ટ્રાઈકર આન્દ્રેસ ડ્રાયરે શાનદાર પ્રદર્શન કર્યું હતું અને મેચના બારમી મિનિટે જ અદ્ભુત પાસનો લાભ લઈને ડેલિકેટ શૉટ દ્વારા ગોલ કરીને પોતાની ટીમને પ્રથમ સરસાઈ અપાવી હતી. શરૂઆતમાં ગોલ ખાધા બાદ મિયામીના ખેલાડીઓએ હિંમત હાર્યા વગર વળતો પ્રહાર કર્યો હતો અને મેદાન પર ભારે દબાણ બનાવ્યું હતું. મેચના ચોવીસમી મિનિટે ફૂટબોલ જગતના દિગ્ગજ ખેલાડી લિઓનેલ મેસીએ પોતાના લાક્ષણિક અંદાજમાં જાદુઈ ફ્રી-કિક દ્વારા ગોલ ફટકારીને સ્કોર સરખો કરી નાખ્યો હતો.

ભારતીય મહિલા હોકી જીત, એશિયન ગેમ્સમાં મોટો વિજય

# ભારતનો શાનદાર વિજય અને ઐતિહાસિક પ્રદર્શન

(એજન્સી) અમદાવાદ । તા. 21

એશિયન ગેમ્સ ૨૦૨૬ ના બીજા દિવસે ભારતીય ખેલાડીઓએ રમતગમતના મહાકુંભમાં અદભુત કૌશલ્યનું પ્રદર્શન કરી સમગ્ર દેશનું ગૌરવ વધાર્યું છે, જેમાં મહિલા હોકી ટીમે ઈન્ડોનેશિયા સામે સત્તર સામે એક ગોલથી ભવ્ય વિજય મેળવ્યો હતો અને પુરુષ કબડ્ડી ટીમ તેમજ અન્ય ખેલાડીઓએ પણ વિજયી રથ જાળવી રાખી કુલ છ મેડલ દેશની માં પડાવ્યા છે.

રમતગમતના આ મહાકુંભમાં ભારતીય દળની શરૂઆત અત્યંત પ્રભાવશાળી રહી છે. મેડલ ટેલી પર નજર કરીએ તો ભારતે અત્યાર સુધીમાં કુલ છ મેડલ પોતાના નામે કરી લીધા છે. આ ગૌરવવંતી સિદ્ધિમાં નિશાનેબાજી એટલે કે શૂટિંગની વિવિધ સ્પર્ધાઓમાં પાંચ પદક અને મિક્સ્ડ માર્શલ આર્ટ્સમાં એક બ્રોન્ઝ મેડલ સામેલ છે. મીડિયા અહેવાલ મુજબ ભારતીય નિશાનેબાજોએ અત્યંત દબાણની સ્થિતિમાં પણ અસાધારણ સંયમ અને ચોકસાઈ દાખવીને ચાર સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ જીતીને દેશની શાનમાં ચાર ચાંદ લગાવી દીધા છે. પુરુષોની દસ મીટર એર રાઈફલ ટીમ ઈવેન્ટમાં હિમાંશુ ઢિલ્લોન, પાર્થ માને અને રુદ્રાંક્ષ



પાટિલની વિજેતા ત્રિપુટીએ શાનદાર સામૂહિક પ્રદર્શન કરીને સિલ્વર મેડલ જીત્યો હતો. આ જ સ્પર્ધાની વ્યક્તિગત શ્રેણીમાં પણ હિમાંશુ ઢિલ્લોને સિલ્વર મેડલ અને રુદ્રાંક્ષ પાટિલે બ્રોન્ઝ મેડલ મેળવીને પોતાની શ્રેષ્ઠ પ્રતિભાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

મેદાન પરની રમતગમતમાં ભારતીય ખેલાડીઓએ શરૂઆતથી જ પોતાની સર્વોપરિતા સાબિત કરી દીધી છે. ભારતીય મહિલા હોકી ટીમે પોતાના અજેય અભિયાનને આગળ ધપાવતા ઈન્ડોનેશિયા સામે સત્તર વિરુદ્ધ એક ગોલથી અત્યંત વિશાળ અને એકતરફી જીત નોંધાવી છે.

અગાઉ ઉઝબેકિસ્તાન સામે ઓગણીસ ગોલની શાનદાર જીત મેળવનાર આ ટીમનો હોંસલો સાતમા આસમાને છે. મેદાન પર ખેલાડીઓની પાસિંગ ગેમ અને આક્રમક રણનીતિ સામે હરીફ ટીમ સંપૂર્ણપણે લાચાર નજરે પડી હતી. બીજી તરફ, પુરુષ કબડ્ડી મુકાબલામાં પણ ભારતીય ખેલાડીઓએ જાપાન સામે ઓગણપચાસ વિરુદ્ધ ચોવીસ પોઈન્ટના મોટા અંતરથી વિજય મેળવીને પોતાની દબદબો કાયમ રાખ્યો છે. રમતગમતના અન્ય ક્ષેત્રોની વાત કરીએ તો બેડમિન્ટન સ્પર્ધામાં પ્રવીણ ખેલાડી લક્ષ્ય સેને બાંગ્લાદેશી ખેલાડી સામે આસાનીથી વિજય મેળવ્યો છે, જ્યારે ટેબલ ટેનિસની ટીમ ઈવેન્ટમાં ભારતે પરંપરાગત હરીફ પાકિસ્તાનને ત્રણ વિરુદ્ધ શૂન્યથી ક્લીન સ્વીપ કરીને શાનદાર સફળતા મેળવી છે. બોક્સિંગ રિંગમાં પણ સુમિતે પોતાના આગવા અંદાજમાં જીત મેળવીને આગામી રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે. આગામી દિવસોમાં યોજાનારી સ્પર્ધાઓને લઈને સમગ્ર દેશના ખેલપ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પ્રશિક્ષકો અને નિષ્ણાતોના મતે ભારતીય ખેલાડીઓની વર્તમાન ફિટનેસ અને માનસિક મજબૂતાઈ જોતા મેડલની સંખ્યામાં નોંધપાત્ર વધારો થવાની પૂરેપૂરી સંભાવના છે.

# રોહિત શર્મા અને વિરાટ કોહલીનું ભવિષ્ય અદ્ધરતાલ થયું, વર્લ્ડ કપમાં રોહિત કોહલીનું સ્થાન અનિશ્ચિત

(એજન્સી) અમદાવાદ । તા. 21

ભારતીય ક્રિકેટ જગતમાં અત્યારે એક અત્યંત ચોંકાવનારી અને ચર્ચાસ્પદ પરિસ્થિતિ ઊભી થઈ છે, જ્યાં ૧૯૮૩ની વિશ્વ વિજેતા ટીમના યશસ્વી સભ્ય અને પૂર્વ દિગ્ગજ ઓલરાઉન્ડર સંદીપ પાટિલે ભારતીય ક્રિકેટના બે મહાનુભાવો રોહિત શર્મા અને વિરાટ કોહલીના ભવિષ્યને લઈને એક મોટું અને બેધડક નિવેદન આપ્યું છે. આગામી બે હજાર સતાવીસના એક દિવસીય વિશ્વ કપમાં આ બંને દિગ્ગજ ખેલાડીઓની ઉપસ્થિતિ પર ગાઢ વાદળો ઘેરાયેલા છે, કારણ કે જ્યારે આ મહાકુંભ રમાશે ત્યારે રોહિત શર્મા ચાલીસ વર્ષની અને વિરાટ કોહલી ઓગણચાલીસ વર્ષની વય વટાવી ચૂક્યા હશે. આ સંદર્ભમાં મીડિયા અહેવાલો અનુસાર પૂર્વ ખેલાડીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે ભારતીય ટીમ પાસે આજે યુવા ખેલાડીઓની એટલી બધી શાનદાર બેન્ચ સ્ટ્રેન્થ ઉપલબ્ધ છે કે જો આ બંને અનુભવી ખેલાડીઓ ટીમમાંથી બહાર થઈ જાય અથવા ન રમે, તો પણ ભારતીય ક્રિકેટ ટીમના શાનદાર પ્રદર્શન પર તેની કોઈ જ નકારાત્મક કે માઠી અસર



પડવાની નથી.

આ ગંભીર મુદ્દા પર ચર્ચા કરતા સંદીપ પાટિલે વિસ્તૃત અહેવાલ આપતા જણાવ્યું હતું કે આગામી વિશ્વ કપમાં આ બંને ખેલાડીઓનું ભાગ લેવું સંપૂર્ણપણે તેમની અંગત રમવાની દ્રઢ ઈચ્છાશક્તિ, તેમની શારીરિક ફિટનેસનું સ્તર અને પસંદગીકારોની આગામી રણનીતિક વિચારસરણી પર નિર્ભર રહેવાનું છે. સમયના વહેણ સાથે જ્યારે પણ આ દિગ્ગજ ખેલાડીઓને ટીમમાંથી વિદાય આપવાનો સમય આવશે, ત્યારે રાષ્ટ્રીય ટીમ પાસે તેમની ખાલી પડેલી જગ્યાને સચોટ રીતે ભરી શકે તેવા સક્ષમ અને પ્રતિભાશાળી યુવા ખેલાડીઓ તૈયાર હોવા અત્યંત આવશ્યક છે. ભારતીય ક્રિકેટની વર્તમાન બેન્ચ સ્ટ્રેન્થની અદભુત મજબૂતાઈને ધ્યાનમાં લેતા તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે ચાહકોએ ચિંતા કરવાની કોઈ જરૂર નથી કારણ કે ટીમનું ભવિષ્ય સુરક્ષિત હાથોમાં છે.

ભારતીય ક્રિકેટમાં રોહિત શર્મા અને વિરાટ કોહલીના અત્યાર સુધીના યોગદાનને ક્યારેય નજરઅંદાજ કરી શકાય તેમ નથી. મર્યાદિત ઓવરોની ક્રિકેટ રમતની અંદર રોહિત શર્માએ પોતાની વિસ્ફોટક અને શાનદાર બેટિંગ શૈલીથી અનેક કીર્તિસ્માનો સ્થાપિત કર્યા છે, જ્યારે બીજી બાજુ વિરાટ કોહલીએ પોતાની અથાક મહેનત અને રેકોર્ડબ્રેક પારીઓથી ક્રિકેટ જગતમાં જે સ્થાન મેળવ્યું છે તેના વિશે જેટલું પણ વર્ણન કરવામાં આવે તેટલું હંમેશાં ઓછું જ સાબિત થવાનું છે. આ બંને સિનિયર ખેલાડીઓ લાંબા સમયથી ભારતીય ટીમની જીતનો મુખ્ય આધારસ્તંભ રહ્યા છે અને વિશ્વભરના કરોડો ક્રિકેટ પ્રેમીઓના દિલ પર રાજ કરી રહ્યા છે.

# અજિત અગરકરની વિરુદ્ધ નિર્ણય લીધો, બોર્ડે બુમરાહને કેપ્ટન બનાવ્યો

## આયર્લેન્ડ શ્રેણીમાં મોટો વિવાદ, અગરકરની ઈચ્છા વિરુદ્ધ નિર્ણય



(એજન્સી) અમદાવાદ । તા. 21

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના અંદરખાનેથી બહાર આવેલા અહેવાલો મુજબ, આજથી ત્રણ વર્ષ પહેલાં એટલે કે ઓગસ્ટ ૨૦૨૩માં જ્યારે ભારતીય ટીમ આયર્લેન્ડના પ્રવાસે જવાની હતી, ત્યારે મુખ્ય પસંદગીકાર અજિત અગરકરની ઈચ્છા યુવા બેટ્સમેન ઋતુરાજ ગાયકવાડને ટ્વેન્ટી-ટ્વેન્ટી શ્રેણી માટે ટીમના કેપ્ટન તરીકે મેદાનમાં ઉતારવાની હતી. પરંતુ બોર્ડના વરિષ્ઠ અધિકારીઓએ આ મામલે હસ્તક્ષેપ કરીને તમામ સમીકરણો બદલી નાખ્યા હતા અને ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહને ટીમની આગેવાની સોંપવાનો આખરી નિર્ણય લીધો હતો, જેના કારણે પસંદગી સમિતિના પ્રમુખની યોજના ધરી રહી ગઈ હતી અને આ ઘટનાક્રમે તે સમયે ભારતીય ક્રિકેટ વર્તુળોમાં ભારે હલચલ મચાવી દીધી હતી.

આ સમગ્ર વિવાદ પાછળ અજિત અગરકરનું મુખ્ય કારણ જસપ્રીત બુમરાહનું કાર્યભાર વ્યવસ્થાપન અર્થાત વર્કલોડ મેનેજમેન્ટ હતું, કારણ કે તે સમયે બુમરાહ લાંબી ઈજામાંથી સાજા થઈને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પરત ફરી રહ્યા હતા અને આગામી સમયમાં દેશ માટે મહત્વપૂર્ણ વિશ્વ કપ જેવી મોટી સ્પર્ધાઓ રમવાની બાકી હતી. અગરકરનું સ્પષ્ટ માનવું હતું કે વારંવાર ઈજાગ્રસ્ત થતા આ ખેલાડી પર વધારાનું દબાણ લાવવાને બદલે તેમને ફિટનેસ પર ધ્યાન કેન્દ્રિત કરવા દેવું જોઈએ, જ્યારે બીજી તરફ ઋતુરાજ ગાયકવાડને કેપ્ટન બનાવવાથી તેમને ભવિષ્યના નેતૃત્વ માટે તૈયાર કરવાનો સુવર્ણ અવસર મળી રહેત કારણ કે તેમને તે જ સમયગાળા દરમિયાન એશિયન ગેમ્સ માટે પણ ભારતીય દળના કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને ભારતીય યુવાઓએ તે સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન કરીને દેશ માટે ગૌરવવંતા ગોલ્ડ મેડલ પર કબજો પણ જમાવ્યો હતો. મુખ્ય પસંદગીકારના સ્પષ્ટ વિરોધ અને સલાહ છતાં ક્રિકેટ બોર્ડે પોતાના નિર્ણય પર અડ રહીને આયર્લેન્ડ પ્રવાસ માટે જસપ્રીત બુમરાહને જ સત્તાવાર રીતે કેપ્ટન જાહેર કર્યા હતા.

પ્રણવી ઉર્સનું શાનદાર પ્રદર્શન અને વરસાદી વિઘ્ન

# પ્રણવી ઉર્સ લા સેલા ઓપન ગોલ્ફ સ્પર્ધામાં ટોપ ટેનમાં સ્થાન મેળવવા માટે મક્કમ



(એજન્સી) ડેનિયા । તા. 21

રવિવારના રોજ સ્પેન ખાતે રમાઈ રહેલી અત્યંત રોમાંચક લા સેલા ઓપન ગોલ્ફ સ્પર્ધામાં એશિયન ગેમ્સ માટે પસંદગી પામેલી ભારતની પ્રતિભાશાળી ગોલ્ફર પ્રણવી ઉર્સે ખરાબ હવામાન અને ધોધમાર વરસાદ વચ્ચે પણ પોતાના ઉત્કૃષ્ટ દેખાવથી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. ત્રીજા દિવસે ભારે વરસાદ અને તોફાની વાતાવરણને કારણે રમત સમયસર આગળ વધી શકી ન હતી, જેના પરિણામે ભારતીય ખેલાડીઓને મેદાન પર ઉતરવાની તક મળી ન હતી, તેમ છતાં પ્રણવીએ પોઈન્ટ ટેબલમાં મજબૂત સ્થિતિ જાળવી રાખી છે.

ટૂર્નામેન્ટના ત્રીજા દિવસે આકાશમાંથી આફતરૂપી વરસાદ વરસ્યા બાદ વિજળીના ગડગડાટ સાથે વાતાવરણ અત્યંત જોખમી બની ગયું હતું. ખેલાડીઓની સલામતીને સર્વોપરી ગણીને આયોજકોએ તાકીદનું પગલું ભરતા સ્પર્ધાને એક રાઉન્ડ ઘટાડી દેવાનો મહત્વનો નિર્ણય લીધો હતો. આ અણધાર્યા ફેરફારને કારણે હવે આગામી રાઉન્ડ જ આ ટૂર્નામેન્ટનો અંતિમ અને નિર્ણાયક રાઉન્ડ સાબિત થશે.

અગાઉના રાઉન્ડમાં પ્રણવીએ ખૂબ જ સંયમિત અને સાવચેત રમત રમી હતી. તેણે પ્રથમ રાઉન્ડમાં ત્રણ અંડર અસઠ અને બીજા રાઉન્ડમાં એક અંડર એકરનો સ્કોર નોંધાવ્યો હતો. આ શાનદાર દેખાવના બળે તે બે રાઉન્ડના અંતે ચાર અંડર સ્કોર સાથે સંયુક્ત આઠમા ક્રમે અકબંધ રહી છે. વરસાદી માહોલ અને ખરાબ સ્થિતિ વચ્ચે પણ તેણે ટોપ દસ ખેલાડીઓમાં સ્થાન મેળવવાની પોતાની દાવેદારી મજબૂત બનાવી રાખી છે.

આંતરરાષ્ટ્રીય સ્તરની આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં ભારત તરફથી રમી રહેલી અન્ય ખેલાડીઓની સ્થિતિ પણ ચર્ચાના કેન્દ્રમાં રહી હતી. પ્રણવી ઉપરાંત માત્ર અવનિ પ્રશાંત જ એવી બીજી ભારતીય ગોલ્ફર હતી જેણે શાનદાર પ્રદર્શન કરીને કટ પાર કરવામાં સફળતા મેળવી હતી. અવનિએ બીજા રાઉન્ડની અતિ-મહત્વની અઢારમી હોલ પર લાંબી બર્ડી પટ લગાવીને આગેકૂચ કરી હતી અને હાલ તે સંયુક્ત પચાસમા ક્રમે બિરાજમાન છે.

બીજી બાજુ, ભારતની અન્ય અનુભવી ખેલાડીઓ જેવી કે દીક્ષા ડાગર, વાણી કપૂર અને હિતાશી બક્ષી આ કઠિન સ્પર્ધામાં કટ પાર કરવામાં નિષ્ફળ રહી હતી અને તેઓ રેસમાંથી બહાર થઈ ગઈ હતી. આ ખેલાડીઓ માટે પ્રદર્શનનું સ્તર અપેક્ષા મુજબનું રહ્યું ન હતું, જેના કારણે તેમણે ટૂર્નામેન્ટમાંથી વહેલી વિદાય લેવી પડી છે.

ઈંગ્લેન્ડની ખેલાડી શાર્લોટ હીથ શાનદાર ફોર્મમાં ચાલી રહી છે અને તે ચાર શૉટની મજબૂત સરસાઈ સાથે અંતિમ રાઉન્ડમાં પ્રવેશ કરશે. શાર્લોટે અગાઉના દિવસોમાં અદ્ભુત રમત બતાવીને લીડરબોર્ડ પર પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું છે. ખરાબ હવામાનને કારણે રમત રદ થયા છતાં તેનું સ્થાન સૌથી ઉપર સુરક્ષિત રહ્યું છે. હવે તમામની નજર પ્રણવી ઉર્સ પર છે, જે અંતિમ રાઉન્ડમાં ઉત્તમ પ્રદર્શન કરીને ટોપ ટેનમા પોતાનું સ્થાન પાકું કરવા માટે મેદાન પર ઉતરશે.


દુર્ઘટના // મેદાનમાં અફરાતફરીનો VIDEO વાઈરલ, ડ્રાઈવરનું ધ્યાન ન હોવાથી સર્જાઈ દુર્ઘટના

# વોર્મ અપ કરતા ફૂટબોલર પર રોલર ચઢાવી દીધું

(એજન્સી) થાઈલેન્ડ । તા. 21

થાઈ લીગની એક મેચ પહેલાં અત્યંત વિચિત્ર અને જોખમી અકસ્માત સર્જાવાના સમાચાર સામે આવ્યા છે. ઈંગ્લેન્ડના પૂર્વ આંતરરાષ્ટ્રીય ફૂટબોલર અને ૩૫ વર્ષીય એન્ડ્રોસ ટાઉનસેન્ડ મેચ પહેલાં મેદાન પર વોર્મ-અપ કરી રહ્યા હતા, તે દરમિયાન અચાનક તેમના પર ભારે પિચ રોલર ચડી ગયું હતું. આ ભયાનક ઘટના સમયે રોલરનો ડ્રાઈવર બીજી તરફ જોઈ રહ્યો હોવાથી તે ખેલાડીને જોઈ શક્યો ન હતો. વાહન ટાઉનસેન્ડના પગ અને કમરના ભાગ પરથી પસાર થઈ જતાં મેદાન પર થોડીવાર માટે નાસભાગ અને અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી વીડિયો ક્લિપમાં જોઈ શકાય છે કે ટાઉનસેન્ડ જ્યારે હવામાં બેકહીલ લગાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારે જ પિચ રોલર તેમના માર્ગમાં આવી ગયું હતું. રોલર શરીર પરથી પસાર થતાં જ તેમની ચીસ સંભળાઈ હતી અને આસપાસ ઉભેલા અન્ય ખેલાડીઓ



સ્તબ્ધ થઈ ગયા હતા. સદનસીબે, આટલા મોટા અને ગંભીર અકસ્માત છતાં તેમને કોઈ મોટી કે ગંભીર ઈજા પહોંચી ન હતી.

આ ઘટનાનું સૌથી વધુ આશ્ચર્યજનક પાસું એ રહ્યું કે આટલા મોટા આંચકા અને દુર્ઘટના બાદ પણ ટાઉનસેન્ડ મેચમાંથી બહાર ન રહ્યા. તેઓ ઈજાના આ સમય દરમિયાન પોતાની ટીમ 'પીટી પ્રાચુઆપ' તરફથી સબસ્ટીટ્યુટ ખેલાડી તરીકે મેદાનમાં રમવા પણ ઉતર્યા હતા, અને તેમની ટીમે આ મુકાબલામાં ૩-૦થી શાનદાર વિજય મેળવ્યો હતો.

ઈંગ્લેન્ડ માટે ૧૩ આંતરરાષ્ટ્રીય મેચ રમી ચૂકેલા ટાઉનસેન્ડે આ સમગ્ર ઘટનાને હળવાશથી લઈને પોતાના ઈન્સ્ટાગ્રામ પર વીડિયો શેર કર્યો હતો. તેમણે હસતા ઈમોજી સાથે કેપ્શનમાં લખ્યું હતું કે, 'આને એવી રીતે દર્શાવો જાણે આ કોઈ અકસ્માત હોય.' નોંધનીય છે કે અગાઉ કંચનાબુરી પાવર ક્લબ રેલિગેશનનો ભોગ બન્યા બાદ તેમણે ઓગસ્ટ મહિનામાં જ પીટી પ્રાચુઆપ ક્લબ જોઈન કરી હતી.

સૌથી વધુ આશ્ચર્યજનક બાબત એ રહી કે આટલા મોટા આંચકા છતાં ટાઉનસેન્ડ મેચમાંથી બહાર ન થયા, પરંતુ ઈજાના સમય દરમિયાન પોતાની ટીમ પીટી પ્રાચુઆપ તરફથી સબસ્ટીટ્યુટ ખેલાડી તરીકે મેદાનમાં રમવા પણ ઉતર્યા હતા. તેમની ટીમે આ મુકાબલામાં 3-0થી શાનદાર જીત મેળવી હતી. ઈંગ્લેન્ડ માટે 13 આંતરરાષ્ટ્રીય મેચ રમી ચૂકેલા ટાઉનસેન્ડે આ સમગ્ર ઘટનાને હળવાશથી લઈને પોતાના ઈન્સ્ટાગ્રામ પર વીડિયો શેર કર્યો હતો. તેમણે હસતા ઈમોજી સાથે કેપ્શનમાં લખ્યું કે, 'આને એવી રીતે દર્શાવો જાણે આ કોઈ અકસ્માત હોય.'

ચેસ ઓલમ્પિયાડ 2026: , હમ્પી અને સવિતા મેદાનમાં

# ભારત અને યુએસએની મહિલા ટીમ વચ્ચે રોમાંચક મુકાબલો

(એજન્સી) સમરકંદ । તા. 21

ચેસ ઓલમ્પિયાડ ૨૦૨૬ના છઠ્ઠા દિવસે આજે સમરકંદ ખાતે મહિલા વિભાગમાં અત્યંત રોમાંચક અને કાંટાની ટક્કર જોવા મળી રહી છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતની મહિલા ટીમ આજે યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા (USA) સામે મેદાનમાં ઉતરી છે. આજની આ મેચમાં ભારત તરફથી અનુભવી ખેલાડી કોનેરુ હમ્પી, દિવ્યા દેશમુખ, વંતિકા અગ્રવાલ અને સવિતા શ્રી.બી એક્શનમાં છે. અગાઉ પાંચમા દિવસે ભારતીય ટીમનો ઓહ્ર મિશ્ર રહ્યો હતો, જેમાં ઓપન સેક્શનમાં નેધરલેન્ડ્સ સામે વિજય મળ્યો હતો પરંતુ મહિલા ઈવેન્ટમાં પોલેન્ડ સામે ૧.૫-૨.૫થી પરાજયનો સામનો કરવો પડ્યો હતો.

આજના છઠ્ઠા રાઉન્ડના મુકાબલામાં મહિલા ટીમની લાઈનઅપમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. સ્ટાર ખેલાડી આર. વૈશાલીને આરામ આપવામાં આવ્યો છે, અને તેમની જગ્યાએ યુવા ખેલાડી સવિતા શ્રી.બી ને પ્લેઈંગ ફિલ્ડમાં સામેલ કરવામાં આવી છે, જ્યારે ટીમની બાકીની ખેલાડીઓ યથાવત રાખવામાં આવી છે.



આજના દિવસે ભારતને બંને મોરચે કઠિન પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. ઓપન સેક્શનમાં ભારતનો મુકાબલો યજમાન તથા મજબૂત ઉઝબેકિસ્તાન સામે થઈ રહ્યો છે, જ્યાં ડી. ગુકેશ બોર્ડ 4 પર શમસિદ્દીન વોખિદોવ સામે અને અર્જુન એરિગાઈસી બોર્ડ 2 પર જાખિર સિંદારોવ સામે ટકરાઈ રહ્યા છે.

સમરકંદમાં ચાલી રહેલા આ વૈશ્વિક મહાકુંભમાં ભારતીય મહિલા ટીમ યુએસએ સામે વિજય મેળવીને કમબેક કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. હમ્પી અને સવિતા શ્રી સહિતની ખેલાડીઓના આ પ્રદર્શન પર દેશભરના ચેસ પ્રેમીઓની મીટ માંડયેલી છે.

## ઈરાનની સેન્ટ્રલ મિલિટરી કમાન્ડની ચેતવણી : ટ્રમ્પની ચેતવણી સામે ઈરાને મૂકી શરતો

# ‘જરાય રહેમ નહીં કરીએ, સહયોગી દેશો પણ યુદ્ધનો હિસ્સો ગણાશે..’

(એજન્સી) તેહરાન । તા. 21

પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ હવે ચરમસીમા પર પહોંચી ગયો છે. ઈરાને અમેરિકા અને તેના સહયોગી દેશોને ખુલ્લી ધમકી આપી છે કે જો અમેરિકા ઈરાન પર કોઈ નવી સૈન્ય કાર્યવાહી કરશે, તો પશ્ચિમ એશિયામાં મોજૂદ અમેરિકી ઠેકાણાઓ અને હિતો પર સતત અને દર્દનાક હુમલા કરવામાં આવશે. ઈરાનની સેન્ટ્રલ મિલિટરી કમાન્ડ ‘ખતમ અલ-અંબિયા સેન્ટ્રલ હેડક્વાર્ટર’ દ્વારા રવિવારે જારી કરાયેલા નિવેદનમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે આ જવાબી કાર્યવાહીમાં જરાય રહેમ રાખવામાં આવશે નહીં અને વૉશિંગ્ટનનો સાથ આપનારા પ્રાદેશિક દેશોને પણ આ યુદ્ધનો સીધો હિસ્સો ગણવામાં આવશે.

આ આક્રમક ધમકી અમેરિકા દ્વારા ઈરાની બંદરો પર નૌકાદળની નાકાબંધી ચાલુ રાખ્યા બાદ સામે આવી છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, નાકાબંધીને અસરકારક બનાવવાના પ્રયાસો હેઠળ અત્યાર સુધીમાં ૧૦૯ વાણિજ્યિક જહાજોના માર્ગ બદલવામાં આવ્યા છે. આ તણાવના કારણે પ્રમુખ વૈશ્વિક ઉર્જા ગલિયારા અને હોર્મુઝ સ્ટ્રેટથી થતા વેપાર પર ભારે અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે. ઈરાને આ જળમાર્ગથી મોટાભાગના શિપિંગ પર પ્રતિબંધ ચાલુ રાખ્યો છે અને સ્પષ્ટ કર્યું છે કે જ્યાં



સુધી જૂનના યુદ્ધવિરામ કરારની શરતો પૂરી નહીં થાય ત્યાં સુધી આ જળમાર્ગ ખોલવામાં નહીં આવે.

આ ગતિરોધ વચ્ચે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેહરાનને ચેતવણી આપી છે કે જો તે કરાર પર સંમત નહીં થાય તો તેણે ગંભીર પરિણામો ભોગવવા પડશે, જેમાં ઈરાનનું આર્થિક પતન અથવા તેના નેતૃત્વ પર હુમલા સામેલ હોઈ શકે છે. ટ્રમ્પે જણાવ્યું છે કે અમે નિર્ણાયક નિર્ણય લેવાના મૂડમાં છીએ. બીજી તરફ, ઈરાની સુરક્ષા પ્રમુખ મોહસિન રઝાઈએ જણાવ્યું છે કે તેહરાને કતરની મધ્યસ્થી દ્વારા સંઘર્ષ સમાપ્ત કરવા માટે દુશ્મનાવટનો અંત લાવવા, ફ્રીઝ કરાયેલા ફંડને મુક્ત કરવા અને નૌકાદળની નાકાબંધી હટાવવાની શરતો મૂકી દીધી છે.

દરમિયાન, ઈરાન સમર્થિત હુતી દળો દ્વારા સાઉદી અરેબિયાના રિયાધ અને યાનબૂ સ્થિત ઓઈલ રિફાઇનરી પર કરવામાં આવેલા નવા હુમલાઓના દાવાઓથી પરિસ્થિતિ વધુ વણસી છે. આ ઘટનાક્રમ બાદ પશ્ચિમ એશિયામાં સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર છે અને યુદ્ધ વધુ ભડકવાની પૂરી શક્યતા દેખાઈ રહી છે. ઈરાની મિલિટરી કમાન્ડે ક્ષેત્રીય દેશોને પણ કોઈ પણ અમેરિકી સૈન્ય કાર્યવાહીનું સમર્થન કરવા સામે કડક ચેતવણી આપી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, જે દેશો વૉશિંગ્ટન સાથે ઊભા રહેશે, તેમને આ યુદ્ધનો હિસ્સો ગણવામાં આવશે અને પછી તેમણે ઈરાની સેના પાસેથી કોઈ પણ પ્રકારના સંયમની આશા ન રાખવી.

આ ધમકી એવા સમયે આવી છે જ્યારે અમેરિકાએ ઈરાની બંદરો પર પોતાની નૌકાદળની નાકાબંધી ચાલુ રાખી છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું કે, આ નાકાબંધીને અસરકારક બનાવવાના પ્રયાસો હેઠળ 20 સપ્ટેમ્બર સુધી તેના દળોએ 109 વાણિજ્યિક જહાજોના માર્ગ બદલ્યા છે.

## 93 લોકોના મોત, અનેક કાટમાળમાં દટાયા

# સુદાનમાં 7 દિવસમાં બે વખત સોનાની ખાણ ધસી



(એજન્સી) ખાર્તુમ । તા. 21

સુદાનમાં ફરી એકવાર મોટી અને હૃદયદ્રાવક દુર્ઘટના સર્જાઈ છે. માત્ર સાત દિવસના અંતરમાં બે વખત સોનાની ખાણ ધસી પડવાની ઘટનાઓ બની છે, જેમાં કુલ ૯૩ જેટલા લોકોના મોત થયા હોવાના અહેવાલ છે. જ્યારે અસંખ્ય શ્રમિકો હજુ પણ કાટમાળમાં દટાયેલા હોવાની માહિતી સામે આવી છે. તાજેતરની ઘટના પૂર્વ સુદાનમાં બની હતી, જ્યાં રવિવારે અચાનક સોનાની ખાણનો શાફ્ટ ધસી પડતાં ૧૧ શ્રમિકોના મોત નીપજ્યા હતા અને ૩૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક તંત્ર દ્વારા તરત જ રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. એક અધિકારીએ આ દુર્ઘટના અને બચાવ કામગીરીની પુષ્ટિ કરતા જણાવ્યું કે કાટમાળ નીચે દટાયેલા શ્રમિકોને બહાર કાઢવાના પ્રયાસો ચાલુ છે. ઉલ્લેખનીય છે કે, આનાથી બરાબર સાત દિવસ અગાઉ એટલે કે ગત રવિવારે પણ આ જ રીતે સોનાની ખાણ ધસી પડવાની ગંભીર દુર્ઘટના બની હતી, જેમાં ૮૨ શ્રમિકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. આમ, ટૂંકા સમયગાળામાં ખાણની અંદર બનેલી આ હોનારતોથી ભારે શોકનો માહોલ છે.

ગઈકાલે રવિવારે સુદાનના પૂર્વમાં એક વિસ્તારમાં આવેલી ખાણમાં અચાનક શાફ્ટ ધસી પડતાં આ દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં 11 શ્રમિકોના મોત નીપજ્યા જ્યારે 30થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. હજુ પણ ઘણા શ્રમિકો કાટમાળમાં દટાયેલા છે અને રેસ્ક્યૂ ઓપરેશન પણ ચાલી રહ્યું છે. એક અધિકારીએ આ ઘટના અને રેસ્ક્યૂ ઓપરેશનની પુષ્ટી કરી હતી.

ઉલ્લેખનીય છે કે ગત રવિવારે એટલે કે સાત દિવસ અગાઉ પણ આ રીતે જ સોનાની ખાણ ધસી પડતાં 82 શ્રમિકોએ જીવ ગુમાવ્યા હતા. આ વિસ્તાર પેરામિલિટ્રી રેપિડ સપોર્ટ ફોર્સના નેતૃત્વ હેઠળ આવે છે જે છેલ્લા ત્રણ વર્ષોથી સુદાની સેના સામે યુદ્ધ લડી રહી છે.

### સંઘર્ષગ્રસ્ત વિસ્તાર અને સુરક્ષાનો અભાવ

જે વિસ્તારમાં આ ખાણ દુર્ઘટના સર્જાઈ છે, તે પેરામિલિટ્રી ‘રેપિડ સપોર્ટ ફોર્સ’ (RSF) ના નેતૃત્વ હેઠળ આવે છે. આ સંગઠન છેલ્લા ત્રણ વર્ષોથી સુદાની સૈન્ય સામે ભીષણ યુદ્ધ લડી રહ્યું છે. દેશમાં ચાલી રહેલા આ આંતરિક સંઘર્ષ અને અરાજકતાના કારણે ખાણકામ ક્ષેત્રે સુરક્ષાના કોઈ પૂરતા ધોરણો જળવાતા નથી, જેના કારણે અવારનવાર શ્રમિકોએ પોતાના જીવ ગુમાવવાનો વારો આવે છે. હાલમાં તંત્ર દ્વારા ઘાયલોને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા છે અને ફસાયેલા શ્રમિકોની શોધખોળ જારી છે.


## ન્યૂઝ બ્રીફ

### ઈટાલીની તમામ સ્કૂલોમાં બુરખા હિજાબ પર પ્રતિબંધ મુકાશે : મેલોની



રોમ । ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ દેશની તમામ સ્કૂલોમાં બુરખા અને હિજાબ પર પ્રતિબંધ મૂકવાની મોટી જાહેરાત કરી છે. રવિવારે કરવામાં આવેલી આ જાહેરાત મુજબ, હવે ઈટાલીની શાળાઓમાં આવતા વિદ્યાર્થીઓએ ખુલ્લા ચહેરા સાથે જવું પડશે અને પરંપરાઓના નામે ચહેરો છુપાવવાની કોઈ મંજૂરી આપવામાં આવશે નહીં. આ ઉપરાંત, સ્કૂલોમાં વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યાને મર્યાદિત કરવા માટે પણ નવા નિયમો ઘડવામાં આવશે, જેથી ઈટાલીના સ્થાનિક બાળકોને પોતાની જ શાળાઓમાં પોતે લઘુમતીમાં છે તેવો અહેસાસ ન થાય. વડાપ્રધાન મેલોનીએ સ્પષ્ટ કર્યું હતું કે વર્ગખંડમાં વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા બહુમતમાં ન હોવી જોઈએ. જો કોઈ વિદ્યાર્થી ઈટાલીની ભાષા ન જાણતો હોય તો તે આગળ જતાં શીખી શકે છે, પરંતુ આવા વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોય તો મુશ્કેલી સર્જાઈ શકે છે. એક રિપોર્ટ અનુસાર, હાલમાં ઈટાલીની શાળાઓમાં દર ૧૦૦માંથી ૧૨ વિદ્યાર્થીઓ વિદેશી છે, અને કુલ નોંધાયેલા વિદ્યાર્થીઓના ૧૧.૬ ટકા વિદ્યાર્થીઓ વિદેશી છે. આ સમગ્ર મા અંગે ટૂંક સમયમાં જ કેબિનેટ બેઠકમાં વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવશે.

### રશિયામાં યુદ્ધ વચ્ચે પહેલીવાર સંસદીય ચૂંટણી, પુતિનની પાર્ટી આગળ



મોસ્કો | યુક્રેન સાથેના યુદ્ધની વચ્ચે રશિયાની સંસદ ‘સ્ટેટ ડ્યુમા’ની ૪૫૦ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીના પરિણામો સામે આવવાના શરૂ થઈ ગયા છે. ફેબ્રુઆરી ૨૦૨૨માં યુક્રેન યુદ્ધ શરૂ થયા બાદ પ્રથમ વખત યોજાયેલી આ ચૂંટણીમાં પ્રમુખ વ્લાદિમીર પુતિનની સત્તાધારી ‘યુનાઈટેડ રશિયા’ પાર્ટી અત્યાર સુધીની મતગણતરીમાં ૫૭ ટકા વોટ સાથે સંગીન અને મોટી જીત તરફ આગળ વધી રહી છે. ચૂંટણી પંચના પ્રાથમિક આંકડા અનુસાર, પુતિનની પાર્ટીને સંસદમાં બે-તૃતીયાંશ બહુમતી મળવાની પૂરેપૂરી શક્યતા છે. આ ચૂંટણીમાં લગભગ ૫૭ ટકા જેટલું ઉત્સાહજનક મતદાન નોંધાયું છે, જે પાછલી ચૂંટણીઓ કરતાં વધુ છે. પ્રમુખ પુતિને આ મતદાનને રાષ્ટ્રીય એકતા અને સરહદ પર લડી રહેલા રશિયન સૈનિકોના સમર્થન સાથે સરખાવ્યું હતું. આ ચૂંટણીના આખરી અને સત્તાવાર પરિણામો ૨૫ સપ્ટેમ્બરની આસપાસ જાહેર કરવામાં આવશે. જો કે, સરકારે યુદ્ધનો ખુલ્લેઆમ વિરોધ કરતી ‘યાબ્લોકો’ જેવી વિપક્ષી પાર્ટીઓ અને યુદ્ધ-વિરોધી વલણ ધરાવતા ઉમેદવારોને મુખ્ય રાષ્ટ્રીય યાદીમાંથી બહાર કરી દીધા હોવાથી મેદાનમાં માત્ર સરકાર સમર્થક પક્ષો જ બાકી રહ્યા હતા.

## ઉત્તર કોરિયાએ પૂર્વ કિનારેથી 2 શોર્ટ રેન્જ બેલિસ્ટિક મિસાઈલોનું પરીક્ષણ કર્યું

# ઉ.કોરિયાએ એવી મિસાઈલ છોડી કે US-જાપાન પણ હચમચી ગયા, પાડોશી દેશે વાંધો ઉઠાવ્યો

(એજન્સી) પ્યોંગયાંગ । તા. 21

કિમ જોંગ ઉનના ઉત્તર કોરિયા ક્યારે શું કરશે તેનો અંદાજ લગાવવો મુશ્કેલ હોય છે, અને આ વખતે ઉત્તર કોરિયાએ એવી મિસાઈલોનું પરીક્ષણ કર્યું છે જેનાથી પાડોશી દેશો સહિત જાપાન અને અમેરિકા પણ હચમચી ગયા છે. ઉત્તર કોરિયાએ રવિવારે પૂર્વ કિનારેથી થોડા જ કલાકોના અંતરમાં બે શોર્ટ રેન્જ બેલિસ્ટિક મિસાઈલો એક પછી એક લોન્ચ કરીને કોરિયન પ્રાયદ્વીપમાં ફરી એકવાર તણાવ વધારી દીધો છે. આ મિસાઈલોમાંથી એક મિસાઈલ જાપાનના વિશેષ આર્થિક ક્ષેત્ર (EEZ) સુધી પહોંચતા પહેલા સમુદ્રમાં જઈને પડી હતી.

દક્ષિણ કોરિયાના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, અઠવાડિયાની અંદર ઉત્તર કોરિયાનું આ બીજું મિસાઈલ પરીક્ષણ હતું. વૉનસન વિસ્તારમાંથી લોન્ચ કરાયેલી આ મિસાઈલોમાંથી પહેલી મિસાઈલે લગભગ ૪૫૦ કિલોમીટર અને બીજી મિસાઈલે ૬૦૦ કિલોમીટરથી વધુ અંતર કાપ્યું હતું. દક્ષિણ કોરિયન સેનાનું અનુમાન છે કે આ મિસાઈલો હ્વાસોંગ-૧૧ સીરિઝની હોઈ શકે છે. આ ગંભીર ઘટનાને પગલે અમેરિકા, જાપાન અને દક્ષિણ કોરિયાની સુરક્ષા એજન્સીઓ સંપૂર્ણપણે સતર્ક થઈ ગઈ છે.

આ મિસાઈલ પરીક્ષણને લઈને દક્ષિણ કોરિયા અને જાપાન દ્વારા સખત વિરોધ નોંધાવવામાં આવ્યો છે. દક્ષિણ કોરિયાની નેશનલ સિક્યોરિટી કાઉન્સિલે આ પરીક્ષણને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) ના પ્રસ્તાવોનું સીધું ઉલ્લંઘન ગણાવ્યું છે. જાપાનના રક્ષા મંત્રી શિંજિરો કોઈઝુમીએ પણ પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે ઉત્તર કોરિયાની આ કાર્યવાહી ક્ષેત્ર અને આંતરરાષ્ટ્રીય સમુદાયની શાંતિ અને સુરક્ષા માટે મોટો ખતરો છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ અમેરિકા, દક્ષિણ કોરિયા અને જાપાન દ્વારા કરવામાં આવેલા સંયુક્ત સૈન્ય અભ્યાસો સામે ઉત્તર કોરિયાએ નારાજગી વ્યક્ત કરી હતી. ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉનની બહેન કિમ યો જોંગે તાજેતરમાં જ અમેરિકાની આગેવાની હેઠળના સૈન્ય



અભ્યાસોને તણાવનું કારણ ગણાવ્યું હતું અને પોતાના પરમાણુ શસ્ત્રો મજબૂત કરવાની નીતિમાં કોઈ ફેરફાર નહીં થાય તેવો દાવો કર્યો હતો.

આ અઠવાડિયાની અંદર ઉત્તર કોરિયાનું આ બીજું મિસાઈલ પરીક્ષણ હતું. દક્ષિણ કોરિયાના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, વૉનસન વિસ્તારમાંથી લોન્ચ કરાયેલી આ મિસાઈલોમાંથી પહેલી મિસાઈલે લગભગ 450 કિલોમીટર અને બીજી મિસાઈલે 600 કિલોમીટરથી વધુ અંતર કાપ્યું હતું. દક્ષિણ કોરિયન સેનાનું અનુમાન છે કે આ મિસાઈલો હ્વાસોંગ-11 સીરિઝની હોઈ શકે છે.

આ મિસાઈલો પૈકીની એક મિસાઈલ જાપાનના વિશેષ આર્થિક ક્ષેત્ર (EEZ) સુધી પહોંચતા પહેલા સમુદ્રમાં જઈને પડી હતી. આ ગંભીર ઘટનાને પગલે અમેરિકા, જાપાન અને દક્ષિણ કોરિયાની સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. દક્ષિણ કોરિયા અને જાપાન દ્વારા આ હરકતનો સખત વિરોધ નોંધાવવામાં આવ્યો છે. દક્ષિણ કોરિયાની નેશનલ સિક્યોરિટી કાઉન્સિલે આ પરીક્ષણને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) ના પ્રસ્તાવોનું સીધું ઉલ્લંઘન ગણાવ્યું છે. જાપાનના રક્ષા મંત્રી શિંજિરો કોઈઝુમીએ પણ પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે ઉત્તર કોરિયાની આ કાર્યવાહી ક્ષેત્ર અને આંતરરાષ્ટ્રીય સમુદાયની શાંતિ અને સુરક્ષા માટે મોટો ખતરો છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ અમેરિકા, દક્ષિણ કોરિયા અને જાપાન દ્વારા કરવામાં આવેલા સંયુક્ત સૈન્ય અભ્યાસો સામે ઉત્તર કોરિયાએ નારાજગી વ્યક્ત કરી હતી. ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉનની બહેન કિમ યો જોંગે તાજેતરમાં જ અમેરિકાની આગેવાની હેઠળના સૈન્ય અભ્યાસોને તણાવનું કારણ ગણાવ્યું હતું અને પોતાના પરમાણુ શસ્ત્રો મજબૂત કરવાની નીતિમાં કોઈ ફેરફાર નહીં થાય તેવો દાવો કર્યો હતો.

## રશિયા નાટો દેશો પર હુમલો કરશે ? મેક્રોંએ આપેલી ચેતવણી : યુરોપ સંભવિત યુદ્ધ માટે તૈયાર

પેરિસ | રશિયા તરફથી ઊભી થનારી સંભવિત ભીતિને લીધે, વ્યાપક સલામતી કટોકટી યુરોપમાં ઉપસ્થિત થઈ છે. બીજી તરફ પુતિને તો સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, યુરોપ ઉપર આક્રમણ કરવાનો કોઈ ઈરાદો નથી. છતાં ડ્રોન અને મિસાઈલ હુમલા, સેબોટેજ અને સાયબર એટેક્સ તો અવિરત રહ્યા છે. પરિણામે યુરોપ સંભવિત યુદ્ધ માટે તૈયાર બની રહ્યું છે.

ફ્રાંસના પ્રમુખ ઈમેન્યુએલ મેક્રોંએ ૧૮ મી સપ્ટેમ્બરે ચેતવણી ઉચ્ચારી હતી કે રશિયા આડકતરી રીતે યુરોપ સામે ભીતિ ઊભી કરી રહ્યું છે. તેથી યુરોપ અને વિશેષત: ફ્રાંસ સામે સંકર-ભીતિ ઉપસ્થિત થઈ છે.

## પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના બહેનની ધરપકડ

(એજન્સી) લાહોર । તા. 21

પાકિસ્તાનમાં રાજકીય હલચલ ફરી એકવાર તેજ થઈ ગઈ છે. પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન અને જેલમાં બંધ ઈમરાન ખાનના બહેન અલીમા ખાનની લાહોર સ્થિત તેમના નિવાસસ્થાનેથી ધરપકડ કરવામાં આવી છે. આગામી ૨૭ સપ્ટેમ્બરે યોજાનારી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI) ની ‘લોંગ માર્ચ’ અને વિરોધ પ્રદર્શન પહેલા પોલીસે આ મોટી કાર્યવાહી કરી છે. રોયટર્સના અહેવાલ મુજબ, પોલીસે અલીમા ખાન પર તોફાન મચાવવા, સરકારી કામમાં અવરોધ ઊભો કરવા અને પોલીસકર્મીઓ પર હુમલો કરવા જેવા ગંભીર આરોપો લગાવ્યા છે. આ સાથે જ PTIના અન્ય ૪ કાર્યકર્તાઓની પણ અટકાયત કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન ઓગસ્ટ ૨૦૨૩થી જેલમાં બંધ છે. તેમની પાર્ટી PTI દ્વારા તેમની તાત્કાલિક મુક્તિની માંગ સાથે ૨૭ સપ્ટેમ્બરે એક ભવ્ય વિરોધ પ્રદર્શન અને ‘લોંગ માર્ચ’ની જાહેરાત કરવામાં આવી છે. આ પ્રદર્શનને નિષ્ફળ બનાવવા અથવા કાબૂમાં રાખવા માટે વહીવટી તંત્ર દ્વારા અગાઉથી જ દમનકારી નીતિ અપનાવવામાં આવી રહી છે, જેના ભાગરૂપે આ ધરપકડ થઈ છે. અલીમા ખાનની ધરપકડ બાદ પાકિસ્તાનમાં રાજકીય ગરમાવો અત્યંત વધી ગયો છે. PTI પાર્ટીએ આ કાર્યવાહીને બદલાની રાજનીતિ ગણાવી છે અને વિરોધ પ્રદર્શન કોઈપણ ભોગે યોજાશે તેવી ચીમકી ઉચ્ચારી છે. બીજી તરફ, સંભવિત હિંસા અને દેખાવોને ધ્યાનમાં રાખીને ઈસ્લામાબાદ પોલીસે રાજધાનીમાં સુરક્ષા વ્યવસ્થા અત્યંત સઘન બનાવી દીધી છે. સંવેદનશીલ વિસ્તારોમાં વધારાના સુરક્ષા બળોને તૈનાત કરવામાં આવ્યા છે, જેથી કાયદો અને વ્યવસ્થા જાળવી શકાય.

## એન્થ્રોપિકનું AI મોડેલ ‘ક્લોડ’ નવા AI મોડેલોના સંશોધન અને વિકાસમાં સક્રિય, 6 મહિનામાં R&D કાર્યોનું નેતૃત્વ 1% થી વધીને 26% પર પહોંચ્યું

(એજન્સી) વૉશિંગ્ટન । તા. 21

વિશ્વભરમાં કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) ક્ષેત્રે ચાલી રહેલી તીવ્ર સ્પર્ધા વચ્ચે અત્યંત ચોંકાવનારી વિગતો સપાટી પર આવી છે. એન્થ્રોપિકનું પ્રખ્યાત AI મોડેલ ‘ક્લોડ’ હવે ભવિષ્યના નવા એઆઈ મોડેલો વિકસાવવાના સંશોધન અને વિકાસ (R&D) કાર્યમાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યું છે. ઓગસ્ટ ૨૦૨૬ સુધીના આંકડાકીય વિશ્લેષણ અનુસાર, કંપનીના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સંશોધન અને વિકાસ સંબંધિત કાર્યોમાં, ૨૬ ટકા જેટલા કામનું નેતૃત્વ એકલું ‘ક્લોડ’ સંભાળી રહ્યું છે.

રિકર્સિવ સેલ્ફ-ઈમ્પ્રૂવમેન્ટ ટેકનોલોજી (એટલે કે એઆઈ દ્વારા પોતાની મેળે જ પોતાનો વિકાસ કરવો) સબંધી દુનિયાભરમાં લાંબા સમયથી ભય અને અચરજ બંને હતા, જે હવે હકીકત બની રહ્યા છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં જ્યારે ‘ક્લોડ’ની આ ક્ષમતા માપવામાં આવી



ત્યારે તેનું નેતૃત્વ ૧ ટકા કરતાં પણ ઓછું હતું. આમ, માત્ર છ મહિનાના ટૂંકા ગાળામાં જ આ પ્રમાણ કૂદીને ૨૬ ટકા પર પહોંચી ગયું છે. જોકે, કંપનીએ સ્પષ્ટતા કરી છે કે ક્લોડ હાલ સંપૂર્ણપણે સ્વાયત્ત બનીને પોતાનો અનુગામી તૈયાર કરી રહ્યો નથી, પરંતુ માનવ દેખરેખ હેઠળ જટિલ પ્રોજેક્ટ્સ પાર પાડી રહ્યો છે.

હાલમાં એન્થ્રોપિકના સમગ્ર એઆઈ સંશોધન અને વિકાસ કાર્યમાંથી ૯૦ ટકાથી વધુ કામમાં ‘ક્લોડ’ સંશોધકો સાથે સીધું સહયોગી બનીને કાર્ય કરી રહ્યું છે. ઓગસ્ટ મહિનામાં કંપનીના મુખ્ય આંતરિક પ્લેટફોર્મ પર આશરે ૩૦,૦૦૦ એઆઈ એજન્ટ્સ સંશોધન અને એન્જિનિયરિંગનું કામ કરી રહ્યા હતા. આ એજન્ટ્સ દ્વારા લેવાતા તમામ પગલાં અમલમાં મૂકાતાં પહેલાં કડક ઓનલાઈન મોનિટરિંગ સિસ્ટમમાંથી પસાર થાય છે. ઓગસ્ટમાં કંપનીએ ૧ અબજથી વધુ નિર્ણયોનું વિશ્લેષણ કર્યું હતું, જેમાંથી સુરક્ષાના કારણોસર માત્ર ૦.૦૦૨ ટકા નિર્ણયો જ અટકાવવામાં આવ્યા હતા.

એન્થ્રોપિકે સ્પષ્ટ કર્યું છે કે આ વિગતો જાહેર કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય પારદર્શિતા લાવવાનો છે, જેથી વૈશ્વિક સમુદાયને ખ્યાલ આવી શકે કે એઆઈ કેટલું ઝડપથી સક્રિય થઈ રહ્યું છે. ક્લોડ હજુ પોતાની જાતે નવું મોડેલ ડિઝાઈન, ટ્રેન કે ડિપ્લોય કરી શકતું નથી, તેમ છતાં ટેકનોલોજી પર માનવીય નિયંત્રણ જળવાઈ રહેશે કે કેમ તે અંગે વૈશ્વિક સ્તરે ગંભીર ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

**એઆઈ** | OpenAI, Anthropic, Google અને SpaceXAI સામે અમેરિકી કોર્ટમાં એન્ટિટ્રસ્ટ કેસ

# AIની ગતિ પર બ્રેકના આરોપમાં US કોર્ટમાં 4 કંપની સામે કેસ

(એજન્સી) વૉશિંગ્ટન । તા. 21

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) માનવજાતિ માટે અત્યંત જોખમી છે અને તેના વિકાસની ગતિ ધીમી કરવી જોઈએ તેવા દાવાઓ સાથે શરૂ થયેલો વિવાદ હવે કોર્ટ સુધી પહોંચી ગયો છે. વૉશિંગ્ટનમાં OpenAI, Anthropic, Google અને SpaceXAI સામે અમેરિકી કોર્ટમાં એન્ટિટ્રસ્ટ કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ કંપનીઓ પર AIના વિકાસની ગતિ ધીમી કરવા માટે ગેરકાયદેસર કરાર કરવાનો ગંભીર આરોપ મૂકવામાં આવ્યો છે. આ કેસ એવા લોકો તરફથી કરાયો છે જેઓ ચેટજીપીટી, ક્લોડ, ગ્રોક અને જેમિની જેવી એઆઈ સર્વિસના પેઈડ યુઝર્સ છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દુનિયામાં દરેક ક્ષેત્રમાં તીવ્ર ગતિએ વિકાસ કરી રહ્યું છે, જ્યાં ચેટબોટ પર સવાલો પૂછવાથી લઈને સંરક્ષણ ક્ષેત્રમાં હથિયારો બનાવવા અને યુદ્ધમાં ટાર્ગેટ નક્કી કરવા માટે પણ એઆઈનો ઉપયોગ થવા લાગ્યો છે. આવા સમયે ટેક્નોલોજી ક્ષેત્રના માંધાતાઓએ એઆઈના વિકાસની




ગતિ સામે સવાલ ઉઠાવ્યા છે. આ સમગ્ર કેસની શરૂઆત ૧૨ સપ્ટેમ્બરે એન્થ્રોપિકના CEO ડારિયો એમોડેઈની એક સોશિયલ મીડિયા પોસ્ટથી થઈ હતી, જેમાં તેમણે એઆઈના તીવ્ર ગતિએ વિકાસ અંગે ચિંતા વ્યક્ત કરી સુરક્ષા સાથે આગળ વધવા અને કંપનીઓ વચ્ચે સહયોગની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

એમોડેઈની આ દરખાસ્તને OpenAIના CEO સામ ઓલ્ટમેન, SpaceXAIના ઈલોન મસ્ક અને ગૂગલ ડીપમાઈન્ડના ડેમિસ હસ્સાબિસે પણ સમર્થન પૂરું પાડ્યું હતું. આ કંપનીઓ સામે કેસ કરનારા યુઝર્સનો દાવો છે કે આ નિવેદનો સાબિત કરે છે કે મોટી એઆઈ કંપનીઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની ગતિ ધીમી કરવાના મુદ્દે એકબીજા સાથે તાલમેલ કરી રહી છે.

પેઈડ યુઝર્સે દલીલ કરી છે કે જો આ કંપનીઓ મળીને ચેટજીપીટી, ક્લોડ, ગ્રોક અને જેમિની જેવી સર્વિસ વધુ સારી બનાવવાની ગતિ ઘટાડી દે, તો તેની સીધી અસર યુઝર્સને મળતી સેવાઓ પર પડશે. તેમનો તર્ક છે કે જો કોઈ એક કંપની પોતે એકલા હાથે એઆઈ ડેવલપમેન્ટ ધીમું કરે તો તેને અન્ય કંપનીઓથી પાછળ રહી જવાનું જોખમ રહે, પરંતુ બધી મોટી કંપનીઓ સાથે મળીને આવું કરે તો બજારમાં સ્પર્ધા જ ઘટી જાય છે, જેને ધ્યાનમાં રાખીને નોર્ધર્ન ડિસ્ટ્રિક્ટ ઓફ કેલિફોર્નિયાની કોર્ટમાં આ કાનૂની લડાઈ શરૂ થઈ છે.

## યુદ્ધ બંધ કરવા ઈરાને શરતો મૂકતા ટ્રમ્પ તાબડતોબ વ્હાઈટ હાઉસ પાછા ફર્યા

(એજન્સી) તહેરાન/વૉશિંગ્ટન । તા. 21

પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધની સ્થિતિ વચ્ચે હવે પડદા પાછળ વાટાઘાટોની તૈયારીઓ શરૂ થઈ છે. ઈરાને કતાર અને પાકિસ્તાન મારફત સાત આકરી શરતો મૂકીને અમેરિકા સાથે ફરીથી વાટાઘાટો માટે તૈયારી દર્શાવી છે. આ મહત્ત્વપૂર્ણ અહેવાલ મળતાની સાથે જ મેરિલેન્ડ સ્થિત પ્રમુખ આવાસ કેમ્પ ડેવિડમાં વીકએન્ડની રજાઓ માણી રહેલા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તાબડતોબ વ્હાઈટ હાઉસ પાછા ફર્યા હતા. આ ચર્ચા વચ્ચે ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ સાઉદી અરબમાં અનેક સ્થળે મિસાઈલ હુમલા કર્યા હોવાનો દાવો પણ કર્યો છે.

ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના સચિવ મોહસીન રેઝાઈએ જણાવ્યું હતું કે ઈરાને કતાર અને પાકિસ્તાન મારફત પોતાની શરતો અમેરિકાને મોકલી આપી છે, અને હવે ઈરાન પ્રમુખ ટ્રમ્પના જવાબની રાહ જોઈ રહ્યું છે. રેઝાઈએ સાતમાંથી મુખ્ય શરતો જણાવતા કહ્યું કે વાટાઘાટો માટે અમેરિકાએ પશ્ચિમ એશિયામાં તમામ મોરચે યુદ્ધ બંધ કરવું પડશે, અમેરિકન જહાજોની નાકાબંધી ઉઠાવી લેવી પડશે અને ઈરાનનું જપ્ત કરાયેલું તમામ ફંડ મુક્ત કરવું પડશે. રેઝાઈએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે જો ટ્રમ્પે આ યુદ્ધમાંથી બહાર નીકળવું હોય તો તેમની પાસે ઈરાનના અધિકારો અને શરતો સ્વીકાર્યા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

દરમિયાન, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું અચાનક રજા ટૂંકાવીને વ્હાઈટ હાઉસ પાછા ફરવું એ વાતના સંકેત આપે છે કે પશ્ચિમ એશિયામાં યુદ્ધ અત્યંત નાજુક અને ગંભીર વળાંક પર પહોંચી ગયું છે. વ્હાઈટ હાઉસે ટ્રમ્પના પાછા ફરવા અંગે કોઈ સત્તાવાર કારણ જણાવ્યું નથી.

# NFR દ્વારા 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત સ્વચ્છતા, આરોગ્યપ્રદ સ્થિતિ અને જનભાગીદારી પર ભાર







માલીગાંવ | ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન ચાલી રહેલા 'સ્વચ્છતા હી સેવા - ૨૦૨૬' અભિયાનના ભાગરૂપે, નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) રેલ્વે સ્ટેશનો, સંસ્થાઓ અને શૈક્ષણિક સંકુલોમાં સ્વચ્છતા, આરોગ્યપ્રદ સ્થિતિ (હાઈજીન), પર્યાવરણીય જાગૃતિ અને જનકલ્યાણ પર કેન્દ્રિત વિવિધ વિશેષ કાર્યક્રમોનું આયોજન કરી રહ્યું છે. રેલ્વે અધિકારીઓ, સ્વચ્છતા કર્મચારીઓ ('સફાઈ મિત્રો'), વિદ્યાર્થીઓ, સ્કાઉટ્સ અને ગાઈડ્સ તેમજ મુસાફરો આ પ્રવૃત્તિઓમાં સક્રિયપણે ભાગ લઈ રહ્યા છે, જેનાથી સામૂહિક જવાબદારીની ભાવના વધુ મજબૂત બની રહી છે.આ અભિયાનમાં પર્યાવરણીય સ્વચ્છતા અને જળાશયોના સંરક્ષણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. N.F. રેલ્વે ભારત સ્કાઉટ્સ અને ગાઈડ્સના સભ્યો બ્રહ્મપુત્રા નદીના કિનારા સહિત નદીના કાંઠાની સફાઈ ઝુંબેશમાં સક્રિયપણે ભાગ લઈ રહ્યા છે. સ્વયંસેવકો નદીના કિનારાને સ્વચ્છ રાખવામાં મદદ કરી રહ્યા છે અને સાથે સાથે જળ સ્ત્રોતો તથા જાહેર સ્થળોના સંરક્ષણ અંગે જાગૃતિ પણ ફેલાવી રહ્યા છે. વિવિધ રેલ્વે સ્ટેશનો પર નિર્ધારિત 'ક્લીનલીનેસ ટાર્ગેટ યુનિટ્સ' (CTUs) અને 'ગાર્બેજ વલ્નરેબલ પોઈન્ટ્સ' (GVPs - કચરાના સંભવિત એકત્રીકરણના સ્થળો) પર પણ વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. સ્વચ્છતા જાળવવા માટે સ્વચ્છતા કર્મચારીઓ દ્વારા એપ્રોચ રોડ (સ્ટેશન સુધીના રસ્તા), રેલ્વે ટ્રેકને અડીને આવેલા વિસ્તારો અને અન્ય ચિહ્નિત સ્થળોએ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. અન્ય એક મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવાનું ક્ષેત્ર વિવિધ રેલ્વે સ્ટેશનો અને સંસ્થાઓમાં પીવાના પાણીની સુવિધાઓની જાળવણી અને પાણીની ટાંકીઓની સફાઈ છે. સ્વચ્છતાના પગલાંના ભાગરૂપે, પાણીની ટાંકીઓની નિયમિત સફાઈ અને જાળવણી કરવામાં આવી રહી છે, જેથી મુસાફરો, રેલ્વે કર્મચારીઓ અને અન્ય વપરાશકર્તાઓની સુવિધા માટે પીવાનું પાણી સતત ઉપલબ્ધ રહે. 'સ્વચ્છ પાઠશાળા' (Clean School) પહેલ હેઠળ, વિદ્યાર્થીઓને સ્વચ્છતા, વ્યક્તિગત સ્વચ્છતા, કચરાનું વર્ગીકરણ અને કચરાના યોગ્ય નિકાલની પદ્ધતિઓ વિશે શિક્ષિત કરવા માટે અનેક રેલ્વે શાળાઓમાં જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સંવાદદાત્મક પ્રવૃત્તિઓ દ્વારા જાગૃતિ લાવવા માટે સ્વચ્છતા અને જળ સંરક્ષણ પર કેન્દ્રિત કલા અને ક્વિઝ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વિવિધ રેલ્વે સ્ટેશનો પર રેલ્વે અધિકારીઓ, સ્વચ્છતા કર્મચારીઓ અને મુસાફરોની ભાગીદારી સાથે સ્વચ્છતાના શપથ લેવડાવવામાં આવી રહ્યા છે. સ્વચ્છ પર્યાવરણ અને જવાબદાર આદતોને પ્રોત્સાહન આપવા માટે રેલ્વે શાળાઓ, કોલોનીઓ, હોસ્પિટલો અને અન્ય રેલ્વે પરિસરમાં પણ આવી જ સ્વચ્છતા ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ સંકલિત પહેલો દ્વારા, NFR પર્યાવરણીય જવાબદારી, જનકલ્યાણ અને સામુદાયિક સહભાગિતાને પ્રોત્સાહન આપીને 'સ્વચ્છતા હી સેવા ૨૦૨૬' અભિયાનને વધુ મજબૂત બનાવી રહ્યું છે.

## પીએનબી નકલી નોટ કેસમાં ઉ.પ્રદેશમાંથી બેની ધરપકડ

રુરકી: ઉત્તર પ્રદેશનાં સહારનપુરનાં પીએનબી કરન્સી ચેસ્ટમાં મળેલ ૧૭.૨૯ કરોડ રૂપિયાની નકલી નોટોની તપાસનો દાયરો રૂરકી સુધી પહોંચી ગયો છે.

રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઇએ)ની ટીમે બે લોકોની ધરપકડ કરી છે. ટીમે રુરકી પહોંચી સ્થાનિક પોલીસની ટીમ સાથે એક ઘરમાં દરોડા પાડયા હતાં. દરોડા દરમિયાન ટીમ એક વ્યક્તિની અટકાયત કરી તેની પૂછપરછ કરવા માટે પોતાની સાથે લઇ ગઇ હતી. એનઆઇએ જે વ્યકિતને પોતાની સાથે લઇ ગઇ છે તેનો સહરાનપુર ક્ષેત્રની પંજાબ નેશનલ બેંકની એક શાખામાં એક ખાતું બતાવવામાં આવી રહ્યું છે. એનઆઇએએ આ વ્યકિતની ઓળખ જાહેર કરી નથી. એનઆઇએની ટીમ તે વ્યકિતને ક્યાં લઇ ગઇ છે તે પણ બતાવવામાં આવ્યું નથી.ઉલ્લેખનીય છે કે સહારનપુરમાં ૨૯ ઓગસ્ટે સોફિયા માર્કેટ સ્થિત પંજાબ નેશનલ બેંકની કરન્સી ચેસ્ટમાં મોટા પ્રમાણમાં નકલી નોટો મળવાનો કેસ સામે આવ્યો હતો.તપાસમાં નકલી નોટોનું મૂલ્ય ૧૭.૨૯ કરોડ રૂપિયા બતાવવામાં આવ્યું છે. પ્રાથમિક તપાસમાં બેંકનાં કર્મચારીની ભૂમિકા સામે આવ્યા પછી તપાસ એનઆઇએને સોંપવામાં આવી છે.સ્થાનિક પોલીસે તપાસ અંગે કોઇ સત્તાવાર માહિતી આપી નથી. એનઆઇએએ જે ઘરમાં તપાસ કરી તે ઘર અંદરથી બંધ હતું. તેથી એનઆઇએની ટીમે ધાબા પરથી આ ઘરમાં પ્રવેશી હતી.

## News Brief

### નાક રગડાવ્યું, માથે ચંપલ મૂકી અને રડતા રડતા માફી માગી... રાજ ઠાકરે વિરુદ્ધ બોલનારા ઈન્ફ્લુએન્સરના મોઢે કાળો કૂચડો ફેરવ્યો મનસેના કાર્યકરોએ



(એજન્સી) પુણે | તા 21

પુણેમાં MNS કાર્યકર્તાઓએ રાજ ઠાકરે વિરુદ્ધ વિવાદિત ટિપ્પણી કરનાર સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર મહેશ મોટેને પકડી લીધો હતો. MNS કાર્યાલયમાં તેના મોઢા પર કાળો કૂચડો ફેરવી, માથા પર ચંપલ મુકાવી, રાજ ઠાકરેની તસવીર સામે નાક રગડાવી બિનશરતી માફી મંગાવી હતી. રડતા રડતા મહેશે પોતાની ભૂલ સ્વીકારી હતી. MNS એ ભવિષ્યમાં આવી ટિપ્પણી કરનારાઓને કડક કાર્યવાહીની ચીમકી આપી છે.મહારાષ્ટ્રના પુણેમાંથી એક મોટી ઘટના સામે આવી છે, જ્યાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS) ના પ્રમુખ રાજ ઠાકરે પર કથિત વિવાદિત ટિપ્પણી કરનાર સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અને રીલ સ્ટાર મહેશ મોટે વિરુદ્ધ કાર્યકર્તાઓમાં ભારે રોષ જોવા મળ્યો. મહેશે સોશિયલ મીડિયા પર રાજ ઠાકરે વિશે અપશબ્દો અને વિવાદિત નિવેદન આપ્યું હતું, જેના કારણે ગુસ્સે ભરાયેલા MNS કાર્યકર્તાઓએ જાણે દાદાગીરી બતાવી હોય એ રીતે તેને પકડીને તેની પાસે માફી મગાવી હતી.

MNS ના હડપસર વિધાનસભા ક્ષેત્રના ઉપવિભાગ અધ્યક્ષ શુભમ જગદાલેના જણાવ્યા અનુસાર, મહેશ મોટે આ વિવાદિત વિડિયો બનાવ્યા બાદ 15-20 દિવસ માટે કેરળ ચાલ્યો ગયો હતો. ગત રાત્રે જેવો તે પુણેના કાત્રજ વિસ્તારમાં પરત ફર્યો હોવાની બાતમી મળી, તરત જ MNS કાર્યકર્તાઓએ તેને કાત્રજની એક પાર્કમાંથી ઝડપી લીધો અને તેને પકડીને MNS ના જનસંપર્ક કાર્યાલય ખાતે લઈ આવ્યા, જ્યાં તેના ચહેરા પર કાળો કૂચડો ફેરવી દેવામાં આવ્યો હતો. કાર્યાલયમાં લાવ્યા બાદ કાર્યકર્તાઓએ મહેશ મોટેને સજાના ભાગરૂપે તેના માથા પર ચંપલ મુકાવીને ઉઠક-બેઠક કરાવવા મજબૂર કર્યો હતો. એટલું જ નહીં, તેને MNS કાર્યાલયમાં રાખવામાં આવેલી રાજ ઠાકરેની તસવીર સામે સાષ્ટાંગ દંડવત કરીને નાક રગડાવ્યું અને હાથ જોડીને બિનશરતી માફી મંગાવી હતી.ઘટના બાદ સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર મહેશ મોટેનો એક માફીનામાનો વિડિયો પણ સામે આવ્યો છે, જેમાં તે ફૂટ-ફૂટ કરીને રડતો નજરે પડી રહ્યો છે. તેણે વીડિયોમાં સ્વીકાર્યું કે મહારાષ્ટ્રમાં રહીને રાજ ઠાકરે કે MNS પાર્ટી વિરુદ્ધ ક્યારેય ખોટું ન બોલવું જોઈએ. તેણે પોતાની ભૂલ સ્વીકારી હાથ જોડીને માફી માંગી હતી અને લોકોને અપીલ કરી હતી કે તેને હવે વધુ પરેશાન ન કરવામાં આવે.MNS નેતા શુભમ જગદાલેએ આ મામલે સ્પષ્ટ ચીમકી આપતા જણાવ્યું કે, કાર્યાલયમાં તેને MNS ની ખાસ શૈલીમાં 'મહાપ્રસાદ' આપવામાં આવ્યો છે. તેમણે ચેતવણી આપી છે કે ભવિષ્યમાં જો કોઈ પણ વ્યક્તિ MNS પ્રમુખ રાજ સાહેબ ઠાકરે વિરુદ્ધ આવી અભદ્ર ટિપ્પણી કરશે, તો પાર્ટી તેને આ જ પ્રકારે કડક જવાબ આપશે.

### કુકી ગ્રામજનોની અટકાયત કરાતા મણિપુરમાં ઉગ્ર વિરોધ - પ્રદર્શનો



ઈમ્ફાલ/કાન્ગપોક્પિ : સુરક્ષા દળોએ સાત કુકી ગ્રામજનોને અટક કરતા મણિપુરના કાન્ગપોકિપ જિલ્લામાં એના હિંસક વિરોધરૂપે લોકોએ રસ્તાઓ પર ચક્કાજામ કરી દઈને સરકારી વાહનો પર પત્થરમારો કર્યો હતો.રાજ્યના મોટબન્ગ અને નજીકના વિસ્તારોમાં શનિવારે રાત્રે ૧૦ના સુમારે શરૂ થયેલા વિરોધ-દેખાવો મધરાત સુધી ચાલુ રહ્યા હતા. લોકોએ દેખાવો દરમિયાન માર્ગો પર ટાયરો બાળ્યા હતા અને સરકારી વાહનો પર પત્થરમારો કર્યો હતો. દેખાવકારોએ દાવો કર્યો કે સુરક્ષા દળોએ કોઈ કારણ જણાવ્યા સિવાય ખોલેન ગામના સાત ગ્રામીણોની અટકાયત કરી છે. જિલ્લામાં નાગા લોકોની બહુમતીવાળા ચાવાન્ગકિનિન્ગ ગામ પાસે આવેલા ખોલેન ગામ પર તાજેતરમાં સશસ્ત્ર તોફાનીઓના હુમલા થવા માંડયા છે. સુરક્ષા દળોની અવરજવરમાં વિક્ષેપ ઊભો કરવા માટે મોટબન્ગ ખાતે ઈમ્ફાલ-દિમાપુરના રાષ્ટ્રીય ધોરીમાર્ગનો કેટલોક હિસ્સો ખોદી નાખનાર દેખાવકારોને વિખેરવા માટે સુરક્ષા દળોએ ટિયર ગેસના શેલ છોડયા હતા. દેખાવો દરમિયાન ઘાયલ થયેલા કેટલાક લોકોને સારવાર માટે સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

## ફરિદકોટમાં 47 કિલોથી વધુ હેરોઇન, હથિયાર જપ્ત : ચારની ધરપકડ

પંજાબ : પંજાબ પોલીસે ફરિદકોટમાં સરહદ પારથી થતી હેરોઈનની દાણચોરીનો પર્દાફાશ કર્યો છે. પોલીસે 47.3 કિલો હેરોઈન, 3 પિસ્તોલ અને દારૂગોળો જપ્ત કરી 4 આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓ ફિરોઝપુરના રહેવાસી છે અને ડ્રોન દ્વારા ફેંકવામાં આવતા હેરોઇન અને હથિયારો મેળવતા હતા. વધુ તપાસ ચાલી રહી છે.ચંદીગઢ: પંજાબ પોલીસે રવિવારે ફરિદકોટમાં સરહદ પારથી થતી હેરોઇનની દાણચોરીના નેટવર્કનો પર્દાફાશ કરીને ચાર વ્યક્તિઓ પાસેથી ૪૭ કિલોથી વધુ હેરોઇન તેમજ હથિયારો અને દારુગોળો જપ્ત કર્યો હતો.ડીજીપી ગૌરવ યાદવે જણાવ્યું હતું કે પોલીસે તેમની પાસેથી ૪૭.૩ કિલો હેરોઇન, પોઇન્ટ ૩૦ની ત્રણ પિસ્તોલ, ત્રણ મેગેઝીન, અને ૧૫ જીવતા કારતુસ કબજે કર્યા હતાં. ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ અંકુશ, મંગલસિંહ, સચિન ઉર્ફે સંજુ અને અનમોલ સિંહ તરીકે થઇ છે.તેઓ ફિરોઝપુરના રહેવાસી છે. પોલીસે હેરોઇનનો મોટો જથ્થો કબજે કરવા ઉપરાંત દાણચોરીની પ્રવૃત્તિમાં વપરાયેલ બે વાહનો પણ કબજે કર્યા હતાં.

પકડાયેલા આરોપીઓ રાજ્યમાં હેરોઇન અને ગેરકાયદેસર હથિયારોની સરહદ પારથી થતી દાણચોરીમાં સંડોવાયેલા નેટવર્ક સાથે જોડાયેલા હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. તેઓએ વધુમાં કહ્યું હતું કે આ નેટવર્કના પર્દાફાશ સાથે આગળ પાછળના તાર જોડવા માટે વધુ તપાસ ચાલી રહી છે.ફરિદકોટના એસએસપી ગુરૂબંસ સિંહ બેન્સે કહ્યું હતું કે આગામી બાબા ફરિદ આગમન પુરબ ઉત્સવને ધ્યાનમાં રાખીને ચેકપોઇન્ટ પર ફરિદકોટ પોલીસની ટીમે શનિવાર થી રવિવારની રાત્રી દરમિયાન કારને અટકાવી તલાસી લેતા આ જથ્થો મળી આવ્યો હતો.

### મંત્રી અને પ્રદર્શનકારીઓ વચ્ચેની વાટાઘાટોનું કોઈ પરિણામ ન આવ્યું

## કાર્યકરોના આરોપથી દુઃખી ભાજપના મંત્રીએ કહ્યું- 'હું રાજીનામું ધરી આત્મહત્યા કરી લઈશ...'

(એજન્સી) ઉત્તરાખંડ | તા 21

ઉત્તરાખંડના ચકરાતા વિસ્તારમાં ભાજપનો આંતરિક વિખવાદ સપાટી પર આવ્યો છે. નારાજ કાર્યકરોએ મંત્રી ખજાનદાસના નિવાસસ્થાનનો ઘેરાવ કર્યો. ભાજપના ધારાસભ્યના પત્ની મધુ ચૌહાણના નેતૃત્વમાં કાર્યકરોએ કમિશનખોરી અને કોંગ્રેસને 80% કામ આપવાનો આરોપ મૂક્યો. મંત્રીએ આરોપો સાબિત થશે તો રાજીનામું અને આત્મહત્યા કરવાની ધમકી આપી. હવે ભાજપના નેતાઓ મુખ્યમંત્રીને મળશે.ભાજપનો આંતરિક વિખવાદ હવે જાહેરમાં આવી ગયો છે. કોંગ્રેસના ગઢ ગણાતા ચકરાતા વિસ્તારની અવગણનાથી ગુસ્સે ભરાયેલા ભાજપના કાર્યકરોએ પોતાની જ સરકારના મંત્રી ખજાનદાસના નિવાસસ્થાનને ઘેરી લીધુ હતું. આ આંદોલનનું નેતૃત્વ ભાજપના ધારાસભ્યના પત્નીએ કર્યું હતું. 'પોતાના જ લોકો'ના આરોપોથી દુઃખી થયેલા ખજાનદાસે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, જો મારા પર લાગેલા આરોપો સાબિત થશે તો હું રાજીનામું આપી દઈશ અને આત્મહત્યા કરી લઈશ. વાસ્તવમાં રવિવારે યમુના કોલોનીમાં પૂર્વ જિલ્લા પંચાયત અધ્યક્ષ મધુ ચૌહાણના નેતૃત્વમાં ભાજપના કાર્યકરોએ મંત્રીના નિવાસસ્થાનના ગેટ પર ધરણાં-પ્રદર્શન કર્યું હતું. તેમણે આરોપ લગાવ્યો હતો કે, સમગ્ર વિસ્તારમાં એવી ચર્ચા સામાન્ય છે કે 15 થી 20% કમિશન આપીને વિરોધીઓએ પોતાની યોજનાઓ મંજૂર કરાવી છે. આનાથી જનતા વચ્ચે સારો સંદેશ નથી જઈ રહ્યો. કોંગ્રેસના લોકોને કથિત રીતે 80% સુધી કામ આપવામાં આવ્યું છે. જ્યારે ચૂંટણીના વર્ષમાં ભાજપના કાર્યકરોના પ્રસ્તાવને પ્રાથમિકતા મળવી જોઈએ. તેમણે મંત્રી ખજાનદાસ પર જાણી જોઈને ચકરાતામાં ભાજપને જ નબળું પાડવાનો આરોપ લગાવ્યો હતો. બીજી તરફ આ આરોપોથી દુઃખી થયેલા મંત્રી ખજાનદાસે પણ કહી દીધું કે જો આવું કંઈપણ સાબિત થશે તો હું રાજીનામું ધરી દઈશ અને આત્મહત્યા કરી લઈશ.

### વેતન મર્યાદા ₹15,000 થી વધીને ₹25,000 થઈ

## નિવૃત્તિ પછી મળશે દર મહિને ₹4,571 સુધીનું વધારાનું પેન્શન, EPFO દ્વારા પગાર મર્યાદા વધારવાથી કોને થશે લાભ?

(એજન્સી) નવી દિલ્હી | તા 21

કેન્દ્ર સરકારે 12 વર્ષ પછી EPFOની વેતન મર્યાદા 15,000 થી વધારી 25,000 કરી છે. 17 સપ્ટેમ્બર 2026 થી લાગુ આ નિર્ણયથી દેશના 51 લાખથી વધુ કર્મચારીઓને સીધો ફાયદો થશે. નોકરીયાત વર્ગને નિવૃત્તિ પછી દર મહિને 4,571 સુધીનું વધારાનું પેન્શન મળશે, જે સામાજિક સુરક્ષા કવચને મજબૂત બનાવશે.EPFO ની મોટી ભેટ: વેતન મર્યાદા 15,000 થી વધીને 25,000 થઈ, જાણો તમારા પેન્શનમાં કેટલો વધારો થશેનોકરીયાત વર્ગ માટે ખુશખબર: EPFO એ વેતન મર્યાદા વધારી, 51 લાખ કર્મચારીઓને થશે સીધો ફાયદોEPF અને EPS ના નિયમોમાં 12 વર્ષે મોટો ફેરફાર: નિવૃત્તિ પછી મળશે દર મહિને 4,571 સુધીનું વધારાનું પેન્શન EPFO પગાર મર્યાદામાં ઐતિહાસિક વધારો: જાણો પીએફ અને પેન્શનની નવી ગણતરી પર શું અસર થશે.EPFO Wage Limit Increase 25000 : નોકરીયાત વર્ગ માટે એક ખૂબ જ સારા સમાચાર છે! કેન્દ્ર સરકારે 12 વર્ષ પછી એક ઐતિહાસિક નિર્ણય લેતા એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (EPFO) ની વેતન મર્યાદા (Wage Limit) માં મોટો વધારો કર્યો છે. 16 સપ્ટેમ્બર 2026 ના રોજ મળેલી કેબિનેટની મંજૂરી બાદ, 17 સપ્ટેમ્બર 2026 થી EPFO ની નવી વેતન મર્યાદા 15,000 થી વધારીને 25,000 કરી દેવામાં આવી છે. છેલ્લે સપ્ટેમ્બર 2014 માં આ મર્યાદા 6,500 થી વધારીને 15,000 કરવામાં આવી હતી. સરકારના આ નિર્ણયથી દેશના 51 લાખથી વધુ નવા કર્મચારીઓને સીધો ફાયદો થશે. ચાલો સમજીએ કે આ નિર્ણયથી તમારા ભવિષ્ય નિધિ (PF) અને ખાસ કરીને માસિક પેન્શન (EPS) માં કેટલો અને કેવી રીતે વધારો થશે.અત્યાર સુધી જે નવા કર્મચારીઓનો મૂળ પગાર 15,000 થી વધુ હતો, તેઓ આપમેળે ફરજિયાત EPFO ના દાયરામાં આવતા ન હતા. પરંતુ હવે મર્યાદા 25,000 થવાથી લાખો કર્મચારીઓ સીધા જ EPF (પ્રોવિડન્ટ ફંડ), EPS (પેન્શન સ્કીમ) અને EDLI (વીમા કવચ) ના ફરજિયાત લાભ હેઠળ આવી જશે.

## મેરઠમાં પેન્શન-મોબાઈલના ઝઘડામાં વૃદ્ધ માતાએ દીકરા-પૌત્રને આગ ચાંપી પોતે આપઘાત કર્યો

(એજન્સી) મેરઠ | તા 21

મેરઠમાં પેન્શનના પૈસા અને નવા મોબાઈલ ફોનને લઈને ભયાવહ ઘટના બની છે. દાદુપુર ગામમાં 65 વર્ષીય સુમિત્રા દેવીએ પુત્ર પરમવીર (45) અને પૌત્ર ઉદય (14) પર જ્વલનશીલ પદાર્થ છાંટી આગ ચાંપી દીધી. બાદમાં વૃદ્ધાએ ઝાડ પર લટકીને આપઘાત કર્યો. દાઝી ગયેલા પિતા-પુત્ર હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પોલીસે તપાસ હાથ ધરી છે. ઉત્તર પ્રદેશના મેરઠમાં પેન્શનના પૈસા અને નવા મોબાઈલ ફોનને લઈને એક હચમચાવી મૂકતો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક 65 વર્ષની વૃદ્ધ મહિલાએ પોતાના જ દીકરા અને પૌત્ર પર જ્વલનશીલ પદાર્થ નાખીને આગ ચાંપી દીધી. ત્યારબાદ વૃદ્ધ માતાએ ગામમાં એક ઝાડ પર લટકીને આપઘાત કરી લીધો.પોલીસ પાસેથી મળેલી માહિતી પ્રમાણે ફલાવદાના દાદુપુર ગામની રહેવાસી વૃદ્ધા સુમિત્રા દેવીના પરિવારમાં પેન્શનના પૈસાને લઈને અવારનવાર ઝઘડા થતા હતા. શનિવારની રાત્રે પણ પેન્શનના પૈસા અને તેમના 14 વર્ષના પૌત્ર ઉદય માટે નવો મોબાઈલ ફોન ખરીદવાની વાતને લઈને બોલાચાલી થઈ ગઈ હતી.આરોપ છે કે બોલાચાલી દરમિયાન ગુસ્સામાં આવીને સુમિત્રા દેવીએ જ્વલનશીલ પદાર્થ કાઢીને પોતાના દીકરા પરમવીર (45) અને પૌત્ર ઉદય (14) પર છાંટી દીધો અને આગ ચાંપી દીધી. આ આગની ચપેટમાં આવવાથી બંને ગંભીર રીતે દાઝી ગયા હતા.ચીસાચીસ સાંભળીને પહોંચેલા આસપાસના લોકો અને પરિવારજનોએ જેમ-તેમ કરીને આગ ઓલવી અને બંનેને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડ્યા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. પરંતુ આ ઘટનાને અંજામ આપ્યા બાદ સુમિત્રા દેવી સ્થળ પરથી જતા રહ્યા હતા. બાદમાં ગામના જ એક ઝાડ પરથી તેમની લાશ લટકતી મળી આવી.ઘટનાની જાણ થતાં જ ફલાવદા પોલીસ સ્ટેશનની પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. આ સાથે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)ની ટીમે પણ ઘટનાસ્થળની મુલાકાત લીધી અને પુરાવા એકઠા કર્યા હતા. પોલીસે મૃતક મહિલાના મૃતદેહને કબજામાં લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે.

## શશી થરુરનો દીકરો અકળાયો, હનુમાનજી વિરુદ્ધ બોલનારા અમેરિકનને બરાબરનો તતડાવ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા 21



કેરળના કોંગ્રેસ સાંસદ શશી થરૂરના દીકરા ઈશાન થરૂરે હિંદુ ધર્મ વિરુદ્ધ ટિપ્પણી કરવા બદલ એક અમેરિકનને સોશિયલ મીડિયા પર બરાબરનો તતડાવ્યો. એક યુઝરે હનુમાનજીની પ્રતિમા તોડી પાડવાની વાત કરતા, ઈશાને ભારતમાં ખ્રિસ્તી ધર્મના 1500 વર્ષથી વધુ જૂના ઈતિહાસના આંકડા રજૂ કરીને તેને જડબાતોડ જવાબ આપ્યો. ઈશાન અમેરિકામાં પત્રકાર છે.કેરળના કોંગ્રેસ સાંસદ શશી થરૂરના દીકરા ઈશાને હિંદુ ધર્મ વિરુદ્ધ ટિપ્પણી કરવા બદલ એક અમેરિકનને બરાબરનો તતડાવ્યો. તેમણે ઈતિહાસના આંકડા રજૂ કરીને જણાવ્યું કે અમેરિકામાં ખ્રિસ્તી ધર્મ આવ્યો તેના સેંકડો વર્ષો પહેલા જ ભારતમાં તેનો પ્રવેશ થઈ ચૂક્યો હતો. વાસ્તવમાં સોશિયલ મીડિયા પર હનુમાનજીની પ્રતિમા શેર કરીને એક યુઝર તેને તોડી પાડવાની વાત કરી રહ્યો હતો.એશિયન કમ્યુનિટીમાં જોડાઓજેસી હ્યુ નામના એક સોશિયલ મીડિયા યુઝરે હનુમાનજીની પ્રતિમાની તસવીર શેર કરી હતી. આ સાથે જ લખ્યું હતું કે, 'જ્યારે આપણે જીતીશું, ત્યારે આને તોડી પાડવાના છીએ.' આના પર ઈશાન થરૂરે જવાબ આપ્યો, 'ખબર નથી કે, આ મૂર્ખને એ ખબર છે કે નહીં કે ભારતમાં ખ્રિસ્તી ધર્મ, અમેરિકામાં ખ્રિસ્તી ધર્મ આવ્યાના 1500 વર્ષથી પણ વધુ સમય પહેલા આવી ગયો હતો. ભારતમાં હજારો ચર્ચ છે. છતાં અમેરિકા હનુમાનજીની એક મૂર્તિ પણ સહન નથી કરી શકતું? દરેક જગ્યાએ ધાર્મિક રાષ્ટ્રવાદીઓ જ દુનિયાના સૌથી નબળા અને ઓછું આત્મસન્માન ધરાવતા લોકો હોય છે.'મીડિયા રિપોર્ટ પ્રમાણે વર્ષ 1984માં જન્મેલા ઈશાન અમેરિકામાં પત્રકાર છે. તેમનો જન્મ સિંગાપુરમાં થયો હતો. તેમના જોડિયા ભાઈનું નામ કનિષ્ક છે. તેઓ કેરળના તિરુવનંતપુરમથી કોંગ્રેસ સાંસદ શશી થરૂરના દીકરા છે. તેઓ મુખ્યત્વે આંતરરાષ્ટ્રીય બાબતો અને વૈશ્વિક રાજકારણ સાથે જોડાયેલા મુદ્દાઓ પર લખતા રહ્યા છે. તાજેતરમાં વોશિંગ્ટન પોસ્ટમાં છટણી બાદ તેઓ ચર્ચામાં આવ્યા હતા. રિપોર્ટ પ્રમાણે વર્ષ 2026માં સંસ્થા સાથે શરૂઆત કરનારા ઈશાન 'ગ્લોબલ નોટ્સ' નામે એક ઈન્ટરનેશનલ પોલિટિક્સ કોલમ લખે છે. આ પહેલા તેઓ લગભગ 1 દાયકા સુધી વોશિંગ્ટન પોસ્ટમાં રહ્યા અને 'વર્લ્ડ વ્યુ' કોલમ લખતા રહ્યા. વર્ષ 2021માં અમેરિકન એકેડેમી ઓફ ડિપ્લોમસીએ તેમને 'આર્થર રોસ મીડિયા એવોર્ડ ફોર કોમેન્ટ્રી'થી નવાજ્યા હતા.2024માં તેમને 'ટેડ સોરેન્સન એવોર્ડ' મળ્યો. આ સાથે જ તેઓ કાઉન્સિલ ઓન ફોરેન રિલેશન્સમાં 2026-27 એડવર્ડ આર મુરો પ્રેસ ફેલો છે. આ પહેલા તેઓ 8 વર્ષ સુધી 'ટાઈમ'માં સિનિયર એડિટર અને સંવાદદાતા રહ્યા હતા. તેમણે સિંગાપુર અને ન્યૂયોર્કમાં સંસ્થા માટે કામ કર્યું છે.

### 8 લાખ કર્મચારીઓ અને પેન્શનર્સને મળશે સીધો લાભ

## આ રાજ્યમાં કર્મચારીઓને દિવાળી પહેલા જ મોટી ભેટ, મોંઘવારી ભથ્થામાં 8%નો વધારો

(એજન્સી) નવી દિલ્હી | તા 21



પંજાબ સરકારે દિવાળી પૂર્વે 8 લાખથી વધુ કર્મચારીઓ અને પેન્શનરોને મોટી ભેટ આપી છે. ભગવંત માન સરકારે મોંઘવારી ભથ્થામાં 8% નો વધારો જાહેર કર્યો છે, જે 1 ઓક્ટોબરથી લાગુ પડશે. આ નિર્ણયથી કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું 50% થશે. જોકે, 14,191 કરોડના જૂના બાકી ભથ્થાનો વિવાદ સુપ્રીમ કોર્ટમાં યથાવત છે.તહેવારી સિઝન પહેલાં પંજાબની ભગવંત માન સરકારે રાજ્યના અંદાજે 8 લાખથી વધુ સરકારી કર્મચારીઓ અને પેન્શનરોને મોટી દિવાળી ભેટ આપી છે. સરકારે કર્મચારીઓના મોંઘવારી ભથ્થા એટલે કે ડીએ અને પેન્શનરોની મોંઘવારી રાહતમાં 8 ટકાનો મોટો વધારો કરવાની જાહેરાત કરી છે. આ નવો વધારો આગામી મહિનાની પહેલી તારીખ એટલે કે 1 ઓક્ટોબરથી અમલમાં આવશે. જેના કારણે રાજ્યભરના કર્મચારીઓમાં ખુશીની લહેર દોડી ગઈ છે.

મુખ્ય પ્રધાન ભગવંત માને ગત શુક્રવારે વિવિધ કર્મચારી અને પેન્શનર સંગઠનોના પ્રતિનિધિઓ સાથે એક અત્યંત મહત્ત્વપૂર્ણ બેઠક યોજી હતી, ત્યારબાદ આ મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આ 8 ટકાના વધારા બાદ કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું વધીને 50 ટકા પર પહોંચી જશે. લાંબા સમયથી કર્મચારીઓ દ્વારા પોતાના લંબિત ભથ્થા અને અન્ય સેવાકીય માંગણીઓને લઈને વિરોધ પ્રદર્શનો કરવામાં આવી રહ્યા હતા, જેને ધ્યાનમાં રાખીને સરકારે આ પગલું ભર્યું છે.પંજાબ રાજ્ય મંત્રીસેવા સંઘના અધ્યક્ષ ગુરનામ સિંહ વિર્કે વિગતવાર માહિતી આપતા જણાવ્યું છે કે મોંઘવારી ભથ્થામાં કરવામાં આવેલો આ વધારો આગામી 1 ઓક્ટોબરથી લાગુ થશે. સરકાર દ્વારા આ પેમેન્ટ ચાર-ચાર ટકાના આધારે બે અલગ-અલગ હપ્તામાં ચૂકવવામાં આવશે. સરકારના આ નિર્ણયથી તહેવારોના દિવસોમાં સરકારી કર્મચારીઓ, પેન્શનરો અને તેમના પરિવારોને મોટી આર્થિક રાહત અને સહાય મળશે. રાજ્ય સરકારે કર્મચારી પ્રતિનિધિઓને અન્ય લંબિત પ્રશ્નો પર પણ ચર્ચા કરવાનું આશ્વાસન આપ્યું છે. એક તરફ સરકારે ડીએ વધારાની મોટી જાહેરાત કરી છે, તો બીજી તરફ કર્મચારીઓ અને પેન્શનરોના 14,191 કરોડ રૂપિયાના બકાયા ચૂકવણીનો ગંભીર વિવાદ હજુ પણ યથાવત છે. કર્મચારીઓ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના તે આદેશનું કડક પાલન કરવાની માંગ કરી રહ્યા છે, જેમાં સરકારને 2 અઠવાડિયામાં બકાયા રકમ ચૂકવવાનો આદેશ અપાયો હતો. જોકે, રાજ્ય સરકારે આર્થિક સ્થિતિ અને મર્યાદાઓનું કારણ આપીને આ આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે.

## ઇડર હાઇવે પર સ્કોર્પિયોએ 12 જેટલા પદયાત્રીઓને ઉડાવ્યા

સાબરકાંઠા | સાબરકાંઠા જિલ્લાના ઇડર-હિંમતનગર સ્ટેટ હાઈવે પર અંબાજી ભાદરવી પૂનમના મેળામાં જઈ રહેલા માઈભક્તો માટે કાળમુખો અકસ્માત સર્જાયો છે. પદયાત્રીઓની સુવિધા અને સુરક્ષા માટે તંત્ર દ્વારા હિંમતનગર થી ખેરોજ સુધીનો 110 કિલોમીટરનો હાઈવે વન-વે કરવામાં આવ્યો છે, જેમાં એક માર્ગ માત્ર અને માત્ર પદયાત્રીઓ માટે જ અનામત રખાયો છે. આ કડક વ્યવસ્થા છતાં, હિંમતનગરના દોલગઢ નજીક એક બેફામ સ્કોર્પિયો કાર ચાલકે પદયાત્રીઓ માટેના અનામત માર્ગમાં કાર ઘૂસાડી દીધી હતી અને ચાલીને જતા પદયાત્રીઓને જોરદાર ટક્કર મારી હવામાં ફંગોળી દીધા હતા.


# સિટી એક્સપ્રેસ

TUESDAY 22 SEPTEMBER-2026

AHMEDABAD


## મહીસાગરના કડાણા ડેમ 70% ભરાયો

અમદાવાદ | મહીસાગર જિલ્લાના મુખ્ય જળાશય કડાણા ડેમમાં ઉપરવાસમાંથી પાણીની સતત આવક થવાના કારણે ડેમની જળસપાટીમાં નોંધપાત્ર વધારો થયો છે. કડાણા ડેમ 70 ટકા જેટલો ભરાઈ જતાં મધ્ય અને ઉત્તર ગુજરાતના 7 જિલ્લાના ખેડૂતોમાં આનંદની લહેર ફરી વળી છે. લાંબા સમયથી સિંચાઈના પાણીની રાહ જોઈ રહેલા ખેડૂતો માટે આ મેઘમહેર સંકટમોચક સાબિત થઈ છે અને આવનારા રવિ પાક માટે પણ આશાસંચાર થયો છે. ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે કડાણા ડેમમાં હાલ પ્રતિસેકન્ડ 6,500 ક્યુસેક પાણીની આવક નોંધાઈ રહી છે.



### UPI પેમેન્ટ પર ચાર્જ લાગુ થાય તે પહેલા જ વેપારીઓમાં સળવળાટ, કાપડ વેપારીઓએ બિલ પરથી ક્યુઆર કોડ દૂર કર્યા

# 'ચાર્જ દૂર નહીં થાય તો કેશ અને ચેકથી જ વ્યવહાર

અમદાવાદ | 15 ઓક્ટોબરથી UPI પેમેન્ટમાં મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. રૂ. 2000થી વધુના મર્ચન્ટ ટ્રાન્જેક્શન પર 0.4% MDR (મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ) લાગુ થશે. સરકારના આ નિર્ણયના કારણે વેપારીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે અને ફરી કેશ અને ચેકના વ્યવહાર તરફ આગળ વધવાની વાત કરી રહ્યા છે.

વેપારીઓએ કહ્યું- જે 2,000 રૂપિયાની લિમિટ રાખવામાં આવી છે તેને વધારીને 50,000 કે 1,00,000 કરવી જોઈએ. પહેલા વેપારીઓ અને લોકોને UPI માટે પ્રોત્સાહિત કર્યા અને હવે ચાર્જ લગાવવો ખોટી વાત છે. સરકારના આ નિર્ણયને લઈ અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટના વેપારીઓ સાથે ભાસ્કરે વાતચીત કરી.

સરકારના કેશલેસ ઈકોનોમીના અભિયાન બાદ સુરતના લગભગ 70000 જેટલા કાપડ વેપારીઓ અને ટ્રેડર્સ ડિજિટલ પેમેન્ટ તરફ વળ્યા હતા. અત્યાર સુધી નાના-મોટા વેપારીઓ 5000 થી 20000 રૂપિયાનો માલ ખરીદતા અને ઈન્સ્ટન્ટ UPIથી પેમેન્ટ કરતા, જેનાથી માલ તરત જ પેક થઈ જતો હતો. પરંતુ હવે UPI ચાર્જથી બચવા માટે પેમેન્ટ ચેકથી સ્વીકારવામાં આવશે. ચેક ક્લિયર થવામાં 3 થી 4 દિવસનો સમય લાગતો હોવાથી વેપારમાં ઢીલાશ આવશે અને બહારગામના વેપારીઓના માલની ડિલિવરીમાં પણ વિલંબ થશે.

કાપડ વેપારી રંગનાથ શારદાએ આ 0.4% ચાર્જની ગણિત સમજાવતા કહ્યું કે, 'આ ચાર્જની અસર સીધી કપડાની પડતર કિંમત પર પડશે. કારણ કે કાપડ બનવાના દરેક તબક્કે 0.4% ચાર્જ લાગશે. અમે વર્કવાળાને, ગ્રે વાળાને, મિલ વાળાને અને પાર્ટીને પેમેન્ટ આપીશું, ત્યારબાદ સેમી હોલસેલથી લઈને રિટેલ સુધી દરેક જગ્યાએ ચાર્જ લાગશે. આમ, આજના સમયમાં કપડા પર 2 થી 2.5% માર્જિન આપોઆપ જોડાઈ જશે, જેના કારણે કાપડ મોંઘુ થશે અને વેચાણ ઘટશે.'

વેપારી સંજય અગ્રવાલે સરકારને અપીલ કરતા જણાવ્યું છે કે, 'આ નિર્ણયની સીધી અસર નાના વેપારીઓ પર પડશે. 90% લોકો અત્યારે કેશલેસ સિસ્ટમમાં જોડાઈ ગયા છે. પરંતુ જો UPI પર ફરીથી ટેક્સ લાગશે, તો લોકો પાછા કેશ અને પેપર પદ્ધતિ તરફ વળી જશે.

અમદાવાદના આઈ.એચ જ્વેલર્સના મેનેજર જીતેશ વ્યાસે જણાવ્યું હતું કે, સરકારે UPI માટે 15 ઓક્ટોબરથી નવા નિયમો લાગુ કરવાની જાહેરાત કરી છે. 2 હજાર કરતા વધુ ટ્રાન્ઝેક્શન પર 0.04 ટકા MDR દર લાગુ કરવામાં આવશે. મલ્ટીપલ લેવલે જોવા જઈએ તો ટ્રાન્જેક્શન ચાર્જ વધી જતો હોય છે. જેથી તેની અસર ચોક્કસથી થવાની છે. જ્વેલર્સના તમામ લોકોએ થોડી નેગેટિવ અસર જોવા મળવાની છે. ગ્રાહકો સાથે હવે બેંક થ્રુ કે અન્ય કઈ રીતે ટ્રાન્જેક્શન કરાવવા તેને લઈને વિચાર કરીશું.

ફૂટવેર મર્ચેન્ટ એસોસિએશનના સેક્રેટરી અને વડોદરા વેપાર વિકાસ એસોસિએશનના કન્વીનર ભરત ચૌહાણે કે, અમે વેપારી વિકાસ એસોસિએશન તરીકે સરકારના આ નિર્ણયનો વિરોધ કરીએ છીએ. સરકારે 2,000 રૂપિયાથી ઉપરના UPI ટ્રાન્ઝેક્શન પર ચાર્જ લેવાની વાત કરી છે, પરંતુ આજે 2,000 રૂપિયાની મર્યાદા ખૂબ જ સામાન્ય થઈ ગઈ છે. આજે તેલનો ડબ્બો કે બૂટની બે જોડી જેવી સામાન્ય વસ્તુઓ ખરીદવા જઈએ તો પણ 2,500નું બિલ થઈ જાય છે. આવા સંજોગોમાં ગ્રાહક વધારાનો ચાર્જ આપવાની ના પાડે, તો એ બોજ વેપારીએ પોતે સહન કરવો પડે છે.

વડોદરા શહેર શાળા સંચાલક મહામંડળના મંત્રી હર્ષલ અમીને જણાવ્યું કે, અમારી શાળાઓમાં પણ કોવિડ પછીના સમયમાં કેશલેસ ટ્રાન્ઝેક્શન થઈ રહ્યા છે. UPI દ્વારા ઘણી બધી શાળાઓ ફી સ્વીકારે છે અને ઘણા વાલીઓની ફી UPI મારફતે જ અમારી પાસે આવી રહી છે. જો સરકાર આમાં ચાર્જીસ લાગુ કરશે તો વાલીઓ પણ વિચારશે અને જો તેઓ આ ચાર્જીસ વહન નહીં કરે તો UPI દ્વારા થઈ રહેલા ટ્રાન્ઝેક્શનમાં નોંધપાત્ર ઘટાડો થશે.જો ચાર્જીસ લાગુ પડે, તો વાલીઓ ડિજિટલ પેમેન્ટને બદલે ફરીથી ચેક અથવા કેશ આપવાનું પસંદ કરશે. શિક્ષણ જેવા સેવાકીય ક્ષેત્રો માટે આ નિર્ણય પર પુનઃવિચારણા કરવી જોઈએ.

રાજકોટનાં ઇગલ પેટ્રોલપંપનાં મોહમ્મદભાઈએ જણાવ્યું હતું કે,અમે ઓનલાઈન સેવા ચાલુ જ રાખી છે અને ચાલુ રાખીશું. 2000 ઉપરના પેમેન્ટ પર ચાર્જ લાગવાનું 15 ઓક્ટોબરથી શરૂ થવાનું છે. જોકે અમે અત્યારે પણ તમામ પ્રકારના પેમેન્ટ ઓનલાઈન સ્વીકારીએ છીએ. અને 15 ઓક્ટોબર બાદ પણ 2000 ઉપરના પેમેન્ટ લેવાનું બંધ કરવાનો કોઈ ઈરાદો નથી. અમે સરકારનાં નિયમો મુજબ ચાર્જ ભરીશું પરંતુ ઓનલાઈન સુવિધા ચાલુ જ રાખવામાં આવશે.

રાજકોટના ટેક્સી સંચાલક ભાવિન રાજગોરે જણાવ્યું કે, હું 15 વર્ષથી ટેક્સીના વ્યવસાય સાથે સંકળાયેલો છું. રાજકોટમાં 1000 જેટલા નાના મોટા ટેક્સી સંચાલકો છે આ તમામને UPI નવા કાયદાથી 100% સીધી અસર પહોંચશે. કારણ કે ટેક્સીની અંદર આખા દેશમાં ઓછામાં ઓછું 300 કિલોમીટર ફિક્સ ભાડું લેવામાં આવે છે અને તેમાં નાનામાં નાની ગાડીનું હાલનું પ્રતિ કિલોમીટર 11 રૂપિયા ભાડું છે. આમ

એક ભાડું ઓછામાં ઓછું 3300 રૂપિયા થાય જે 2000 કરતા ઉપર જ કહેવાય. અને હાલમાં 98% ગ્રાહકો ઓનલાઈન પેમેન્ટ કરી રહ્યા છે તેવા સમયે આ નિર્ણય નાના વેપારીઓ માટે વધુ એક આફત સમાન છે.



### પેટ્રોલપંપને ચાર્જમાંથી મુક્તિ આપવાની માગ

અમદાવાદમાં BPCL ડીલર તનસુખ પરમારે જણાવ્યું કે, UPI પેમેન્ટ અંગે આ પહેલાં આટલી સ્પષ્ટ માહિતી ન હતી. પરંતુ નવા નિયમ મુજબ જો દરરોજના મોટી સંખ્યામાં રૂ. 2000થી વધુના ટ્રાન્ઝેક્શન થાય, તો વેપારીઓ અને પેટ્રોલ પંપ માલિકો પર મોટો આર્થિક બોજ આવી શકે છે.

પેટ્રોલ પંપ બિઝનેસની પરિસ્થિતિ વિશે જણાવ્યું કે, સામાન્ય રીતે કોઈ ગ્રાહક એકસાથે 25,000 કે 30,000નું ઇંધણ પુરાવતો નથી. આથી સરકારે પેટ્રોલ પંપ વ્યવસાયને આ નિયમના દાયરામાંથી છૂટછાટ આપવી જોઈએ અથવા તો માસિક મર્યાદા નક્કી કરવી જોઈએ. જો રૂ.2000ની ટ્રાન્ઝેક્શન લિમિટ વધારીને 50 હજાર કે 1 લાખ સુધી કરવામાં આવે તો નાના અને મોટા વેપારીઓને રાહત મળી શકે છે. નહીંતર આગામી સમયમાં પેટ્રોલ પંપના સંચાલન ખર્ચમાં વધારો થતાં સંચાલકોની મુશ્કેલીઓમાં વધારો થઈ શકે છે.

આ ચાર્જના કારણે વેપારીઓ UPIના વ્યવહાર બંધ કરી દેશે અથવા ઘટાડી દેશે- શૈલેન્દ્ર પંત

સફલ સોલ્યુશન્સ કંપનીના ઓનર શૈલેન્દ્ર પંતે આ અંગે 'દિવ્ય ભાસ્કર' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આ નિર્ણય બિલકુલ યોગ્ય નથી. આજે મોટાભાગના વેપાર અને વ્યવહારો UPIથી જ થઈ રહ્યા છે. ત્યારે 2,000 રૂપિયા જેવી નાની રકમ પર ચાર્જ લગાવવો અયોગ્ય છે. તેમની પોતાની કંપનીમાં મિનિમમ પ્રોડક્ટ 2,000 રૂપિયાનું હોવાથી 0.4% લેખે ચાર્જ ગણીએ તો માર્જિન પર મોટી અસર પડે છે. મોલ, જિયો કે બ્લિંકિટ જેવા પ્લેટફોર્મ્સ પર પણ આ રકમ વેપારીઓ માટે મોટો બોજ બની જશે.

વેપારીઓનું માનવું છે કે આ નવો નિયમ લાગુ થવાથી લોકો ડિજિટલ પેમેન્ટ કરવાનું બંધ કરી દેશે અથવા ઓછું કરી દેશે. આ નિયમની અસર અત્યારથી જ દેખાવાની શરૂ થઈ ગઈ છે, જ્યાં કેટલાક સપ્લાયર્સે ડિજિટલ પેમેન્ટ લેવાની ના પાડીને રોકડમાં પેમેન્ટ માંગવાનું શરૂ કરી દીધું છે. સરકારે ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપ્યું અને તેના કારણે જ દેશની ઈકોનોમીમાં ટ્રાન્ઝેક્શન્સ વધ્યા હતા, પરંતુ આ પ્રકારે ચાર્જ લાદવાથી ડિજિટલ ઈન્ડિયાના અભિયાન પર વિપરીત અસર પડશે અને લોકો ફરી કેશ તરફ વળશે.

# પશ્ચિમ રેલવે દ્વારા ચાર જોડી વિશેષ ટ્રેનોના સંચાલન સમયગાળામાં વિસ્તરણ

અમદાવાદ | પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા તેમજ આગામી તહેવારોની સિઝન દરમિયાન મુસાફરોની વધારાની ભીડને સમાવી લેવા માટે અમદાવાદ મંડળમાંથી દોડતી/પસાર થતી ચાર જોડી વિશેષ ટ્રેનોના ફેરા લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેનોના વધારાના ફેરાની વિગતો નીચે મુજબ છે:* ટ્રેન નંબર 09037 બાંદ્રા ટર્મિનસ-ભુજ સ્પેશિયલના વધારાના ફેરા 1 ઓક્ટોબરથી 28 નવેમ્બર, 2026 સુધી દર ગુરુવાર અને શનિવારે ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09038 ભુજ-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલના વધારાના ફેરા 2 ઓક્ટોબરથી 29 નવેમ્બર, 2026 સુધી દર શુક્રવાર અને રવિવારે ચાલશે.* ટ્રેન નંબર 09009 બાંદ્રા ટર્મિનસ-ભુજ સ્પેશિયલના વધારાના ફેરા 4 ઓક્ટોબરથી 29 નવેમ્બર, 2026 સુધી દર રવિવારે ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09010 ભુજ-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલના વધારાના ફેરા 5 ઓક્ટોબરથી 30 નવેમ્બર, 2026 સુધી દર સોમવારે ચાલશે.* ટ્રેન નંબર 09011 બાંદ્રા ટર્મિનસ-ભુજ સ્પેશિયલના વધારાના ફેરા 6 ઓક્ટોબરથી 24 નવેમ્બર, 2026 સુધી દર મંગળવારે ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09012 ભુજ-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલના વધારાના ફેરા 7 ઓક્ટોબરથી 25 નવેમ્બર, 2026 સુધી દર બુધવારે ચાલશે.* ટ્રેન નંબર 09017 બાંદ્રા ટર્મિનસ-વેરાવળ સ્પેશિયલના વધારાના ફેરા 4 ઓક્ટોબરથી 29 નવેમ્બર, 2026 સુધી દર રવિવારે ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09018 વેરાવળ-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલના વધારાના ફેરા 5 ઓક્ટોબરથી 30 નવેમ્બર, 2026 સુધી દર સોમવારે ચાલશે.ટ્રેન નંબર 09037, 09038, 09009, 09010, 09011, 09012, 09017 અને 09018ના વિસ્તૃત ફેરાની બુકિંગ 23.09.2026 થી તમામ પીઆરએસ કાઉન્ટરો તેમજ આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સમય, સ્ટોપેજ તથા રેક સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in વેબસાઈટ પર જઈને માહિતી મેળવી શકે છે.

## નવરાત્રિમાં 'રેન્ટ અ ગરબા પાર્ટનર'ના નામે ઠગાઈનો નવો કીમિયો

અમદાવાદ | જેમ-જેમ ટૅક્નોલૉજી અદ્યતન બની રહી છે, તેમ-તેમ સાયબર ઠગો પણ લોકોને ફસાવવા માટે અવનવા કીમિયા અપનાવી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી સોશિયલ મીડિયાની ફીડમાં 'નવરાત્રિમાં ગરબા રમવા માટે મેલ-ફિમેલ પાર્ટનર રેન્ટ પર મળશે' તેવી રીલ્સ અને પોસ્ટ્સ વાઈરલ થઈ રહી છે. જો તમે પણ આ લોભામણી જાહેરાતો જોઈને પાર્ટનર હાયર કરવાનું વિચારી રહ્યા હોવ, તો સાવધાન થઈ જજો! ભાડે પાર્ટનર શોધવાના ચક્કરમાં તમે સાયબર ફ્રોડ કે અન્ય ગુનાનો શિકાર બની શકો છો. આ બાબતને ગંભીરતાથી લઈને અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચ એક્શનમાં આવી છે અને સોશિયલ મીડિયા પર આવી પોસ્ટ્સ તથા રીલ્સ પર કડક વોચ રાખી રહી છે. સાથે જ લોકો આ નવા સ્કેમનો ભોગ ન બને તે માટે સાયબર ક્રાઈમ દ્વારા ખાસ અપીલ કરવામાં આવી છે. અમદાવાદ સાયબર ક્રાઈમની સોશિયલ મીડિયા મોનિટરિંગ ટીમ હાલ વાયરલ થઈ રહેલા 'Rent a Garba Partner' ટ્રેન્ડ પર સતત નજર રાખી રહી છે. ખાસ કરીને અમદાવાદ, સુરત અને મુંબઈના યુઝર્સ દ્વારા આવી પોસ્ટ્સ વધુ શેર થઈ રહી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી.



## નિકોલના ભક્તિ સર્કલ પાસે મુખ્ય રોડ વચ્ચે ભુવો પડ્યો

અમદાવાદ | સ્માર્ટ સીટી અમદાવાદમાં હવે રોડ ગમે ત્યારે બેસી જાય અથવા ખાડો પડી જાય તેવી સ્થિતિ છે. શહેરના પૂર્વ વિસ્તારમાં નિકોલના ભક્તિ સર્કલ મુખ્ય રોડ ઉપર ખાડો પડી ગયો છે. રોડની નીચેથી પાણીની પાઈપલાઈન પસાર થાય છે. જે તૂટી ગઈ અને રોડ પર મસમોટો ભુવો પડ્યો છે. સ્થાનિક લોકોએ આ બાબતે મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્રને જાણ કરી હતી. કોર્પોરેશન દ્વારા તાત્કાલિક ધોરણે આસપાસમાં બેરિકેડ લગાવી દીધા હતા. પૂર્વ વિસ્તારમાં ફરી એકવાર રોડ બેસી જવાની ઘટના બની છે. નિકોલના ભક્તિ સર્કલ પાસે આજે 21 સપ્ટેમ્બરે વહેલી સવારે અચાનક જ રોડની નીચેથી પસાર થતી પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાયું હતું અને તેના કારણે રોડ બેસી ગયો હતો. મુખ્ય રોડ પર જ આ ભુવો પડ્યો હતો. કોઈ વ્યક્તિ કે વાહન તેમાં ન પડે તેના માટે આસપાસમાં બેરિકેડ લગાવી દેવામાં આવેલા હતા. ત્યારબાદ તંત્ર દ્વારા તેના રીપેરીંગની કામગીરી શરૂ કરવામાં આવશે.

## મુંબઈ BMW અકસ્માતમાં અમદાવાદના ગજ્જર પરિવારે એકનો એક પુત્ર ગુમાવ્યો

અમદાવાદ | મુંબઈના કોસ્ટલ રોડ પર રવિવારે સવારે લગભગ 5:20 વાગ્યે ઝડપી ગતિએ દોડતી BMW ફ્લાયઓવર પરથી આશરે 75 ફૂટ નીચે જઈ પડી. અકસ્માતમાં કારમાં સવાર ત્રણ યુવકોનાં મોત થયા હતા. જેમાં કાર ચલાવનારો યુવક શનાય ગજ્જર અમદાવાદનો છે. તે મુંબઈમાં અભ્યાસ કરતો હતો અને પરિવારનો એકનો એક દીકરો હતો.

શનાય ગજ્જરનું ઘર નવરંગપુરાની સ્વસ્તિક સોસાયટીમાં, SP સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન નજીક સામવેદ હોસ્પિટલની સામે આવેલું છે. દિવ્ય ભાસ્કર જ્યારે સોસાયટીમાં પહોંચ્યું ત્યારે શનાયના પરિવારના ઘરે આસપાસ શોકનો માહોલ જોવા મળ્યો હતો. સોસાયટીમાં અંદાજે 20થી 25 જેટલી મહિલાઓ ખુરશીઓ પર બેઠેલી જોવા મળી હતી, જ્યારે કોઈ પુરુષ નજરે પડ્યો નહોતો. પરિવારના સભ્યો મુંબઈ ગયા હોવાની સ્થિતિમાં સોસાયટીમાં મહિલાઓ ઘણી આઘાતમાં બેઠેલી જોવા મળી હતી.

અકસ્માતમાં શનાય ઉપરાંત ધૈર્ય શેઠ અને આદિત્ય જાકસણિયાનું પણ મોત થયું છે, જ્યારે અન્ય એક યુવક સારવાર હેઠળ છે. શનાયના પિતા અને પરિવારના અન્ય પુરુષો પણ પુત્રના મૃતદેહની કાર્યવાહી માટે મુંબઈ ગયા હોવાનું જાણવા મળ્યું હતું.

### ભાદરવી પૂનમ મહામેળાને લઈ STની 6000 એક્સ્ટ્રા બસ દોડશે

# 30 હજાર એક્સ્ટ્રા ટ્રીપનું આયોજન, હર્ષ સંઘવીએ અમદાવાદથી નવી 180 બસને લીલીઝંડી આપી

અમદાવાદ | અંબાજીમાં ભાદરવી પૂનમના મહામેળામાં યાત્રાળુઓની વધતી ભીડને ધ્યાનમાં રાખી એસ.ટી. નિગમ દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. 26 સપ્ટેમ્બર દરમિયાન અંબાજીની 6000 એક્સ્ટ્રા બસ મારફતે 30 હજાર એક્સ્ટ્રા ટ્રીપનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે 21 સપ્ટેમ્બરે અમદાવાદના ગીતા મંદિર બસપોર્ટના ટર્મિનલ ટુથી 180 નવી બસને લીલીઝંડી આપી હતી.



ભાદરવી પૂનમના મેળા દરમિયાન યાત્રાળુઓને પોતાના વતનથી અંબાજી આવવા-જવા તેમજ અંબાજીથી ગબ્બર અને આબુ રોડ સહિતના સ્થાનિક વિસ્તારોમાં સરળ અને સલામત પરિવહન મળી રહે તે માટે વધારાની બસોનું સંચાલન કરાશે. પાલનપુર, હિંમતનગર, મહેસાણા અને અમદાવાદ એમ ચાર વિભાગના 4000 અધિકારી, સુપરવાઈઝર, ડ્રાઈવર, કંડક્ટર અને મિકેનિક સ્ટાફ 24 કલાક ફરજ પર તૈનાત રહેશે. અંબાજીમાં 10 બુથ પરથી એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે. ગબ્બરથી અંબાજી RTO સુધી 18 બસો, જેમાં 10 નાની અને 8 મોટી બસોનો સમાવેશ થાય છે. જ્યારે આબુ રોડથી અંબાજી માટે 10 મોટી બસની વ્યવસ્થા કરાઈ છે. મુખ્ય રૂટમાં અંબાજી-ગબ્બર, આબુ રોડ, દાંતા, ડીસા, પાલનપુર, સિદ્ધપુર, મહેસાણા, વિસનગર, બેચરાજી, વડનગર, ખેરાલુ, હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, અમદાવાદ, શામળાજી અને વિરોડા સહિતના રૂટનો સમાવેશ થાય છે. ત્યારે અમદાવાદથી અંબાજી સુધીનું ભાડું અંદાજે 114 રૂપિયા છે. મેળા દરમિયાન હંગામી પેસેન્જર શેડ, પીવાના પાણી અને જાહેર શૌચાલયની સુવિધા, સતત માઈક એનાઉન્સમેન્ટ, દરેક બુથ પર બુથ ઈન્ચાર્જનો મોબાઈલ સંપર્ક, ક્રેન અને મિકેનિકની વ્યવસ્થા કરવામાં આવી છે. ઉપરાંત એમ્બ્યુલન્સ તથા ડેપો ખાતે ફાયર ફાઈટરની વ્યવસ્થા અને બેનર-હોર્ડિંગ્સ દ્વારા યાત્રાળુઓને માર્ગદર્શન આપવામાં આવશે. તમામ વાહનોનું 24 કલાક GPS મારફતે મોનિટરિંગ કરવા કંટ્રોલ રૂમ પણ કાર્યરત રહેશે. આ અંગે રાજ્ય વાહન વ્યવહાર અને પર્યાવરણમંત્રી પ્રવીણ માળીએ જણાવ્યું કે, દર વખતે મા અંબાના ચરણોમાં દર્શન કરવા જતા ભક્તો માટે GSRTC દ્વારા ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવે છે.

# સોમનાથ મંદિર, કોબા કમલમને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી : ખાલિસ્તાન'નો મેઈલમાં ઉલ્લેખ, પંજાબ પોલીસને મેઈલ મળ્યા બાદ ગુજરાત પોલીસને જાણ કરી

અમદાવાદ | ગુજરાતને ફરી એકવાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ખળભળાટ મચ્યો છે. કોઈ અજાણ્યા શખ્સે ઈમેઈલ મારફતે આતંકી ધમકી આપી છે. ધમકીભર્યા ઈમેઈલની શરૂઆતમાં 'અસલામુ વાલેકુમ, અલ્લાહુ અકબર' લખીને દહેશત ફેલાવવાનો પ્રયાસ કરાયો છે. આ મેઈલ પહેલા પંજાબ પોલીસને મળ્યો હતો. જે બાદ DGP પંજાબે ગુજરાત પોલીસને આ ધમકી ભર્યાં મેઈલની જાણ કરી હતી. ઈમેઈલમાં સોમનાથ મંદિર, CM ભૂપેન્દ્ર પટેલ, ભાજપ સેન્ટ્રલ ઓફિસ, તમામ પોલીસકર્મીઓ અને RAW એજન્સીને નિશાન બનાવવાનો ઉલ્લેખ કરાયો છે. અલગ-અલગ લોકેશન પર અગાઉથી જ બોમ્બ ફીટ કરી દેવામાં આવ્યા હોવાનો ઈમેઈલમાં ચોંકાવનારો દાવો કરાયો છે.ધમકી આપનારે ઝેર ઓકતા હિન્દુસ્તાન મુર્દાબાદ અને ભાજપ મુર્દાબાદ જેવા શબ્દોનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. પત્રમાં આતંકી કનેક્શન છતું કરતા 'પાકિસ્તાન ઝિંદાબાદ અને ખાલિસ્તાન ઝિંદાબાદ'ના નારા પણ લખવામાં



આવ્યા. ઈમેઈલના અંતમાં ફરી અલ્લાહુ અકબર લખાયું હતુ. ધમકી મળતા જ રાજ્યની તમામ સુરક્ષા એજન્સીઓ અને પોલીસ એલર્ટ મોડ પર છે. તપાસનો ધમધમાટ શરૂ કર્યો.ઈમેલ મારફતે ધમકીની અમદાવાદ શહેર પોલીસને જાણ થઈ હતી, જેથી પોલીસ દ્વારા તાત્કાલિક ધોરણે ખાનપુરમાં ભાજપ કાર્યાલય ખાતે પહોંચી અને ચેકિંગ શરૂ કરવામાં આવ્યું છે. ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમો તેમજ બોમ્બ સ્કવોડની ટીમને પણ શહેર ભાજપ કાર્યાલય પર રવાના કરવામાં આવી છે. મેયર હિતેશ બારોટ અને શહેર મહામંત્રી ઉમંગભાઈ નાયક હાલમાં શહેર ભાજપ કાર્યાલય ખાતે પહોંચ્યા છે. અમદાવાદના શાહપુર પોલીસ સ્ટેશનના PI પી.બી ખાંભલાએ જણાવ્યું હતું કે, બોમ્બની ધમકીનો ઈમેઈલ મળતા ચેકીંગ કરવામાં આવ્યું હતું. બોમ્બ સ્કોડ અને ડોગ સ્કોડ સાથે રાખીને તપાસ કરવામાં આવી હતી. પરંતુ કઈ પણ શંકાસ્પદ મળી આવ્યું નથી. આ અગાઉ 10 સપ્ટેમ્બરે જ વિધાનસભા, ગાંધીનગર કોર્ટ અને અમદાવાદની સ્કૂલનો બોમ્બથી ઉડાવવાની ધમકી મળી હતી.ગુજરાતને મળેલા ધમકીભર્યા ઈમેલ મામલો વધુ માહિતી સામે આવી છે. ધમકી ભર્યો ઈમેઈલ પંજાબ પોલીસને મળ્યો હતો. પંજાબ પોલીસે ગુજરાત પોલીસને ઈમેલથી જાણ કરી હતી. એટલે કે DGP પંજાબ દ્વારા ગુજરાત પોલીસને ધમકીના મેઈલની માહિતી આપવામાં આવી હતી. જે ઈમેલમાં ★ કરી વિવિધ જગ્યાએ બોમ્બથી ઉડાવી દેવાની ધમકીનો ઉલ્લેખ કર્યો હતો.

# 'તું મળીશ નહિ તો હું ઝેર પીને આપઘાત કરી લઈશ' : મેસેજ કરીને બીભત્સ માગણી કરતો

અમદાવાદ | અમદાવાદના મેમકો પાસે રહેતી મહિલા વકીલને એક તરફી પ્રેમમાં પાગલ યુવક 12 વર્ષથી હેરાન કરતો હતો. તેમજ 'મળીશ નહિ તો હું ઝેર પીને અથવા ટ્રેન નીચે આવીને આપઘાત કરી લઈશ' તેવી ઈમેઈલમાં ધમકી આપીને બીભત્સ માગણી કરી લગ્ન માટે દબાણ કરતો હતો. કંટાળીને મહિલા વકીલે યુવક સામે શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. મેમકો પાસે રહેતી 36 વર્ષીય મહિલા વકીલાત કરે છે. 12 વર્ષ પહેલા તે રિલીફ રોડ આવેલ કંપનીમાં નોકરી કરતી હતી ત્યારે મેમકો પાસે આવેલ રાજીવ ગાંધી ભવન પાસેથી શટલરીક્ષામાં નોકરી પર જતી હતી. આ દરમ્યાન એક શખ્સ રોજ રીક્ષામાં આવીને મહિલા વકીલ સાથે બેસતો હતો અને વાત કરવા પ્રયાસ કરતો હતો. બાદમાં શખ્સે નંબર પણ માંગ્યો હતો. જેથી તે સમયે મહિલા વકીલે શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી. પોલીસે કાર્યવાહી કરતા શખ્સનું નામ દિપક પંચાલ હોવાનું સામે આવ્યું હતું.




ગત 25 જુલાઈએ દીપકે ઈમેઈલ દ્વારા મહિલા વકીલને મેસેજ કરવા લાગ્યો હતો અને બીભત્સ માંગણી કરીને અવારનવાર લગ્ન કરવા દબાણ કરતો હતો. આટલું જ નહીં પીછો કરીને હેરાન કરીને તું મને મળીશ નહિ તો હું રેલવે ટ્રેક અને ઝેર પીને આપઘાત કરી લઈશ તેવી ધમકી આપવા લાગ્યો હતો. કંટાળીને મહિલા વકીલે દિપક સામે શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...